શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

શ્રી વિજયનીતિસૂરીશ્વર સદ્ગુરૂભ્યો નમઃ

શ્રી

# મનોહર વિમલ માલા
# પ્રાચીન સ્તવન-સજ્ઝાયાદિ

—સંગ્રહ—

卐

પૂજ્યપાદ વયોવૃદ્ધ સાધ્વીજી મહારાજ લાભશ્રીજી મહારાજના શાન્તશિષ્યા શ્રી ખાન્તીશ્રીજી મહારાજના ગુરૂભકત શિષ્યા મનોહરશ્રીજી મહારાજના ભકિતવત્સલ શિષ્યા વિમલશ્રીજી મહારાજના સદુપદેશથી

—છપાવી પ્રસિદ્ધ કર્તા—

મહેતા હર્ષદકુમાર નાગરદાસ

દોશીવાડાની પોળ—અમદાવાદ.

વીર સંવત ૨૪૭૯ વિક્રમ સં. ૨૦૦૮

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

શ્રી વિજયનીતિસૂરીશ્વર સદ્ગુરૂભ્યો નમઃ

શ્રી

# મનોહર વિમલ માલા

## પ્રાચીન સ્તવન—સજઝાયાદિ

## —સંગ્રહ—

卐

પૂજ્યપાદ વયોવૃદ્ધ સાધ્વીજી મહારાજ લાભશ્રીજી મહારાજના શાન્ત શિષ્યા શ્રી ખાન્તીજી મહારાજના ગુરૂભક્ત શિષ્યા મનોહરશ્રીજી મહારાજના ભક્તિ વત્સલ શિષ્યા વિમલશ્રીજી મહારાજના સદુપદેશથી

—છપાવી પ્રસિદ્ધ કર્તા—

મહેતા હર્ષદકુમાર નાગરદાસ

દોશીવાડાની પોળ—અમદાવાદ

વીર–સં–૨૪૭૯ વિક્રમ. સં. ૨૦૦૯

મુદ્રકઃ ગોવિન્દલાલ મોહનલાલ જાની.

શ્રી કીશા પ્રિન્ટરી. રતનપોળ. અમદાવાદ

## ખાસ વાંચવા લાયક અમૂલ્ય પુસ્તકો


| | |
|---|---|
| વિક્રમાદિત્ય હેમુ ભા-૧ | ૫-૦-૦ |
| ભાગ્યનિર્માણ ( હેમુ ભા. ૨ ) | ૩-૪-૦ |
| દીલ્હીશ્વર ( હેમુ ભા. ૩ ) | ૪-૮-૦ |
| વીરધર્મની વાતો ( ભા. ૧ ) | ૨-૮-૦ |
| ભગવાન મલ્લીનાથ ( ભા. ૨ | ૨-૮-૦ |
| દેવદૂષ્ય ( ભા. ૩ ) | ૨-૮-૦ |
| મલયસુંદરી ( સચિત્ર ) | ૪-૦-૦ |
| મનોહર વિમલ માલા. | ૧-૮-૦ |
| પ્રાચિન સ્તવન સજ્ઝાયાદિ સંગ્રહ | ૫-૦-૦ |
| વિદ્યુલ્લતા સતી ચરિત્ર | ૧-૪-૦ |
| નિધાન સ્તવનાદિ સંગ્રહ | ૧-૦-૦ |
| દેવવંદનમાલા ( જ્ઞાનવિમલસૂરિ ) | ૧-૦-૦ |
| હરિ હેમ પુષ્પમાળા. | ૧-૮-૦ |
| દીક્ષાના ગીતો તથા ગહુંલી સંગ્રહ | ૧-૪-૦ |
| પર્યુષણ પર્વ માહાત્મ્ય | ૧-૦-૦ |
| શારદા પૂજન વિધિ | ૦-૪-૦ |
| સ્નાત્રપૂજા | ૦-૪-૦ |
| દેવ સૌભાગ્ય ગુલાબ સ્તવનમાળા | ૧-૦-૦ |
| નૂતન સ્તવનાવલિ. | ૦-૮-૦ |
| નવ સ્મરણ | ૦-૮-૦ |
| સિદ્ધાચલ સ્તવનાદિ સંગ્રહ | ૨-૦-૦ |
| બાલગ્રંથાવલિ ભા. ૧-૨-૩ | ૯-૦-૦ |
| સમ્યગ્દર્શન | ૦-૧૨-૦ |
| શાંતિનો માર્ગ | ૦-૮-૦ |
| પચ્ચક્ખાણનો કોઠો | ૦-૨-૦ |

લખો—મહેતા નાગરદાસ પ્રાગજીભાઇ


ઠે. પતાસાપોળના ઢાળમાં અમદાવાદ

સંઘવી મુલજીભાઇ ઝવેરચંદ, જૈન બુકસેલર-પાલીતાણા.

नवपदजी.



गौतमस्वामी.



माणिभद्रजी.



सरस्वती.



Copyright Reserved N. P. MEHTA Ahmedabad.

DEEPAK PRINTERY. AHMEDABAD.

# અનુક્રમણિકા.


| પૃષ્ટ | વિષય. |
|---|---|
| | **ચૈત્યવંદનો** |
| ૧ | શ્રીશાંતિનાથનું ચૈત્યવંદન |
| ૧-૨ | શ્રીસિદ્ધચક્રનું ચૈત્યવંદન |
| ૩ | દીવાલીનું ચૈત્યવંદન |
| ૩-૪ | સિદ્ધાચલનું ચૈત્યવંદન (૧) |
| ૪ | ,, ,, (૨) |
| ૪ | શ્રી સીમંધર સ્વામીનું ચૈત્યવંદન |
| ૫ | શ્રી નવપદનું ચૈત્યવંદન |
| ૫ | શ્રી મહાવીરસ્વામીનું ચૈત્યવંદન |
| ૬ | અષ્ટમીનું ચૈત્યવંદન |
| ૬ | પંચમીનું ચૈત્યવંદન |
| ૭ | શ્રી પાર્શ્વનાથનું ચૈત્યવંદન |
| ૭ | અઢારદોષ વર્જિત જિન ચૈત્યવંદન |
| ૮ | શ્રીનેમિનાથ જિન ચૈત્યવંદન |
| ૮ | શ્રી પાર્શ્વનાથનું ચૈત્યવંદન |
| ૮-૯ | રોહિણીતપનું ચૈત્યવંદન |
| | **સ્તુતિઓ** |
| ૯-૧૦ | શ્રી પર્યૂષણપર્વની સ્તુતિ(૧) |
| ૧૧ | ,, ,, (૨) |
| ૧૧-૧૨ | શ્રી મહાવીર જિન સ્તુતિ |
| ૧૩ | શ્રી સીમંધરજિન સ્તુતિ |
| ૧૩-૧૪ | શ્રી સિદ્ધચક્રની સ્તુતિ |


| પૃષ્ટ | વિષય |
|---|---|
| ૧૫-૧૬ | સુધર્માં દેવલોકની સ્તુતિ. |
| ૧૬ | શ્રી ગૌતમસ્વામીનો વિલાપ |
| | **પરચૂરણ** |
| ૧૭ | શ્રી પાર્શ્વનાથનો મહામંત્ર |
| ૧૮ | શ્રી નવકાર મંત્ર જાપ |
| | **સ્તવનો** |
| ૧૮-૧૯ | શ્રી પદ્મનાથનું સ્તવન |
| ૧૯ | શ્રીઅભિનંદન જિન સ્તવન |
| ૨૦ | સંખેશ્વર પાર્શ્વનાથનું સ્તવન |
| ૨૧ | શ્રી પાર્શ્વજિન સ્તવન |
| ૨૨ | શંખેશ્વર પાર્શ્વનાથનું સ્તવન |
| ૨૩-૨૪ | શ્રી પાર્શ્વનાથનું સ્તવન |
| ૨૪-૨૫ | શ્રી શાંતિજિન સ્તવન |
| ૨૫-૨૬ | ,, ,, |
| ૨૬-૨૭ | શ્રી નેમનાથસ્વામીનું ,, |
| ૨૭-૨૮ | શ્રી અજિત જિન સ્તવન |
| ૨૮-૨૯ | શ્રી વીર જિન સ્તવન |
| ૨૯ | શ્રી વીર જિન સ્તવન |
| ૩૦ | શ્રી સીમંધર જિન સ્તવન |
| ૩૦-૩૧ | ,, ,, |
| ૩૧-૩૨ | ,, ,, |
| ૩૩ | શ્રી અભિનંદન જિન સ્તવન |
| ૩૪ | રાયણ પગલાનું સ્તવન |

૩૫ શ્રી મલ્લીનાથનું સ્તવન
૩૬ શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન
૩૭ શ્રી ગૌતમસ્વામીનું સ્તવન
૩૮ શ્રી સુમતિ જિન સ્તવન
૩૯ શ્રી ઋષભદેવનું સ્તવન
૪૦–૪૧ શ્રી સિદ્ધચક્રનું સ્તવન.

સજઝાયો

૪૧–૪૫ શ્રી ચંદનબાળાની સજઝાય ( ઢાળ ૩ )
૪૫–૫૦ ઝાંઝરીયા મુનિની સજઝાય
૫૦–૫૪ જંબુકુમારની સજઝાય
૫૪–૫૫ જીભલડીની સજઝાય.
૫૫–૫૬ અનાથી મુનિની સજઝાય
૫૬–૫૭ વણઝારાની સજઝાય
૫૭–૫૮ અંજના સતીની સજઝાય
૫૯–૬૨ માનવિજયજીકૃત દશ ચંદરવાની સજઝાય
૬૨–૬૬ શ્રી જ્ઞાન વિમલસુરિકૃત સોલ સ્વપ્નની સજઝાય
૬૬–૭૨ શ્રી ભારત બાહુબલિનું દ્વિઢાલિયું
૭૨–૭૪ ચિત્તસંભૂતિની સજઝાય.
૭૫–૭૭ સનત્કુમાર ચક્રવર્તિની સજઝાય
૭૭–૮૪ જંબુસ્વામીની સજઝાય ઢાળ ૮
૮૪–૮૯ શ્રી ચંદનબાળાની સજઝાય
૮૯–૯૭ કળાવતીની ચાર ઢાળની સજઝાય
૯૭–૯૮ શ્રી ગજસુકુમાળની સજઝાય
૯૯–૧૦૩ શ્રી ખંધક મુનિનું ત્રિઢાળીયું
૧૦૩–૧૦૪ શ્રી વર્ધમાન તપની સજઝાય
૧૦૪ ,, (બીજી)
૧૦૪–૧૦૫ શ્રી ગજસુકુમારની સજઝાય
૧૦૬ પાંચમહાવ્રતમાં પહેલા વ્રતની સ.
૧૦૬–૧૦૭ પાંચમહાવ્રતમાં બીજા વ્રતની. સ.
૧૦૭ પાંચમહાવ્રતમાં ત્રીજા વ્રતની. સ.
૧૦૭–૧૦૮ પાંચમહાવ્રતમાં ચોથા વ્રતની. સ.
૧૦૮–૧૦૯ પાંચમહાવ્રતમાં પાંચમા વ્રતની. સ.
૧૦૯–૧૧૦ પાંચમહાવ્રતમાં છઠ્ઠા વ્રતની. સ.
૧૧૦ વૈરાગ્યની સજઝાય
૧૧૧–૧૧૨ ચંદ્રાવતીની સજઝાય
૧૧૩–૧૧૮ શ્રી નેમિનાથનો નવરસો
૧૧૮–૧૨૦ ભરતચક્રીનો વિલાપ

# પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી
# વિજયકલ્યાણસૂરીશ્વરજી મહારાજ



જન્મ: ૧૯૫૦ ચૈત્ર સુદ ૧૩ રાધનપુર. ગણીપદ: ૧૯૮૭ કારતક વદ ૫ કપડવંજ.

દીક્ષા: ૧૯૬૯ માહ વદ ૧૦ થરથજ. પન્યાસપદ: ,, ,, વદ ૮ કપડવંજ.

વડીદીક્ષા: ૧૯૬૯ વૈશાખ સુ.૩ વીરમગામ. આચાર્યપદ: ૧૯૯૯ ફાગણ વ ૬ અમદાવાદ

## સન્માર્ગ પ્રરૂપક, પરમોપકારી, પૂજ્ય ગુરૂવર્ય શ્રી મનોહરશ્રીજી મહારાજનું

# જીવન ચરિત્ર.

ગુરૂવર્ય શ્રી મનોહરશ્રીજી મહારાજ (સંસારી નામ બ્હેનમેના) નો જન્મ દોશી મીથાચંદ અમરચંદના ધર્મ-પત્ની ગલબી બાઈની કુક્ષીએ સં. ૧૯૪૧ ના અષાડ સુદિ ૮ તા. ૩૦-૬-૧૮૮૪ ને સોમવારના શુભ દિને ઓગણીશમી સદીમાં પણ ગોડીચા-પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિના દર્શન સંઘને જ્યાં થયેલ તે મોરવાડા ગામે થયો હતો.

મોરવાડા અભ્યાસ કરવાની સગવડ વિનાનો ગ્રામ્ય-પ્રદેશ હોવા છતાં પરદેશથી નોકરી અર્થે આવેલા અમલદારની ગૃહિણી પાસે ગુજરાતી બે ચોપડી સુધીનો ફક્ત અભ્યાસ કર્યો હતો.

ગમે તેટલી સુલક્ષણી કે ઉપયોગી પુત્રી પોતાના સાસરે જ શોભે તે વ્યવહાર મુજબ બ્હેન મેના ઉમ્મરલાયક થતાં ગ્રામ્ય-પ્રદેશમાં તેમનો સત્સંગી શોધવાથી તેમના જીવનનો વિકાસ થઈ શકશે નહિ તેવી વિચારણા કરી તેમના માતા-પિતાએ નજદીકના "તુંગીયા નગરી જેવા ગણાતા, ગગન ચૂમ્બી જિનાલયોના ઘંટારવથી ગુંજતા રાધનપુર શહેરમાં કોઠારી રવિચંદ ગેલચંદને જીવન સાથી તરિકે શોધીને તેઓની સાથે તેમને સં. ૧૯૫૬ ના વૈશાખ સુદિ ૩ તા. ૩૦-૪-૧૯૦૦ ને ગુરૂવારના શુભદિને લગ્ન ગ્રંથીથી જોડયા હતા.

યૌવન વય, સંસાર સુખમાં ગુજારવાના કોડ કૂદરતે સંપૂર્ણ ન કર્યા, બલ્કે બહુજ ટુંકા સમયનું દંપતી સુખ-વૈભવ ભોગવી સં. ૧૯૬૪ માં તેમના શિરછત્ર જીવન સાથીનું સ્વર્ગ-ગમન થવાથી અતિ દુઃખકર વૈધવ્ય પ્રાપ્ત થતા તેમનો આત્મા ધાર્મિક સંસ્કારો અને ક્રિયા કાંડ તરફ વળ્યો. જેથી સંસારી પણાનું બાકીનું જીવન ધાર્મિક અભ્યાસ અને ક્રિયા કાંડમાં વ્યતીત કરવા માંડયું. જેના પરિણામે પોતાનું જીવન ધાર્મિક સંસ્કારોથી ઓતપ્રોત થતાં તેઓશ્રીની ભાવના આ અસાર સંસારને ફગાવી દઇ શ્રીમતી ભાગવતી દીક્ષાના પથે વળવાની વાગડ પ્રદેશોદ્ધારક, વયોવૃદ્ધ, પૂજ્ય મુનિ મહારાજ શ્રી જીતવિજયજી મહારાજશ્રીના ત્યાગી શિષ્યરત્ન મુનિશ્રી ધીરવિજયજી મહારાજના સદુપદેશથી ભાવના ઉદ્ભવતા, કૌટુમ્બી જનોની આજ્ઞા મેળવી, ખુબજ ધામધૂમ પૂર્વક અસાધારણ દ્રવ્યનો મહોત્સવમાં સદ્વ્યય કરી અનેરા ઉત્સાહથી પૂજ્ય મુનિમહારાજશ્રી ધીરવિજયજી મહારાજશ્રીના વરદ હસ્તે વાસક્ષેપ નંખાવી સં. ૧૯૭૩ ના મહાવદિ ૨- તા. ૯-૨-૧૯૧૭ શુક્રવારના મંગળદિને સંસાર તારિણી, શ્રી પ્રવ્રજયાને અંગીકાર કરી, રૈવતાચલ, ચિત્રકુટાદિ તીર્થોદ્ધારક, પૂજ્યપાદ આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજયનીતિ સૂરીશ્વરજી મહારાજશ્રીના આજ્ઞાકારી, વયો વૃદ્ધ પૂજ્ય સાધ્વીજીશ્રી લાભશ્રીજી મહારાજના શાંત શિષ્યા શ્રી ખાન્તીશ્રીજી મહારાજના શિષ્યા લગભગ ૩૩ વર્ષની યૌવનવયે મનોહરશ્રીજી નામે થયા.

સંસારીપણામાં તેમણે અઠ્ઠાઇઓ, દસ, સોળ ઉપાવાસ તથા ઉપધાન તપ આદિ તપશ્ચર્યા, શ્રી સિદ્ધાચલમાં રહીને નવાણુયાત્રા અને ચાતુર્માસ, ઉપરાંત શત્રુજય, રૈવતાચલ,

આબુજી, કુંભારીયાજી રાણકપુરજી, મારવાડની પંચતીર્થી, અંતરિક્ષજી, ભાડુકજી, કેશરીયાજી, શંખેશ્વરજી, પાનસર, ભોયણી, ઉપરીયાળા, તાલધ્વજ આદિ તીર્થોની યાત્રા કરી હતી. અને સિદ્ધગીરીના સંઘમાં છરી પાળતા ગામે ગામના જિનાલયોની યાત્રા કરવા પણ ભાગ્યશાળી થયા હતાં.

દીક્ષા પર્યાયના ૧૬ વર્ષના સમયમાં પોતાના ગુરૂશ્રીની શારિરીક સ્થિતિ નરમ રહેતો હોવાથી ખુબજ ધીરજ અને ખંતથી તેમની સેવામાં લયલીન બની પોતાનું આત્મસાધન કરતા હતા. ગુરૂવૈયાવચ્ચમાં ઘણો લાંબો સમય વ્યતીત થવાથી તેઓશ્રી શાસ્ત્રીય અભ્યાસ ઘણો ઓછો કરી શકયા હોવા છતાં સૌમ્યતા, મિલનસારવૃત્તિ, લઘુતા અને સહનશીલતા આદિ અનેક ગુણોના ભંડારથી ભરપુર હતા. તેમજ ગુરૂ ભક્તિમાં ખુબજ ખંતીલા હોવાથી તેમના ગુણોથી આકર્ષાઈ તેમને ત્રણ શિષ્યા નામે (૧) શ્રી ચારિત્રશ્રીજી (સમી) (૨) મહિમાશ્રીજી (રાધનપુર) (૩) શ્રી વિમળશ્રીજી (વારાહી) ગામ વાળા થયા હતા.

સંવેગીપણામાં ચારિત્રની આરાધનામાં મશગુલ રહેવા સાથે પોતાના શિષ્યાઓમાં અભ્યાસ, સદ્‌ગુણો અને પરંપરાના અનુભવોનો પૂંજ કેમ વધે તે તરફ તેઓ હંમેશા લક્ષ આપતા હતા.

છેલ્લા બે વર્ષમાં દમની વ્યાધિ વધતા તેઓશ્રીને વેરાવળથી રાધનપુર ખુબજ વિનંતિ પૂર્વક લાવવામાં આવેલ, જ્યાં અનેક વઘકીય ઉપચારો કરવા છતાં અસાધ્ય રોગોએ મચક ન આપતા સં. ૧૯૮૮ ના વૈશાખ વદિ ૨ તા.

૨૧-૫-૧૯૩૨ ને શનિવારના પ્રથમ પહોર (૮-૩૦) ના ગોઝારા સમયે સમાધિ પૂર્વક સકળ સંઘ અને શિષ્ય સમુદાયને રળવળતા મૂકી સ્વર્ગ-ગમન સિધાવ્યા.

સંવત ૨૦૦૮ ના ધૂળેટી

નિવેદક
વિમળશ્રી.
ભક્તિ વત્સલ શિષ્યા.

---

## શ્રી પાર્શ્વનાથનું ચૈત્યવંદન.

ૐ નમઃ પાર્શ્વનાથાય, વિશ્વચિંતામણીયતે;
હ્રીં ધરણેંદ્ર વૈરોટ્યા, પદ્માદેવીયુતાય તે. ૧

શાંતિ તુષ્ટિ મહા પુષ્ટિ, ધૃતિ કીર્તિ વિધાયિને;
ૐ હ્રીં દ્વિડ્ વ્યાલ વૈતાલ, સર્વાધિવ્યાધિનાશિને. ૨

જયા જિતાખ્યા વિજયા-ખ્યાપરાજિતયાન્વિતઃ;
દિશાં પાલૈ ર્ગ્રહૈ ર્યક્ષૈ, ર્વિદ્યાદેવીભિરન્વિતઃ. ૩

ૐ અસિઆઉસાય, નમસ્તત્ર ત્રૈલોક્યનાથતામ્;
ચતુઃષષ્ટિ સુરેન્દ્રાસ્તે, ભાસન્તે છત્રચામરૈઃ, ૪

શ્રી શંખેશ્વર મંડન! પાર્શ્વજિન પ્રણત કલ્પતરૂકલ્પ;
ચૂરય દુષ્ટવ્રાતં, પૂરય મે વાંછિતં નાથ. ૫

---

ॐ श्री शंखेश्वर पार्श्वनाथाय नमः

# ચૈત્યવંદનો.

## શ્રી શાંતિનાથનું ચૈત્યવંદન.

શાંતિકરણ પ્રભુ શાંતિજી, અચિરા રાણી નંદ;
વિશ્વસેન રાય કૂલ તિલક, અમિયતણો એ કંદ. ૧
ધનુષ ચાલીશની દેહડી, લાખ વરસનું આય;
મૃગ લંછન બિરાજતા, સોવન સમ કાય. ૨
શરણે આવ્યો પારેવડો, જીવદયા પ્રતિપાલ;
રાખ રાખ તું રાજવી, મુજને સિંચાણો ખાય. ૩
જીવથી અધિકો પારેવડો, રાખ્યો તેં પ્રભુ નાથ;
દેવ માયા ધરણ સમે, નચાવ્યો મેઘરથ રાય. ૪
દયાથી દો પદવી લહી, સોળમા શાંતિનાથ;
પુન્યે સિદ્ધિ વધુ વર્યાં, મુક્તિ હાથો હાથ. ૫

---

## શ્રી સિદ્ધચક્રનું ચૈત્યવંદન

શ્રી સિદ્ધચક્ર આરાધતાં, સુખ સંપત્તિ લહીએ;
સુરતરૂ સુરરમણી થકી, અધિકજ મહિમા કહીએ. ૧
અષ્ટ કર્મ હાણી કરી, શિવ મંદિર રહીએ;
વિધિશું નવપદ ધ્યાનથી, પાતિક સવિ દહિએ. ૨
સિદ્ધચક્ર જે સેવશે, એક મના નર નાર;
મનવાંછિત ફલ પામશે, તે સવિ ત્રિભુવન મોઝાર. ૩
અંગદેશ ચંપાપુરી, તસ કેરો ભૂપાલ;
મયણા સાથે તપ તપે, તે કુંવર શ્રીપાલ. ૪

સિદ્ધચક્રજીના નમન થકી, જસ નાઠા રોગ;
તત્ક્ષણ ત્યાંથી તે લહે, શિવસુખ સંજોગ. ૫

સાતસેં કોઢી હોંતા, હુવા નિરોગી જેહ;
સોવન વાને જલહલે, જેહનો નિરૂપમ દેહ. ૬

તેણે કારણ તમે ભવિજનો, પ્રહ ઉઠી ભક્તે;
આસો માસ ચૈત્ર થકી, આરાધો જુગતે. ૭

સિદ્ધચક્ર ત્રણ કાલનાં, વંદો વલી દેવ;
પડિક્કમણું કરી ઉભયકાલ, જિનવર મુનિ સેવ. ૮

નવપદ ધ્યાન હૃદે ધરો, પ્રતિપાલો ભવી શિયલ;
નવપદ આંબિલ તપ તપો, જેમ હોય લીલમ લીલ ૯

પહેલો પદ અરિહંતનો, નિત્ય કીજે ધ્યાન;
બીજો પદ વલી સિદ્ધનો, કરીએ ગુણ ગ્રામ. ૧૦

આચારજ ત્રીજે પદે, જપતાં જય જયકાર;
ચોથો પદ ઉપજ્ઝાયનો, ગુણ ગાઉં ઉદાર. ૧૧

સર્વ સાધુ વંદુ સહી, અઢી દ્વીપમાં જેહ;
પંચમ પદમાં તે સહી, ધરજો ધરી સ્નેહ. ૧૨

છઠ્ઠે પદે દરિસણ નમું, દર્શન અજુવાલું;
જ્ઞાનપદ નમું સાતમેં, તેમ પાપ પખાલું. ૧૩

આઠમે પદ રૂડે જપું, ચારિત્ર સુસંગ;
નવમે પદ બહુ તપ તપો, જિમ ફલ લહો અભંગ. ૧૪

એહી નવપદ ધ્યાનથી, જપતાં નાઠે કોઢ;
પંડિત ધીરવિમલ તણો, નય વંદે કર જોડ. ૧૫

---

## દીવાલીનું ચૈત્યવંદન

મગધદેશ પાવાપુરી, પ્રભુ વીર પધાર્યા;
સોલ પહોર દીએ દેશના, ભવિ જીવને તાર્યા. ૧
ભૂપ અઢારે ભાવે સૂણે, અમૃત જીસી વાણી;
દેશના દિએ રયણી એ, પરણ્યા શીવરાણી. ૨
સચ ઉઠી દીવા કરે, અજવાલાને હેલે;
અમાવાસ્યા તે કહી, વળી દીવાળી કીજે. ૩
મેરૂ થકી આવ્યા ઇંદ્ર, હાથે લેઈ દીવી;
મેરઇયા દિન સફલ કરી, લોક કહે સવિ જીવી. ૪
કલ્યાણક જાણી કરી, દીવા તે કીજે;
જાપ જપો જિનરાજનો, પાતિક સવિ છીજે. ૫
બીજે દિન ગૌતમ સુણી, પામ્યા કેવલ જ્ઞાન;
બાર સહસ ગણણું ગણો, ઘર હોશે કોડ કલ્યાણ. ૬
સુરનર કિન્નર સહુ મલી, ગૌતમને આપે;
ભટ્ટારક પદવી દેઇ, સહુ સાખે થાપે. ૭
જુહાર ભટ્ટારક થકી, લોક કરે જુહાર;
બેને ભાઈ જમાડીયા, નંદિવર્ધન સાર. ૮
ભાઈ બીજ તિહાં થકી, વીરતણો અધિકાર;
જયવિજય ગુરૂ સંપદા, મુજને દીયો મનોહર. ૯

---

## શ્રી સિદ્ધાચલનું ચૈત્યવંદન-(૧)

જય જય નાભિનરિંદ નંદ, સિદ્ધાચલ મંડણ;
જય જય પ્રથમ જિણંદ કંદ, ભવ દુઃખ વિહંડણ. ૧
જય જય સાધુ સૂરીંદ વૃંદ, વંદિઅ પરમેસર;
જય જય જગદાનંદ કંદ, શ્રી ઋષભ જિનેસર. ૨

અમૃત સમ જિનધર્મનો એ, દાયક જગમાં જાણ;
તુજ પદ પંકજ નિત્ય નમું, નિશદિન નમત કલ્યાણ. ૩

## શ્રી સિદ્ધાચલનું ચૈત્યવંદન-(૨)

પરમેશ્વર પરમાતમા, પાવન પરમિટ્ઠ;
જય જગગુરૂ દેવાધિદેવ, નયણે મેં દીઠ. ૧
અચળ અકળ અવિકાર સાર, કરૂણા રસ સિંધુ;
જગતિ જન આધાર એક, નિઃકારણ બંધુ. ૨
ગુણ અનંત પ્રભુ તાહરાએ, કિમહી કહ્યા ન જાય;
રામ પ્રભુ જિન ધ્યાનસે, ચિદાનંદ સુખ થાય. ૩

## શ્રી સીમંધર સ્વામીનું ચૈત્યવંદન

સીમંધર જિન વિચરતાં, સોહે વિજય મોઝાર;
સમવસરણ રચે દેવતા, બેસે પર્ષદા બાર. ૧
નવતત્ત્વની દીએ દેશના; સાંભળી સુર નર કોડ;
ષટ દ્રવ્યાદિક વર્ણવે, લે સમકિત કર જોડ; ૨
ઈહાં થકી જિન વેગળા, સહસ્ત્ર તેત્રીશ શત એક;
સત્તાવન જોજન વળી, સત્તર કળા સુવિશેષ. ૩
દ્રવ્ય થકી જિન વેગળા, ભાવથી હૃદય મોઝાર;
ચિહું કાળે વંદન કરૂં, શ્વાસમાંહે સો વાર. ૪
શ્રી સીમંધર જિનવરૂ એ, પૂરે વાંછિત કોડ;
કાંતિ વિજય ગુરૂ પ્રણમતાં, ભક્તિ એ કરજોડ. ૫

## શ્રી નવપદનું ચૈત્યવંદન

બાર ગુણ અરિહંતના, તેમ સિદ્ધના આઠ;
છત્રીશ ગુણ આચાર્યના, જ્ઞાન તણા ભંડાર. ૧
પચ્ચીસ ગુણ ઉપાધ્યાયના, સાધુ સત્તાવીશ;
શ્યામ વર્ણ તનુ શોભતા, જિનશાસનના ઇશ. ૨
જ્ઞાન નમું એકાવને, દર્શનના સડસઠ;
સિત્તેર ગુણ ચારિત્રના, તપના બાર તે જીઠ. ૩
એમ નવ પદ યુક્તે કરી, ત્રણ શત અષ્ટ(૩૦૮)ગુણથાય;
પૂજે જે ભવી ભાવશું, તેહના પાતક જાય. ૪
પૂજ્યા મયણા સુંદરી, તેમ નરપતિ શ્રીપાળ;
પુણ્યે મુક્તિસુખ લહ્યા, વરત્યા મંગળમાળ. ૫

---

## શ્રી મહાવીર સ્વામીનું ચૈત્યવંદન

ત્રીશ વરસ કેવલપણે, વિચર્યા શ્રીમહાવીર;
પાવાપુરી પધારીયા, શ્રી જિનશાસન ધીર. ૧
હસ્તિપાલ નૃપ રાયની, ઋજુકા સભા મોઝાર;
ચરમ ચોમાસું ત્યાં રહ્યા, લઇ અભિગ્રહ સાર. ૨
કાશી કોશલ દેશના, ઘણા રાય અઢાર;
સ્વામી સુણી સૌ આવીયા, વંદણને નિરધાર. ૩
સોળ પહોરની દીધી દેશના, જાણી લાભ અપાર;
દીધી ભવી હિત કારણે, પીધી તે હિત પાય. ૪
દેવશર્મા બોધન ભણી, ગૌતમ ગયા સુજાણ;
કાર્તિક વદી અમાવાસ્યા દિને પ્રભુ પામ્યા નિર્વાણ ૫
ભાવ ઉદ્યોત ગયો હવે, કરો દ્રવ્ય ઉદ્યોત;
ઇમ કહી રાય સર્વે મળી, કીધી દીપક જ્યોત. ૬

## અષ્ટમીનું ચૈત્યવંદન

સુમતિનાથ એકાસણું, કરી સંજમ લીધો;
મલ્લિ પાસ જિનરાય દોય, અઠ્ઠમસું પરસિદ્ધો. ૧
છઠ્ઠ ભકતે કરી અવર સર્વ, લીએ સંજમ ભાર;
વાસુપૂજ્ય કરે ચોથ ભક્ત, થયા તે શ્રી અણગાર. ૨
વરસાંતે પારણું કરી એ, ઇક્ષુરસ રિસહેશ;
પરમાન્ને બીજે દિને, પારણું અવર જિનેશ. ૩
વિનિતા નગરીમાં લીએ, દીક્ષા પ્રથમ જિણંદ;
દ્વારામતિએ નેમનાથ, સહે સાવન વૃંદ. ૪
શેષ તીર્થંકર જન્મભૂમિ, લીએ સંજમ ભાર;
અણપરણ્યા શ્રી મલ્લિનાથ, તેમ શ્રી નેમકુમાર. ૫
વાસુપૂજ્ય પાસ વીરજીએ, ભૂપ થયા નવિ એહ;
અવર રાજ ભોગવી થયા, જ્ઞાન વિમળ ગુણ ગેહ. ૬

---

## પંચમીનું ચૈત્યવંદન

બાર પરષદા આગળે, શ્રી નમિ જિનરાય;
મધુર ધ્વનિ દીએ દેશના, ભવિજનને હિતદાય. ૧
પંચમી તપ આરાધીએ, જિમ લહીએ જ્ઞાન અપાર;
કાર્તિક સુદિ પંચમી ગ્રહો, હરખ ઘણો બહુમાન ૨
પાંચ વર્ષ ઉપર વળી, પંચ માસ લગે જાણ;
અથવા જાવજ્જીવ લગે આરાધો ગુણખાણ. ૩
વરદત્ત ને ગુણમંજરી, પંચમી આરાધી;
અંતે આરાધન કરી, શિવપુરીને સાધી. ૪
ઇણિપરે જે આરાધશે એ, પંચમી વિધિ સંયુક્ત;
જિન ઉત્તમ પદ પદ્મને, નમી થાએ શિવભક્ત. ૫

---

## શ્રી પાર્શ્વનાથનું ચૈત્યવંદન

જય જય શિખર ગિરીશ ઇશ, વીશ જિનેશ્વર નામી;
અણુસણ કરી ઈહાં કણે, પંચમી ગતિ પામી. ૧
બીજા પણ બહુ મુનિવરા, શિવગતિના ગામી;
પરમાતમ પદ પામીઆ, વંદું શિર નામી. ૨
એ અવદાત સુણી કરી, હું એ પદ કામી;
આવ્યો છું તુજ આગળે, કીમ કીજે ખામી. ૩
શ્રી શામળીઆ પાર્શ્વનાથ, તું છું દીનદયાળ;
એ અરજી સુણી માહરી, ઘો શિવપદ શાળ. ૪
હું અનાથ ભમીયો ઘણું, ન મલ્યો તુમ સમ નાથ
આપી પદ પોતાતણું, રાખો નિજ સાથ. ૫
રાગ રીસ ક્રોધે ભર્યો, નિંદક ને અવિવેક;
એ સઘળું ઉવેખીને, રાખો મુજ ટેક. ૬
મુજ પાપીના પાપને, દૂરે કરી હજૂર;
નિજ લક્ષ્મીને આપશો, આશા છે ભરપુર. ૭

---

## અઢાર દોષ વર્જિત જિન ચૈત્યવંદન

દાન લાભ ભોગોપભોગ, બળ પણ અંતરાય;
હાસ્ય અરતિ રતિ ભય દુગંછા, શોક ષટ્ કહેવાય; ૧
કામ મિથ્યાત્વ અજ્ઞાન નિદ્રા, અવિરતિ એ પાંચ;
રાગ દ્વેષ દોય દોષ એ, અઢારસ સંચ. ૨
એ જેણે દૂર કર્યા એ, તેને કહીએ દેવ;
જ્ઞાનવિમળ પ્રભુચરણની, કીજે અહોનિશ સેવ. ૩

---

## શ્રી નેમિનાથ જિન ચૈત્યવંદન

સમુદ્રવિજય કુલ ચંદ નંદ, શિવા દેવી જાયા;
જાદવ વંશ નભો મણિ, શૌરિપુરી ઠાયા. ૧
બાળ થકી બ્રહ્મચર્ય વ્રત, ગત માર પ્રચાર;
ભક્તિ નિજ આત્મિક ગુણ, ત્યાગી સંસાર. ૨
નિષ્કારણ જગ જીવનો એ, આશાનો વિશ્રામ;
દીનદયાળ શિરોમણિ, પૂરણ સુરતરૂ કામ. ૩
પશુ પોકાર સુણી કરી, છાંડી ગ્રહવાસ;
તત્ક્ષણ સંજમ આદરી, કરી કર્મનો નાશ. ૪
કેવળ શ્રી પામી કરી એ, પહોંચ્યા મુક્તિ મોઝાર;
જન્મ મરણ ભવ ટાળવા, જ્ઞાન સદા સુખકાર. ૫

---

## શ્રી પાર્શ્વનાથનું ચૈત્યવંદન

જય ચિંતામણિ પાર્શ્વનાથ, જય ત્રિભુવન સ્વામી;
અષ્ટ કર્મ રિપુ જીતીને, પંચમી ગતી પામી. ૧
પ્રભુ નામે આનંદ કંદ, સુખ સંપત્તિ લહીએ;
પ્રભુ નામે ભવ ભય તણા, પાતિક સવિ દહીએ. ૨
ૐ હ્રીઁ વર્ણ જોડી કરી એ, જપીએ પાર્શ્વ નામ;
વિષ અમૃત થઇ પરગમે, પામે અવિચલ ઠામ. ૩

---

## રોહિણી તપનું ચૈત્યવંદન

વાસુપૂજ્ય જિન વંદીએ, જગદીપક જિનરાજ;
રોહિણી તપ ફળ વર્ણવું, ભવજળ તારણ જહાજ. ૧
શુદિ વૈશાખે રોહિણી, ત્રીજ તણે દિન જાણ;
શ્રી આદીશ્વર જિનવર, વર્ષી પારણે જાણ. ૨

રોહિણી નક્ષત્રને દિને, ચઉવિહાર ઉપવાસ.
પોસહ પડિક્કમણું કરી, તોડો કર્મનો પાસ. ૩

તે દિનથી તપ માંડીએ, સાત વર્ષ લગે સીમ;
સાત માસ ઉપર વળી, ધરીએ એહિજ નીમ. ૪

જિમ રોહિણી કુંવરી અને, અશોક નામે ભૂપાલ;
એ તપ પૂરણ ધ્યાઇઓ, પામ્યા સુરગતિ શાળ. ૫

તિમ ભવિજન તપ કીજીએ, શાસ્ત્રતણે અનુસાર;
જન્મ મરણના ભય થકી, ટાળે એ તપ સાર. ૬

તપ પૂરણ તેહજ સમે, કરો ઉજમણું સાર;
યથાશક્તિ હોએ જેહની, તિમ કરીએ ધરી પ્યાર. ૭

વાસુપૂજ્ય જિન બિંબની, પૂજા કરો ત્રણ કાળ;
દેવ વંદો વળી ભાવ શું, સ્વસ્તિક પર્યવિશાળ ૮

એ તપ જે સહી આદરે, પહોંચે મનની કોડ;
મનવાંછિત ફળે તેહના, હંસ કહે કર જોડ. ૯

---

## શ્રી પર્યૂષણ પર્વની સ્તુતિ. (૧)

જિન આગમ ચઉપર્વી આઇ, ત્રણ ચોમાસા ચાર અઠ્ઠાઈ,
પજુસણ પર્વ સવાઇ,
એ શુભ દિનને આવ્યા જાણી, ઉઠો આળસ છંડી પ્રાણી,
ધર્મની નીક મંડાણી;
પોસહ પડિક્કમણા કરો ભાઈ, માસખમણ પાસખમણ અઠ્ઠાઈ,
કલ્પ અઠમ સુખદાઈ;
દાન દયા દેવ પૂજા સૂરિની, વાંચના સુણીએ કલ્પસૂત્રની,
આજ્ઞા વીર જિનવરની ૧

સાંભળી વીરનું ચરિત્ર વિશાલ, ચૌદ સ્વપ્ને જન્મ્યાં ઉજમાળ:
જન્મ મહોત્સવ રસાળ;
આમલ કીડાએ સુરને હરાવ્યો, દીક્ષા દઈ કેવળ ઉપજાવ્યો,
અવિચળ ઠામસેં ભાવ્યો;
પાસ નેમિ સંબંધ સાંભળીએ, ચોવીશ જિનનાં અંતર સુણીએ,
આદિ ચરિત્ર સાંભળીએ.
વીરતણા ગણધર અગ્યાર, થિવિરાવલીનો સુણો અધિકાર,
એ કરણી ભવપાર; ૨

અષાઢીથી દિન પચ્ચાસ, પજુસણ પડિક્કમણું ઉલ્લાસ,
એકે ઉણુ પણ માસ;
સમાચારી સાધુનો પંથ, વરતે જયણાએ નિર્ગ્રંથ,
પાપ ન લાગે અંશ;
ગુરૂ આણાએ મુનિવર રાચે, રાગી ઘરે જઇ વસ્તુ ન જાચે,
ચાલે મારગ સાચે.
વિગય ખાવાનો સંચ ન આણે, આગમ સાંભળતાં સહુ જાણે,
શ્રી વીર જિન વખાણે; ૩

કુંભાર કાનમાં કાંકરી ચંપે, પીડાએ ક્ષુલ્લક પણું કંપે,
મિચ્છામિ દુક્કડં જંપે;
એમ જે મન આમલો નવિ છોડે, આ ભવ પરભવ દુઃખ બહુ જોડે
પડે નરકને ખોડે;
આરાધક જે ખમે ખમાવે, મન શુદ્ધે અધિકરણ સમાવે,
તે અક્ષય સુખ પાવે;
સિદ્ધાયકા સૂરિ, સાનિધ્યકારી, શ્રી મહિમા પ્રભ સૂરિ ગચ્છધારી
ભાવ રતન સુખ કારી. ૪

## શ્રી પર્યૂષણ પર્વની સ્તુતિ (૨)

પર્વ પર્યૂષણ પુણ્યે પામી, પરિમલ પરમાનંદોજી,
અતિ ઓચ્છવ આડંબર સઘળો, ઘર ઘર બહુ આનંદોજી,
શાસન અધિપતિ જિનવર વીરે, પર્વતણા ફળ દાખ્યાજી,
અમારી તણો ઢંઢેરો ફેરી, પાપ કરંતા વાર્યાજી. ૧
મૃગનયની સુંદરી સુકુમાળી, વચન વદે ટંકશાળીજી;
પૂરો પનોતા મનોરથ મારા, નિરૂપમ પર્વ નિહાળીજી;
વિવિધ ભાતિ પકવાન્ન કરીને, સંઘ સયલ સંતોષોજી;
ચોવીશે જિનવર પૂજીને, પુણ્ય ખજાનો પોષોજી. ૨
સકલ સૂત્રશિર મુગટ નગીનો, કલ્પસૂત્ર જગ જાણોજી;
વીર,પાસ, નેમીશ્વર, અંતર, આદિ ચરિત્ર વખાણોજી;
સ્થવિરાવળી ને સમાચારી, પટ્ટાવળી ગુણ ગેહજી.
એમ એ સૂત્ર સવિસ્તર સૂણીને, સફલ કરો નર દેહજી ૩
એણીપરે પર્વ પર્યૂષણ પાળી, પાપ સર્વે પરિહરીએજી;
સંવત્સરી પ્રડિક્કમણું કરતાં, કલ્યાણ કમળા વરીએજી;
ગોમુખ યક્ષ ચક્કેશ્વરી દેવી, શ્રી માણિભદ્ર અંબાઇજી;
શુભ વિજય કવિ શિષ્ય અમરને, દિન દિન કરજો વધાઇજી. ૪

---

## શ્રી મહાવીર જિન સ્તુતિ.

ગંધારે મહાવીર જિણંદા, જેને સેવે સુર નર ઇંદા,
દીઠે પરમાનંદા;
ચૈત્ર સુદ તેરસ દિન જાયા, છપ્પન્ન દીક્ કુમરી ગુણ ગાયા;
હરખ ધરી હુલરાયા;
ત્રીશ વરસ પાળી ઘરવાસ, માગશર વદ દશમી વ્રત જાસ;
વિચરે મન ઉલ્લાસ;

એ જિન સેવો હિતકર જાણી, એહથી લહીએ શિવપટરાણી,
પુણ્ય તણી એ ખાણી. ૧
ઋષભ જિનેશ્વર તેર ભવ સાર, ચંદ્રપ્રભુ ભવ આઠ ઉદાર,
શાંતિકુમર ભવ બાર;
મુનિસુવ્રત ને નેમકુમાર, તે જિનના નવ નવ ભવ સાર,
દશ ભવ પાર્શ્વકુમાર;
સત્તાવીશ ભવ વીરના કહીએ, સત્તર જિનના ત્રણ ત્રણ લહીએ,
જિન વચને સદ્દહીએ;
ચોવીશ જિનનો એહ વિચાર, એહથી લહીએ ભવનો પાર,
નમતાં જય જયકાર. ૨
વૈશાખ સુદિ દશમી લહી નાણ, સિંહાસન બેઠા વર્દ્ધમાન,
ઉપદેશ દે પ્રધાન;
અગ્નિ ખુણે હવે પર્ષદા સુણીએ, સાધ્વી વૈમાનિક સ્ત્રી ગણીએ,
મુનિવર ત્યાંહીજ ભણીએ;
વ્યંતર જ્યોતિષી ભવનપતિ સાર, એહને નૈઋત ખુણે અધિકાર,
વાયવ્ય ખુણે એહની નાર;
ઇશાને શોભે નર નાર, વૈમાનિક સુર પર્ષદા બાર,
સુણે જિન વાણી ઉદાર. ૩.
ચક્કેશ્વરી અજિતા દુરિતારી, કાલી મહાકાલી મનોહારી,
અચ્યુતા સંતા સારી;
જ્વાલા સુતારકા અશોકા, શ્રીવત્સા વર ચંડા માયા,
વિજ્યાંકુશી સુખદાયા;
પન્નત્તી નિર્વાણી અચ્યુતા ધરણી, વૈરોટયા દત્તા ગંધારી અઘહરણી,
અંબા પઉમા સુખકરાણી;
સિદ્ધાયિકા શાસન રખવાળી, કનકવિજય બુધ આનંદકારી,
જસવિજય જયકારી. ૪

## શ્રી સીમંધર જિન સ્તુતિ.

શ્રી સીમંધર સેવિત સુરવર, જિનવર જય જયકારજી;
ધનુષ્ય પાંચશેં કંચન વરણી, મૂરતિ મોહનગારીજી;
વિચરંતાં પ્રભુ મહાવિદેહે ભવિજનને હિતકારીજી;
પ્રહ ઉઠી નિત્ય નામ જપીજે, હૃદય કમલમાં ધારીજી. ૧
સીમંધર યુગ બાહુ સુબાહુ, સુજાત સ્વયંપ્રભ નામજી
અનંત સુર વિશાલ વજ્રધર, ચંદ્રાનન અભિરામજી;
ચંદ્ર ભુજંગ ઈશ્વર નેમિપ્રભ, વીરસેન ગુણ ધામજી;
મહાભદ્રને દેવયશા વલી, અજિત કરૂં પ્રણામજી. ૨
પ્રભુમુખ વાણીબહુગુણખાણી, મીઠી અમિય સમાણીજી
સૂત્ર અને અર્થે ગુંથાણી, ગણધરથી વીર વાણીજી;
કેવલનાણી બીજ વખાણી, શિવપુરની નિશાણીજી;
ઉલટ આણી દિલમાંહે જાણી, વ્રત કરો ભવિ પ્રાણીજી; ૩.
પહેરી પટોલી ચરણાં ચોલી, ચાલી ચાલ મરાલીજી.
અતિ રૂપાલી અધર પ્રવાલી, આંખડલીઅણીઆલીજી
વિઘ્ન નિવારી સાનિધ્યકારી, શાસનની રખવાલીજી;
ધીર વિમલ કવિ રાયનો સેવક, બોલે નય નિહાલીજી. ૪

---

## શ્રી સિદ્ધચક્રની સ્તુતિ.

અંગદેશ ચંગાપુરી વાસી, મયણા ને શ્રીપાળ સુખાશી,
સમકિત શું મન વાસી;
આદિ જિનેશ્વરની ઉલ્લાસી, ભાવે પૂજા કીધી મન આશી,
ભાવ ધરી વિશ્વાસી;
ગલિત કોઢ ગયો તેણે નાશી, સુવિધિશું સિદ્ધચક્ર ઉપાસી;
થયા સ્વર્ગના વાસી.

આસો ચૈત્ર તણી પૂર્ણમાસી, એમ પૂજો ભક્તિ વિકાસી,
આદિ પુરૂષ અવિનાશી. ૧
કેસર ચંદન મૃગમદ ઘોળી, હરખે શું ભરી હેમ કચોળી,
શુદ્ધ જળે અંઘોળી;
નવ આંબિલની કીજે ઓળી, આસો સુદ સાતમથી ખોલી,
પૂજો શ્રી જિન ટોળી;
ચઉગતિ માંહે આપદા ચોળી, દુર્ગતિના દુઃખ દૂરે ઢોળી,
કર્મ નિકાચિત રોળી;
કર્મ કષાય તણા મદ રોળી, જેમ શિવ રમણીભમર ભોળી,
પામ્યા સુખની ઓળી. ૨
આસો સુદ સાતમશું વિચારી, ચૈત્રી પણ ચિત્તશું નિરધારી.
નવ આંબિલની સારી;
ઓળી કીજે આળસ વારી, પ્રતિક્રમણ બે કીજે ધારી,
સિદ્ધચક્ર પૂજો સુખકારી;
શ્રી જિનભાષિત પર ઉપકારી, નવ દિન જાપ જપો નરનારી,
જેણ લહીએ મોક્ષની બારી;
નવપદ મહિમા અતિ મનોહારી, જિન આગમ ભાખે ચમકારી,
જાઉં તેહની બલિહારી. ૩
શ્યામ ભમર સમ વીણા કાળી, અતિ સોહે સુંદર સુકુમાળી,
જાણે રાજમરાળી;
જસહલ ચક્ર ધરે રૂપાળી, શ્રીજિનશાસનની રખવાળી,
ચક્રેશ્વરી મેં ભાળી;
જે એ ઓળી કરે ઉજમાળી, તેના વિઘ્ન હરે સા બાળી,
સેવક જન સંભાળી,
ઉદયરત્ન કહે આસનવાળી, જે જિન નામ જપે જપમાળી,
તે ઘર નિત્ય દીવાળી. ૪

## સુધર્મા દેવલોકની સ્તુતિ.

સુધર્મા દેવલોક પહેલો જાણો, દોઢ રાજ ઉંચો તસ જાણો,
સોહમ ઈંદ્રો તેહનો રાણો;
શક્રનામે સિંહાસન છાજે, ઐરાવણ હાથી તસ ગાજે,
દીઠે સંકટ ભાંજે;
સકલ દેવ માને તસ આણ, આઠ ઈંદ્રાણી ગુણની ખાણ,
વજ્ર તે જમણે પાણ;
બત્રીશ લાખ વૈમાનનો સ્વામી, ઋષભ દેવને નમે શિર નામી,
હૈયે હરખ બહુ પામી. ૧

ચોવીશે જિનવર પ્રણમીજે, વિહરમાન જિન પૂજા કીજે,
માનવ ભવ ફલ લીજે,
બાર દેવલોક ને નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર સકલ વિવેક,
જિહાં છે પડિમા અનેક;
ભુવનપતિ વ્યંતરમાંહિ બાર, જ્યોતિષી માંહે સંખ્યા અપાર,
તેહશું સ્નેહ અપાર;
મેરૂપ્રમુખ વલી પર્વત જેહ, તિર્ચ્છા લોકમાં પડિમા જેહ,
હું વંદુ ધરી નેહ. ૨

સમવસરણ સુર રચે રે ઉદાર, જોજન એક તણો વિસ્તાર,
રચના વિવિધ પ્રકાર,
અઢી ગાઉ ઉંચુ તસ જાણ, ફુલ પગર સોહીએ ઢીંચણ સમાન.
દેવ કરે તિહાં ગાન;
મણિ હેમ રત્નમય સોહે, ત્રિગડું દેખી ત્રિભુવન મોહે,
તિહાં બેઠા જિન પડિબોહે;
અણવાગ્યાં વાજીંત્ર વાગે, ત્રણ છત્ર શિર ઉપર છાજે,
સેવક જિનને નિવાજે. ૩

ચરણ કમલ ને ઉરના ચાલા, કટી મેખલ ખલકે સુવિશાલા,
ગલે મોતનકી માલા;
પુનમચંદ જેમ વદન બિરાજે, નયન કમળની ઉપમા છાજે,
દીઠે સંકટ ભાંજે;
બાલી ભોળી ચક્રેશ્વરી માય, જે નર સેવે સિદ્ધચક્ર રાય;
શ્રી સંઘને સુખદાય;
શ્રી ખીમાવિજય ગુરૂ તપગચ્છરાય, પ્રણમું કાંતિવિજય ઉવજ્ઝાય,
શિષ્ય કીર્તિવિજય ગુણ ગાય. ૪

---

## શ્રી ગૌતમ સ્વામીનો વિલાપ.

વર્દ્ધમાન વચને તદા, શ્રી ગૌતમ ગણધાર;
દેવશર્મ પ્રતિબોધવા, ગયા હતા નિરધાર. ૧

પ્રતિબોધી તે વિપ્રને, પાછા વલિયા જામ;
તવ તે શ્રવણે સાંભળે, વીર લહ્યા શિવધામ. ૨

ધ્રાસક પડયો તવ ધ્રાસકો, ઉપન્યો ખેદ અપાર;
વીર વીર કહી વલવલે, સમરે ગુણ સંભાર. ૩

પૂછીશ કોને પ્રશ્ન હું, ભંતે કહી ભગવંત;
ઉત્તર કુણ મુજ આપશે ગોયમ કહી ગુણવંત. ૪

અહો પ્રભુ આ શું કર્યું, દીનાનાથ દયાલ;
તે અવસર મુજને તમે, કાઢયો દૂર કૃપાલ. ૫

સંપૂર્ણ.

---

# પરચૂરણ

## શ્રી પાર્શ્વનાથનો મહામંત્ર.

ૐ જિતુ ૐ જિતુ ૐ જિઉપશમ ધરી,
ૐ હ્રીં પાર્શ્વ અક્ષર જપંતે;
ભૂતને પ્રેત જ્યોતિષ વ્યંતર સુરા,
ઉપશમે વાર એકવીશ ગુણંતે. ૐ જિતુ૦ ૧

દુષ્ટ ગ્રહ રોગ શોક જરા જંતુને,
તાવ એકાંતરો દિન તપંતે;
ગર્ભબંધન વારણ સર્પ વીંછી વિષ,
બાલિકા બાળની વ્યાધિ હંતે. ૐજિતુ૦ ૨

શાયણિ ડાયણિ રોહિણી રાંધણી,
ફોટિકા મોટિકા દુષ્ટ હંતિ.
દાઢ ઉંદર તણી કોલ નોલા તણી,
શ્વાન શિયાળ વિકરાળ દંતી. ૐજિતુ૦ ૩

ધરણ પદ્માવતી સમરી શોભાવતી,
વાટ અઘાટ અટવી અટંતે;
લક્ષ્મી લુંદો મળે, સુજસ વેળા વળે,
સયળ આશા ફળે મન હસંતે. ૐજિતુ૦ ૪

અષ્ટ મહાભય હરે, કાન પીડા ટળે,
ઉતરે શૂલ શીશક ભણંતે;
વદતિ વર પ્રીતશું, પ્રીતિ વિમળ પ્રભો,
પાર્શ્વજિન નામ અભિરામ મંતે. ૐજિતુ૦ ૫

## શ્રી નવકાર મંત્ર જાપ

સમરો મંત્ર ભલો નવકાર, એ છે ચૌદ પૂરવનો સાર;
એના મહિમાનો નહિ પાર, એનો અર્થ અનંત ઉદાર. સમરો૦૧
દુઃખમાં સમરો, સુખમાં સમરો, સમરો દિવસ ને રાત;
જીવતાં સમરો મરતાં સમરો, સમરો સૌ સંઘાત. સમરો૦ ૨
યોગી સમરે ભોગી સમરે, સમરે રાજા રંક;
દેવો સમરે દાનવ સમરે, સમરે સુખ નિઃશંક. સમરો૦ ૩
અડસઠ અક્ષર એના જાણો, અડસઠ તીરથ સાર,
આઠ સંપદા તેની પ્રમાણો, અડસિદ્ધિ દાતાર. સમરો૦ ૪
નવપદ એના નવનિધિ આપે, ભવો ભવના દુઃખ કાપે;
વીર વચનથી હૃદયે વ્યાપે, પરમાતમ પદ આપે. સમરો૦ ૫

---

# સ્તવનો

## શ્રી પદ્મનાથનું સ્તવન

હો અવિનાશી શીવવાસી સુવિલાસી સુસીમા નંદના,
છો ગુણરાશી તત્ત્વપ્રકાશી ખાસી માનો વંદના. ૧
તુમે ઘર નૃપતિ કૂલે આયા, તુમે સુસીમા રાણીના જાયા;
છપ્પન્ન દિગ કુમરી હુલરાયા. હો અવિનાશી ૨
સોહમ સુરપતિ પ્રભુ ઘર આવે, કરી પંચ રૂપ સુરગીરિ પાવે;
તિહાં ચોસઠ હરિ ભેલા થાવે. હો અવિનાશી. ૩
થઈ થુઇ મંગળ કરી જાવે, પ્રભુને જનની પાસે ઠાવે;
કોડી બત્રીશ સોવન વરસાવે. હો અવિનાશી. ૪
પ્રભુ દેહડી દીપે લાલ મણી, ગુણ ગાવે શ્રેણી ઇંદ્ર તણી;
પ્રભુ ચિરંજીવો ત્રીભુવન ધણી. હો અવિનાશી. ૫

અઢીસેં ધનુષ ઉંચી કાયા, લહી ભોગવી રાજ્ય રમા જાયા;
પછી સંયમ લઈ કેવળ પાયા. હો અવિનાશી. ૬
પ્રભુ તીરથ વરતાવી જગમાંહિ, જન નિસર્યા પકરી બાંહિ;
જે રમણમે નિજ ગુણ માંહિ. હો અવિનાશી. ૭
અમ વેલા મૌન કરી સ્વામી, કિમહિ બેઠા છો અંતરજામી;
જગતારન બિરૂદ લગે ખામી. હો અવિનાશી. ૮
નિજ પાદ પદ્મ સેવા કીજે, નિજ સેવકને સમવડ દીજે;
કહે રૂપવિજય મુજરો લીજે. હો અવિનાશી. ૯

---

## શ્રી અભિનંદનજિન સ્તવન

શ્રી અભિનંદન સ્વામીનેરે, સેવે સુરકુમરીની કોડકે;
પ્રભુની ચાકરી રે,
મુખ મટકે મોહી રહી રે, ઉભી આગળ બે કર જોડકે. પ્ર૦ ૧.
સ્વર ઝીણે આલાપતી રે, ગાતી જિન ગુણ ગીત રસાળ કે; પ્ર૦
તાલ મૃદંગ બજાવતી રે, દેતી અમરી ભમરી બાળકે. પ્ર૦ ૨.
ઘમ ઘમ ઘમકે ઘુઘરી રે, ખળકે કટિ મેખલ સાર કે, પ્ર૦
નાટક નવ નવા નાચતીરે, બોલે પ્રભુ ગુણ ગીત રસાળ કે. પ્ર૦ ૩
સૂત સિદ્ધારથ માતનો રે, સંવર ભૂપતિ કુળ શિણગાર કે. પ્ર૦
ધનુસય સાડાત્રણની રે, પ્રભુજીને દીપે દેહ અપાર કે. પ્ર૦ ૪
પૂરણ લાખ પચાસનું રે, પાળી આયુ લહ્યું શુભ ઠામ કે; પ્ર૦
નયરી અયોધ્યાનો રાજીયો રે, દરશણ નાણ રયણ ગુણ
ખાણ કે. પ્ર૦ ૫
સેવો સમરથ સાહિબો રે, સાચો શિવનયરીનો સાથ; પ્ર૦
મુજ હૈડામાંહિ વસ્યો રે, વ્હાલો તીન ભૂવનનો નાથ કે. પ્ર૦ ૬
ઇણિ પરે જિન ગુણ ગાવતાં રે, લહો એ અનુભવ સુખરસાળ;
રામવિજય પ્રભુ સેવતાં રે, કરતાં નિત મંગળ માળ. પ્ર૦ ૭

## શંખેશ્વર પાર્શ્વનાથનું સ્તવન

સાર કર સાર કર સ્વામી શંખેશ્વરા,
વિશ્વવિખ્યાત એકાંત આવો;
જગતના નાથ મુજ હાથ ઝાલી કરી,
જમાં વાર આજ કિમ કા લાવો. સ્વા૦ ૧
હૃદય મુજ રંજણો સયલ દુઃખ ભંજણો,
ઇષ્ટ પરમીષ્ટ મોહિ તું સાચો;
ખલક ખિજમત કરે વિપતિ સમે ખિણરેભ,
નવિ રહે તાસ અભિલાષ કાચો. સાર૦ ૨
યાદવા રણજણે રામ કેશવ રણે,
જામ લાગી જરા નિંદ સોતી,
સ્વામી શંખેશ્વરા ચરણ જલ પામીને,
યાદવોની જરા જાય રોતી. સાર૦ ૩
આજ જિનરાજ ઉંઘે કિસ્યું આ સમે,
જાગ મહારાજ ! સેવક પનોતા,
સુખૃદ્ધિ મળે ટળે, ધુત દોલત હરે,
વીર હાકે રિપુ વૃંત રોતા. સાર૦ ૪
દાસ છું જન્મના પૂરીયે કામના,
ધ્યાનથી માસ દસ દોય વીત્યા,
વિકટ સંકટ હરો નિકટ નયણા કરો,
તો અમે શત્રુ નૃપતિ કું જીત્યા. સાર ૫
કાળમું છે અશન શીતકાળે વસન,
શ્રમ સુખાસન રણે ઉદક દાઈ,
સુગુણ નર સાંભલે વિસરે નહિ કદા,
પાસજી તું સદા છે સખાઈ. સાર૦ ૬

માત તું તાત તું ભ્રાત તું દેવ તું,
દેવ દુનિયામાં દુજો ન વહાલો,
શ્રી શુભવીર જગ જીત ડંકો કરે,
નાથજી નેક નયણે નિહાળો. સાર૦ ૭

# શ્રી પાર્શ્વજિન સ્તવન

કોયલ ટહુકે રહી મધુ બનમેં,
પાર્શ્વ શામલીયા વસો મેરે દિલમેં;
હા પાર્શ્વ શામલીયા વસો મેરે દિલમે. ૧
કાશીદેશ વણારસી નયરી-વણારસી નયરી;
જન્મ લીયો પ્રભુ ક્ષત્રિય કુલમેં, હા જન્મ૦ ૨
બાલપણામાં પ્રભુ અદ્દભુત જ્ઞાની, હા-અદ્દભુત;
કમઠ ગુમાન હર્યો એક પલમેં, હા કમઠ૦ ૩
કાષ્ટ ચીરા કર નાગ નિકાલ્યો, હા નાગ;
સુરપતિ નાગ કિયો એક છિનમેં, હા સુરપતિ૦ ૪
સંજમ લેઈ પ્રભુ વિચરવા લાગ્યા, હા વિચરવા;
સંજમ ભિંજ ગયો એક રંગમેં, હા સંજમ૦ ૫
સમેત શિખર પ્રભુ મોક્ષ સિધાયા, હા મોક્ષ;
પ્રભુજીકો મહિમા ત્રણ ભુવનમેં, હા ત્રણ૦ ૬
ઉદયરત્નની એહી અરજ હૈ, હા એહી;
દીલ અટક્યો તોરા ચરણ કમલમેં હા દિલ૦ ૭

# સંખેશ્વર પાર્શ્વનાથનું સ્તવન.

સુણો સખી શંખેશ્વર જઇએ, વિશ્વંભરને શરણે રહીએ;
દુઃખ છંડીને સુખીયા થઈએ, સુણો સખી શંખેશ્વર જઈએ ૧
નમીએ દેવાધિ દેવા, સાચે શુદ્ધે કરૂં સેવા;
ચિત્ત વસે સામુંજ કહેવા. સુણો૦ ૨
આણી કષ્ટ થકી તો આરે. સેવક સાહિબ દિલ ધારે;
ભરાવી દામોદર વારે. સુણો૦ ૩
પડિમા પાર્શ્વનાથ તણી, ગંગા જમના માંહે ઘણી;
કાળ અસંખ્ય જિનેંદ્ર ભણી. સુણો૦ ૪
લવણોદધિ વ્યંતર નગરે, ભૂવનપતિમાં એમ સઘળે;
પૂજી ભાવ ઘણે રે અમરે. સુણો૦ ૫
ચંદ્ર સૂર્ય વિમાને, કલ્પે સૌધર્મ ઈશાને;
અર્ચી બારમા ગીર્વાણે. સુણો૦ ૬
જાદવ લોક જરા વાસી, રામ હરિ રહ્યા ઉદાસી;
અઠ્ઠમ ધ્યાન ધરે આસી. સુણો૦ ૭
પદ્માવતી દેવી તુઠી, શંખેશ્વર પ્રતિમા દીધી;
જાદવ લોકની જરા નીઠી. સુણો૦ ૮
પાર્શ્વ પ્રભુજીનો જશ વ્યાપે, શંખેશ્વર નગરી થાપે;
સેવકને વંછિત આપે સુણો૦ ૯
ગામ ગામે ઓચ્છવ થાવે, થોકે ગુણીજન ગુણ ગાવે;
શંખેશ્વર નગરી પાવે. સુણો૦ ૧૦
તે પ્રભુ ભેટણને કામે, શા સુળચંદ સુત શ્રી પામે;
સંઘવી માણેક શા નામે. સુણો૦ ૧૧
વંશે વડા છે શ્રીમાળી, ઇચ્છાચંદ માણેક જોડ ભલી,
ગુર્જર દેશનો સંઘ મળી. સુણો૦ ૧૨

અઢારસે સીતોતેર વરસે, માગશર વદ પડવા દિવસે;
વિશ્વંભર ભેટયા છે ઉલસે સુણો૦ ૧૩

સાહિબ મુજ દેખી હસતા, શ્રી શુભવીર વિઘ્ન હરતા;
પ્રભુ નામે કમળા વરતા. સુણો૦ ૧૪

---

## શ્રી પાર્શ્વનાથનું સ્તવન

શ્રી શંખેશ્વર પાસજી સુણો મુજ વિનતિ,
આવ્યો છું હું આજ આશા મોટી ધરી,
લાખ ચૌરાસી જીવા યોની દ્વારા ભમ્યો,
તે માંહે મનુષ્ય જન્મ અતિ દોહિલો. ૧

તે પણ પૂરવ પુન્ય પ્રભાવે અનુભવ્યો,
તો પણ દેવગુરૂ ધર્મ નવ ઓળખ્યો;
શું થાશે પ્રભુ મુજ તુજ કરૂણા વિના,
રઝળ્યો રાંકની પેરે, પામ્યો વિટંબના, ૨

ન દીધું શુદ્ધ દાન સુપાત્રે ભાવથી,
ન પાલ્યું વલી શીયલ, વિટંબિયો કામથી;
તપ તપ્યો નહિ કોઇ આતમને કારણે,
શું ઝાઝું કહું નાથ જાવું નરક બારણે; ૩

કીધો મેં જે કુકર્મ, જો તે વિવરી કહું,
તો લાગે બહુ વાર ભજન કયારે કરૂં;
પૂર્વ વિરાધિક ભાવથી ભાવના ઉલ્લસે,
ચારિત્ર ડાલ્યું નાથ, કરમ મોહની વશે, ૪

ક્ષણક્ષણમાં બહુવાર પરિણામની ભિન્નતા,
તે જાણો છો મહારાજ મારી વિકલ્પના;

નહિ ગુણનો લવલેશ જગત ગુણી કહે,
તે સુણી મારૂં મન હરખે અતિ ગહગહે. ૫
માગું દીનદયાળ ચરણ તણી સેવના,
હોજો વૃદ્ધિ ધર્મની ભવો ભવ ભાવના;
તુજ દરિશન દેવ અતિ ભલું;
પૂરવ પુણ્ય પસાયે કલ્પવૃક્ષ ફલ્યું. ૬

---

## શ્રી શાંતિજિન સ્તવન

શાંતિ જિનેશ્વર સાહિબ વંદો, અનુભવ રસનો કંદોરે;
મુખને મટકે લોચન લટકે, મોહ્યા સુરનર વૃંદોરે. શાંતિ ૧
મંજર દેખીને કોયલ ટહુકે, મેઘ ઘટા જેમ મોરારે;
તિમ જિન પ્રતિમા નિરખી હરખું, વલી જિમ ચંદ્ર ચકોરોરે.
શાંતિ૦ ૨
જિન પ્રતિમા શ્રી જિનવરે ભાખી, સૂત્ર ઘણાં છે સાખી રે;
સુરનર મુનિવર વંદન પૂજા, કરતા શીવ અભિલાષીરે.
શાંતિ૦ ૩
રાયપસેણી પ્રતિમા પૂજી, સૂર્યાભ સમકિત ધારી રે;
જીવાભિગમે પ્રતિમા પૂજી, વિજય દેવ અધિકારી રે.
શાંતિ૦ ૪
જિનવર બિંબ વિના નવિ વંદુ, આણંદજી એમ બોલે રે;
સાતમે અંગે સમકિત મૂલે, અવર નહિ તસ તોલે રે.
શાંતિ૦ ૫
જ્ઞાતાસૂત્રે દ્રૌપદી પૂજા, કરતી શીવસુખ માગે રે;
રાય સિદ્ધારથે પ્રતિમા પૂજી, કલ્પસૂત્ર માંહે રાગે રે.
શાંતિ૦ ૬

વિદ્યાચરણ મુનિવરે વંદી, પડીમા પાંચમે અંગે રે;
જંઘાચરણ મુનિવરે વંદી, જિન પ્રતિમા મન રંગેરે.
શાંતિ૦ ૭

આર્ય સુહસ્તિસૂરિ ઉપદેશે, ચાવો સંપ્રતિ રાયરે;
સવા કોડી જિન બિંબ ભરાવ્યાં, ધન ધન એહની માયરે.
શાંતિ૦ ૮

મોકલી પ્રતિમા અભય કુમારે, દેખી આર્દ્ર કુમાર રે;
જાતિ સ્મરણ મેં સમકિત પામી, વરીયો શિવસુખ સાર રે.
શાંતિ૦ ૯

ઇત્યાદિક બહુ પાઠ કહ્યા છે, સૂત્રમાંહે સુખકારી રે;
સૂત્રતણો એક વર્ણ ઉત્થાપે, તે કહ્યો બહુલ સંસારી રે.
શાંતિ૦ ૧૦

એ માટે જિન આણા ધારી, કુમતિ કદાગ્રહ નિવારી રે,
ભક્તિતણાં ફળ ઉત્તરાધ્યયને બોધિબીજ સુખકારી રે.
શાંતિ૦ ૧૧

એક ભવે દોય પદવી પામ્યા, સોળમા શ્રી જીનરાય રે,
મુજ મન મંદિરીયે પધરાવ્યા, ધવલ મંગલ ગવરાવ્યા રે.
શાંતિ૦ ૧૨

જિન ઉત્તમ પદ રૂપ અનુપમ, કીર્તિ કમલાની સાલા રે;
જીવવિજય પ્રભુજીની ભક્તિ કરતાં મંગલ માલા રે.
શાંતિ૦ ૧૩

---

## શ્રી શાંતિ જિન સ્તવન

સુંદર શાંતિ જિણંદની છબી છાજે છે,
પ્રભુ ગંગાજલ ગંભીર, કીર્તિ ગાજે છે.

ગજપુર નગર સોહામણું ઘણું દીપે છે,
વિશ્વસેન નરિંદનો નંદ કંદર્પ ઝીપે છે, ૧
અચિરા માતાએ ઉર ધર્યો મન રંજે છે,
મૃગલંછન કંચનવાન ભાવઠ ભંજે છે. ૨
પ્રભુ લાખ વરસ ચોથે ભાગ વ્રત લીધું છે,
પ્રભુ પામ્યા કેવલજ્ઞાન કારજ સીધ્યું છે. ૩
ધનુષ ચાલીશનું ઇશનું તનુ સોહે છે,
પ્રભુ દેશના ધુની વરસંત ભવિ પડિબોહે છે. ૪
ભક્ત વત્સલ પ્રભુતા ભણી જન તારે છે,
બુડંતા ભવજલમાંહિ પાર ઉતારે છે. ૫
શ્રી સુમતિવિજય ગુરૂ નામથી દુ:ખ નાસે છે,
કહે રામવિજય જિન ધ્યાન નવવિધિ પાસે છે. ૬

---

## શ્રી નેમનાથ સ્વામીનું સ્તવન.

મેં આજ દરિશન પાયા, શ્રી નેમનાથ જિનરાયા;
પ્રભુ શિવા દેવીના જાયા, પ્રભુ સમુદ્રવિજય કુળ આયા.
કર્મો કે ફંદ છોડાયા, બ્રહ્મચારી નામ ધરાયા;
જેણે તોડી જગતકી માયા, શ્રી નેમનાથ જિનરાયા. ૧
રૈવતગીરિ મંડણ રાયા, કલ્યાણિક તીન સોહાયા;
દીક્ષા કેવળ શિવરાયા, જગતારક બિરૂદ ધરાયા;
તુમ બેઠે ધ્યાન લગાયા, મેં આજે દરિશન પાયા.
શ્રી૦ ને૦ ૨

અબ સુણો ત્રિભોવનરાયા, મેં કર્મો કે વશ આયા;
હું ચતુર્ગતિ ભટકાયા, મેં દુ:ખ અનંતા પાયા;
તે ગીણતી નહિ ગણાયા, મેં આજે દરિશન પાયા.
શ્રી૦ ને૦ ૩

મેં ગર્ભાવાસમેં આયા, ઉંધે મસ્તક લટકાયા;
આહાર અરસવિરસ ભુક્તાયા, એમ અશુભ કર્મ ફલ પાયા;
ઈણ દુઃખસે નહિ મૂકાયા, મેં આજે૦ શ્રી૦ નેમ૦ ૪
નરભવ ચિંતામણિ પાયા, તબ ચાર ચોર મિલ આયા;
મુજે ચૌટે મેં લુંટ ખાયા, અબ સાર કરો જિનરાયા;
કિસ કારણ ડેર લગાયા, મેં આજે દરિશન પાયા.
શ્રી૦ ને૦ ૫

જેણે અંતરગત મિલાયા, પ્રભુ નેમ નિરંજન ધ્યાયા;
દુઃખ સંઘના વિઘન હરાયા, તે પરમાનંદ પદ પાયા;
ફિરે સંસારે નહિ આયા, મેં આજે દરિશન પાયા
શ્રી૦ ને૦ ૬

મેં દૂર દેશસેં આયા, પ્રભુ ચરણે શીશ નમાયા;
મેં અરજ કરી સુખદાયા, તે અવધારો મહારાયા;
એમ વીરવિજય ગુણગાયા, મેં આજે દરિશન પાયા.
શ્રી૦ ને૦ ૭

---

## શ્રી અજિત જિન સ્તવન

અજીત જીણંદશું પ્રીતડી, મુજન ગમે હો બીજાનો સંગ કે;
માલતી ફૂલે મોહિયા, કિમ બેસે હો બાવલ તરૂ વૃંદ કે.
અ૦ ૧

ગંગા જલમાં જે રમ્યા, કિમ છિલ્લર હો રતિ પામે મરાલકે;
સરોવર જલધર જલ વિના, નવિ ચાહે હો જગ ચાતક બાળકે.
અ૦ ૨

કોકિલ કલ કુજીત કરે, પામી મંજરી હો પંજરી સહકારકે
ઓછા તરૂવર નવિ ગમે, ગિરૂઆંશું હો હોએ ગુણનો
પ્યાર કે. અ૦ ૩

કમલિની દિનકર કર ગ્રહે, વલી કુમુદિની હો ધરે ચંદ્રશું પ્રીત કે;
ગૌરી ગીરીશ ગિરિધર વિના, નવિ ચાહે હો કમલા નિજ ચિત્તકે
અ૦ ૪
તિમ પ્રભુ શું મુજ મન રમ્યું, બીજા શું હો નવિ આવે દાય કે;
શ્રી નય વિજય વિબુધ તણો, વાચક જસ હો નિત નિત
ગુણ ગાય કે. અ૦ ૫

---

## શ્રી વીરજિન સ્તવન

હે વીર વ્હેલા આવો રે, ગૌતમ કહી બોલાવો રે,
દરિસન વ્હેલા દીજીએ હોજી;
પ્રભુ તું નિઃસ્નેહી, હું સસ્નેહી અજાણ. હે વીર૦ ૧
ગૌતમ ભણે જો નાથ તેં, વિશ્વાસ આપી છેતર્યો;
પરગામ મુજને મોકલી, તું મુક્તિ રમણીને વર્યો;
હે પ્રભુજી તારા ગુણ, ભેદાથી અજાણ. હે વીર૦ ૨
શિવ નગર થયું શું સાંકડું, કે હતી નહિ મુજ યોગ્યતા;
જો કહ્યું હોત મુજને, તો કોણ કોઇને રોકતા;
હે પ્રભુજી હું શું માગત, ભાગ મુજાણ. હે વીર૦ ૩
મમ પ્રશ્નના ઉત્તર દઇ, ગૌતમ કહી કોણ બોલાવશે;
કોણ સાર કરશે સંઘની, શંકા બિચારી કયાં જશે;
હે પુન્ય કથા કહી પાવન, કરો મુજ કાન. હે વીર૦ ૪
જિન ભાણ અસ્ત થયાં, તિમિર મિથ્યાત્વ સઘલે જાગશે;
કુમતિ કુશલ્ય જાગશે વલી, ચોર ચુગલ વધી જશે;
હે ત્રિગડે બેસી દેશના, દિયે જિનભાણ. હે વીર૦ ૫
મુનિ ચૌદ સહસ છે તાહરે, માહરે તું એક છે;
રડવડતો મને મૂકી ગયા, પ્રભુ કયાં તમારી ટેક છે;

હે પ્રભુજી ભવભ્રમાંતરમાં, પણ અંતર ન ધર્યો સુજાણ.
હે વીર૦ ૬

પણ હું આજ્ઞાવાટ ચાલ્યો, ન મલે કોઈ અવસરે;
હું રાગવશે રખડું નિરાગી, વીર શિવ પુર સંચરે;
હે વીર વીર કહું, વીર ન ધરે કાંઈ કાન. હે વીર૦ ૭

કોણ વીર ને કોણ ગૌતમ, નહિ કોઈ કોઇનું કહિએ;
એ રાગ ગ્રંથી છૂટતાં, વળી જ્ઞાન ગૌતમને થતાં;
હે સુરતરૂ મણી સમ, ગૌતમ નામે નિધાન. હે વીર૦ ૮

કાર્તિક માસે અમાસ રાત્રે, અષ્ટ દ્રવ્ય દીપક મળે;
ભાવ દીપક જ્યોત પ્રગટે, લોકો દેવ દીવાળી કરે;
તે વીર વિજયના, નરનારી કરે ધ્યાન. હે વીર૦ ૯

## શ્રી વીરજિન સ્તવન

જગપતિ તારક શ્રી જીનદેવ, દાસનો દાસ છું તાહરો;
જગપતિ તારક તું કિરતાર, મન મોહન પ્રભુ માહરો. ૧

જગપતિ તાહરે તો ભક્ત અનેક, મારે તો એકજ તું ધણી;
જગપતિ વીરમાં તું મહાવીર, મૂરતી તારી સોહામણી. ૨

જગપતિ ત્રિશલા રાણીનો તન, ગંધાર બંદર ગાજીઓ;
જગપતિ સિદ્ધારથ કુલ શણગાર, રાજ રાજેશ્વર રાજીયો. ૩

જગપતિ ભક્તોની ભાંગે છે ભીડ, ભીડ પડે પ્રભુ પારીખે;
જગપતિ તુંહી પ્રભુ અગમ અપાર, સમજ્યો ન જાય મુજસારીખે ૪

જગપતિ <u>ઉદય</u> નમે કરજોડ, સત્તર નેવ્યાશી સમે કિયો;
જગપતિ ખંભાત જંબૂસર સંઘ, ભગવંત ભાવશું ભેટીયો ૫

## શ્રી સીમંધર જિન સ્તવન.

શ્રી સીમંધર સાહિબા, સુણો સંપ્રતિ હો ભરતક્ષેત્રની વાત કે
અરિહા કેવલી કો નહિ, કેહને કહીએ હો મનના અવદાત કે.
શ્રી૦ ૧

ઝાઝું કહેતાં જુગતું નહિ, તુમ સોહે હો જગ કેવલનાણ કે;
ભૂખ્યા ભોજન માંગતા, આપે ઉલટ હો અવસરના જાણ કે,
શ્રી૦ ૨

કહેશો તુમે જુગતા નથી, જુગતાને હો વળી તારે સાંઇ કે;
યોગ્ય જનનું કહેવું કિશ્યું, ભાવહીણને હો તારો ગ્રહી બાંહ્ય કે.
શ્રી૦ ૩

થોડું હી અવસરે આપીયે, ઘણાંની હો પ્રભુ છે પછી વાત કે
પગલે પગલે પાર પામીયે, પછી લહીયે હો સઘળા અવદાત
કે. શ્રી૦ ૪

વહેલું મોડું તુમે આપશો, બીજાનો હો હું ન કરૂં સંગ કે;
શ્રી વીરવિમલ ગુરૂ શિષ્યનો, રાખીજે હો પ્રભુ અવિચલ રંગ
કે. શ્રી૦ ૫

---

## શ્રી સીમંધર જિન સ્તવન

કાયા પામી અતિ કૂડી, પાંખ નહિ આવું ઉડી;
લબ્ધિ નહિ કોઇ રૂડી રે, શ્રી યુગમંધરને કહેજો
દધિસુત વિનતડી સુણજો રે. શ્રી યુગ૦ ૧

તુમ સેવા માંહે સુર કોડી, ઈહાં આવે જો એક દોડી;
આશ ફલે પાતક મોડી રે. શ્રી યુગ૦ ૨

દુ:ષમ સમયમાં ઈણ ભરતે, અતિશય નાણી નવિ વરતે;
કહિયે કહો કોણ સાંભલતે રે. શ્રી યુગ૦ ૩

શ્રવણે સુખીયા તુમ નામે, નયણા દરિસણ નવિ પામે;
એ તો ઝગડાને ઠામે રે. શ્રી યુગ૦ ૪

ચાર આંગળ અંતર રહેવું, શોકલડીની પારે દુ:ખ સહેવું;
પ્રભુ વિના કોણ આગળ કહેવું રે. શ્રી યુગ૦ ૫

મહોટા મેળ કરી આપે, બેહુને તોલ કરી થાપે;
સજ્જન જસ જગમાં વ્યાપેરે. શ્રી યુગ૦ ૬

બેહુનો એક મતો થાવે, કેવલનાણ યુગલ પાવે;
તો સવિ વાત બની આવે રે. શ્રી યુગ૦ ૭

ગજલંછન ગજગતિ ગામી, વિચરે વિપ્ર વિજય સ્વામી;
નયરી વિજયા ગુણધામી રે. શ્રી યુગ૦ ૮

માત સુતારાએ જાયો, સુદૃઢ નરપતિ કુળ આયો;
પંડિત જિનવિજયે ગાયો રે. શ્રી યુગ૦ ૯

## શ્રી સીમંધર જિન સ્તવન

શ્રી સીમંધર સાહિબા, હું કેમ આવું તુમ પાસ હો મુણીંદ;
દૂર વચ્ચે અંતર ઘણો, મને મળવાની ઘણી આશ હો મુણીંદ.
શ્રી૦ ૧

હું તો ભરતને છેડલે, કાંઈ પ્રભુજી વિદેહ મોઝાર હો મુણીંદ;
ડુંગર વચ્ચે દરીયા ઘણા, કાંઇ કોશ તો કેઈ હજાર હો મુણીંદ.
શ્રી૦ ૨

પ્રભુ દેતા હશે દેશના, કાંઇ સાંભળે તિહાંના લોક હો મુણીંદ;
ધન્ય તે ગ્રામ નગર પૂરી, જિહાં વસે પુણ્ય શ્લોક હો મુણીંદ.
શ્રી૦ ૩

ધન્ય તે શ્રાવક શ્રાવિકા, જે નિરખે તુમ મુખ ચંદ હો મુણીંદ;
પણ એ મનોરથ અમતણો, કાંઈ ફળશે ભાગ્ય અમંદ હો મુણીંદ.
શ્રી૦ ૪

વર્તારો વર્તી જુઓ, કાંઈ જોશીએ માંડયા લગ્ન હો મુણીંદ;
કયારે સીમંધર ભેટશું, મુને લાગી એહ લગન હો મુણીંદ.
શ્રી૦ ૫

પણ કોઈ જોશી નહિ એહવો, જે ભાંજે મનની ભ્રાંત હો મુણીંદ;
પણ અનુભવ મિત્ર કૃપા કરે, તુમ મળવા તિણે એકાંત હો મુણીંદ
શ્રી૦ ૬

વીતરાગ નાવે સહી, તુમે વર્તો છો જગન્નાથ હો મુણીંદ;
મેં જાણ્યું તુમ કેણથી, હું થયો સ્વામી સનાથ હો મુણીંદ.
શ્રી૦ ૭

પુષ્કલાવતી વિજયે વસો, કાંઇ નયરી પુંડરિકિણી સાર હો મુણીંદ
સત્યકી નંદન વંદણા, અવધારો ગુણ ધામ હો મુણીંદ.
શ્રી૦ ૮

શ્રી શ્રેયાંસ નૃપ કુળ ચંદલો, રૂખમણી રાણીનો કંત હો મુણીંદ;
વાચક રામવિજય કહે, તુમ ધ્યાન હોજો મુજ ચિત્ત હો મુણીંદ
શ્રી૦ ૯

## શ્રી અભિનંદન જિન સ્તવન

પ્રભુ મુજ દરિશન મળીયો અલવે, મન થયો હવે હળવે હળવે;
સાહિબા અભિનંદન દેવા, મોહના અભિનંદન દેવા;
પુણ્યોદય એ મોટો માહરો, અણચિંત્યો થયો દરિશણ તાહરો.
સા૦ ૧

દેખત એવ હરી મન લીધું, કામણગારે કામણ કીધું; સા૦
મનડું જાયે નહિ કોઈ પાસે, રાત દિવસ રહે તાહરી પાસે.
સા૦ ૨

પહેલું તો જાણ્યું હતું સોહિલું, પણ મોટાશું મળવું દોહિલું;
સા૦
સોહિલું જાણી મનડું વળગ્યું, થાય નહિ હવે કીધું અળગું
સા૦ ૩

રૂપ દેખાડી હોએ અરૂપી, કિમ ગ્રહિવાયે અકળ સરૂપી;
સા૦
તાહરી ઘાત ન જાણી જાયે, કહો મનડાની શી ગતિ થાયે.
સા૦ ૪

પહિલાં જાણી પછે કરે કિરિયા, તે પરમારથે સુખના દરીયા;
સા૦
વસ્તુ અજાણ્યે મન દોડાવે,- તે તો મૂરખ બહુ પસ્તાવે.
સા૦ ૫

તે માટે તું રૂપી અરૂપી, તું શુદ્ધ બુદ્ધને સિદ્ધ સ્વરૂપી; સા૦
એહ સરૂપ ગ્રહીઉં જબ તાહરૂં, તવ ભ્રમ રહિત થયું મન માહરૂં
સા૦ ૬

તુજ ગુણ જ્ઞાન ધ્યાનમાં રહીયે, ઇમ હિળવું પણ સુલભ જ
કહીયે; સા૦
માનવિજય વાચક પ્રભુ ધ્યાને, અનુભવ રસમાં હળ્યો ઇક તાને.
સા૦ ૭

---

## રાયણ પગલાંનું સ્તવન

શ્રી આદીશ્વર અંતરજામી, જીવન જગત આધાર,
શાંત સુધારસ જ્ઞાને ભરીયો, સિદ્ધાચલ શણગાર;
રાયણ રૂડીરે, જિહાં પ્રભુ પાય ધરે,
વિમલ ગીરિવંદો રે, દેખત દુઃખ હરે;
પુણ્યવંતા પ્રાણી રે પ્રભુજીની સેવા કરે. ૧

ગુણ અનંતા ગીરિવર કેરા, સિદ્ધા સાધુ અનંત;
વળીરે સિદ્ધશે વાર અનંતી, એમ ભાખે ભગવંત;
ભવો ભવ કેરા રે, પાતિક દૂર કરે. વિમળ૦ ૨

વાવડીયો રસ કૂંપા કેરી, મણી માણેકની ખાણ;
રત્નખાણ બહુ રાજે હો તીરથ, એવી શ્રી જિનવાણ;
સુખના સ્નેહી રે. બંધન દૂર કરે. વિમળ૦ ૩

પાંચ કરોડ શું પુંડરિક સિધ્યા, ત્રણ કરોડ શું રામ;
વીશ કરોડ શું પાંડવ મુકતે, સિદ્ધ ક્ષેત્ર સિદ્ધ ઠામ;
મુનિવર મોટા રે, અનંતા મુક્તિ વરે. વિમળ૦ ૪

એસો તિરથ ઓર ન જગમાં, ભાખે શ્રી જિનરાય;
દુરગતિ કાપેને પાર ઉતારે, વાલો આપે કેવળ નાણ;
ભવિજન ભાવે રે, જે એહનું ધ્યાન ધરે. વિમળ૦ ૫

દ્રવ્ય ભાવશું પૂજા કરતાં, પૂજે શ્રી જિનરાય;
ચિદાનંદ સુખ આતમ ભેદે, જયોતિસે જયોતિ મિલાઇ;
કિરતી એહની રે, માણેક, મુનિ કરે. વિમળ૦ ૬

## શ્રી મલ્લિનાથનું સ્તવન

મન મોહનજી મલ્લિનાથ, સુણો મુજ વિનતિ;
હું તો બૂડયો ભવોદધિ માંહ્ય, પીડાયો કર્મે અતિ. મન૦ ૧

જયાં જયાં અધર્મ કેરા કામ તેમાં બહુ હરખીયો;
ધર્મકાજમાં ન દીધું ધ્યાન, માર્ગ નવિ પરખીયો મન૦ ૨

દુર્ગુણે ભર્યો રે હું બાલ, સુગુણ ગણ નવિ રમ્યો;
મોહે મચ્યો સદા કાળ, હર્ષના ફંદે ફર્યો. મન૦ ૩

છલ કરીને ઘણું દગાબાજ, દ્રવ્યને મેં સંચીયા;
જુઠું લવી મુખ વાત, લોકોનાં મન હર્યાં. મન૦ ૪

પતિત પામર રંક જે, જીવ તેને છેતર્યાં બહુ;
પાપે કરી પિંડ ભરાય, કથા કેટલી કહું. મન૦ ૫

પ્રભુ તાહરો ધર્મ ઉદાર, મેં સો નવિ જાણ્યો;
મેં તો ઉથાપી તુજ આણ. પાપે ભર્યો પ્રાણીયો. મન૦ ૬

શુદ્ધ સમકિત તાહરૂં જેહ, તે મનથી ન ભાવીયું;
શંકા કંખા વિતિગિચ્છા માંહ્ય, પાખંડ પકાવીયું. મન૦ ૭

તકસીરો ઘણી મુજ નાથ, મુખે નવિ ગણી શકું;
કરો માફી ગુના જગ ભ્રાત, કહી કેટલા બકું. મન૦ ૮

રીઝ કરીને ઘણું જગનાથ, ભવ પાશ તોડીયે;
શરણે રાખી મહારાજ, પછી કેમ છોડીયે. મન૦ ૯

મળીયા વાચક વીર સુજાણ વિનયની આ વારમાં;
જેથી ટળીયા કુમતિના ફંદ, પ્રભુજી દેદારમાં. મન૦ ૧૦

# શ્રી ચંદ્રપ્રભુ જિન સ્તવન

સાચો હો પ્રભુ સાચો તું વીતરાગ,
જાણ્યો હો પ્રભુ જાણ્યો મેં નિશ્ચય કરીજી;
કાચો હો પ્રભુ કાચો મોહ જંજાલ,
છાંડો હો પ્રભુ છાંડો તે સમતા ધરીજી. ૧
સેવે હો પ્રભુ સેવે દેવની કોડી,
જોડી હો પ્રભુ જોડી નિજ કર આગલેજી;
દેવ હો પ્રભુ દેવ ઇંદ્રની નાર
દૃષ્ટિ હો પ્રભુ દૃષ્ટિ તુજ ગુણ રાગ લેજી. ૨
ગાવે હો પ્રભુ ગાવે કિન્નરી ગીત,
ઝીણે હો પ્રભુ ઝીણે રાગે રસ ભરીજી;
બોલે હો પ્રભુ બોલે જગ જશ વાદ,
ભાવે હો પ્રભુ ભાવે મુનિ ધ્યાને ધરીજી. ૩
સોહે હો પ્રભુ સોહે અતિશય રૂપ,
બેસે હો પ્રભુ બેસે કનક સિંહાસનેજી
ગાવે હો પ્રભુ ગાવે સંકરો નાદ,
રાજે હો પ્રભુ રાજે, સંઘ તુજ શાસનેજી. ૪
તું તો હો પ્રભુ તું તો તાહરે રૂપ,
ભુંજે હો પ્રભુ ભુંજે સંપદ આપણીજી.
નાઠી હો પ્રભુ નાઠી કર્મ ગતિ દૂર,
ઉઠી હો પ્રભુ ઉઠી તુજથી પાપીણીજી. ૫
જુઉ હો પ્રભુ જુઉ મુજ એક વાર,
સ્વામી હો પ્રભુ સ્વામી ચંદ્રપ્રભુ ધણીજી,
વાધે હો પ્રભુ વાધે કીર્તિ અપાર,
પામે હો પ્રભુ પામે શિવ લચ્છી ઘણીજી. ૬

# શ્રી ગૌતમ સ્વામીનું સ્તવન

પહેલો ગણધર વીરનોરે, શાસનનો શણગાર;
ગૌતમ ગોત્રતણો ધણીરે, ગુણમણી રયણ ભંડાર;
જયંકર જીવો ગૌતમસ્વામ, ગુણમણી કેરો ધામ. જયં૦
નવનિધિ હોય જસ નામ, જયં૦ પૂરે વંછિત કામ. જયં૦ ૧

જયેષ્ઠા નક્ષત્રે જનમીઆરે, ગોબર ગામ મોઝાર;
વિશ્વભૂતિ પૃથ્વી તણો રે, માનવી મોહનગાર. જયં૦ ૨

સમવસરણ દેવે રચ્યું રે, બેઠા શ્રી વર્ધમાન;
બેઠી તે બારે પર્ષદારે, સુણવા શ્રી જિનવાણ. જયં૦ ૩

વીર કને દીક્ષા ગ્રહીરે, પાંચસોને પરિવાર;
છઠ્ઠ છઠ્ઠ કરી પારણું રે, ઉગ્ર કરે વિહાર જયં૦ ૪

અષ્ટાપદ લબ્ધે કરીરે, વાંદ્યા જિન ચોવીશ;
જગચિંતામણી તિહાં કરીરે, સ્તવીઆ એ જગદીશ. જયં૦ ૫

પનરસો તાપસ પારણાંરે, ખીર ખાંડ ઘૃત આણ;
અમૃત જસ અંગુઠડેરે, ઉગ્યો કેવળ ભાણ. જયં૦ ૬

દીવાળી દિન ઉપજ્યું રે પ્રત્યક્ષ કેવળ જ્ઞાન;
અક્ષય લબ્ધિ તણો ધણીરે, ગુણમણિ રયણ ભંડાર. જયં૦૭

પચાસ વર્ષ ગૃહવાસમાં રે, છદ્મસ્થપણાએ ત્રીશ;
બાર વર્ષ લગે કેવળી રે, આઉ બાણું જગીશ. જયં૦ ૮

ગૌતમ ગણધર સરિખારે, શ્રી વિજયસેન સૂરીશ;
એ ગુરૂ ચરણ પસાઉલેરે, વીર નમે નિશદિશ. જયં૦ ૯

# શ્રી સુમતિજિન સ્તવન.

મોરા પ્રભુજી શું બાંધી પ્રીતડી, એ તો જીવન જગદાધાર; સનેહી;
સાચો તે સાહિબ સાંભરે, ક્ષણમાંહે કોટિવાર સનેહી;
વારી હું સુમતિજિણંદની. ૧

પ્રભુ થોડા બોલાને ગુણ ઘણા, એ તો કાર્ય અનંત કરનાર, સનેહી
ઓલગ જેહની જેવડી, ફળ તેવાં તસ દેનાર. સનેહી,
વારી૦ ૨

પ્રભુ અતિ ધીરો લાજે ભર્યો, જિમ સિંચ્યો સુકૃત ઘનસાર;સનેહી
એકજ કરૂણા લહેરમાં, સુનીવાજે કરે નિહાલ. સનેહી,
વારી૦ ૩

પ્રભુ ભવસ્થિતિ પાકે ભક્તને, ફળ આપી કરે સુપસાય; સનેહી
ઋતુ વિણ કહો કેમ તરૂવરે. ફળ પાકીને સુંદર થાય. સનેહી,
વારી૦ ૪

અતિ ભૂખ્યો પણ શું કરે, કાંઇ બેઉ હાથે ન જમાય, સનેહી;
દાસ તણી ઉતાવળે, પ્રભુ કિણવિધ રીઝ્યો જાય. સનેહી,
વારી૦ ૫

પ્રભુ લખિત હોય તો લાભીએ, મન માન્યો મહારાજ, સનેહી
ફળ તો સેવાથી સંપજે, વિણ ખણુ ન ભાંજે ખાજ. સનેહી,
વારી૦ ૬

પ્રભુ વિસર્યા નવિ વિસરે, સાહમું અધિક હોવે નેહ, સનેહી;
મોહન કહે કવિ રૂપનો, મુજ વહાલા છે જિનવર એહ. સનેહી,
વારી૦ ૭

---

## શ્રી ઋષભદેવનું સ્તવન.

કયાંથી રે પ્રભુ અવતર્યા, કયાં લીધો અવતારજી;
સર્વારથ સિદ્ધ વિમાનથી ચવી, ભરતક્ષેત્ર અવતારજી;
તારો રે દાદા ઋષભજી. ૧
ચોથ ભલીરે અષાઢની, જનની કૂખે અવતારજી;
ચૌદ સુપન નિર્મલ લહી, જાગ્યા જનની તેણીવારજી. તા૦ ૨
ચૈત્ર વદી આઠમ દિને, જન્મ્યા શ્રી ત્રિભુવનનાથજી;
છપ્પન દિગકુમારી મલી, ટાળે શુચિકર્મ તેણીવારજી, તા૦ ૩
ચોસઠ ઇંદ્ર તિહાં આવીયા, નાભિરાયા દરબારજી;
પ્રભુને લઈ મેરૂ ગયા, સ્નાત્ર મહોત્સવ કરે તેણીવારજી. તા૦ ૪
પ્રભુને સ્નાત્ર મહોત્સવ કરી, લાવ્યા જનનીની પાસજી,
અવસ્વાપિની નિદ્રા હરી કરી, રત્નનો ગેડી દડો મૂકેજી. તા૦ ૫
ત્રીશ લાખ પૂરવ ગૃહવાસો વસ્યા, પરણ્યા દોયજ નારીજી;
સંસારિક સુખ વિલસી કરી, લેવા સંજમ ભારજી. તા૦ ૬
લોકાંતિક સુર આવી કરી, વિનવે ત્રિભુવન નાથજી;
દાન સંવત્સરી આપીને, લીધો સંજમ ભારજી. તા૦ ૭
પંચ મહાવ્રત આદરી, ચૈત્ર વદી અષ્ટમી જાણજી;
ચાર હજાર સાથે સંયમી, ઉપન્યું ચોથું જ્ઞાનજી. તા૦ ૮
કર્મ ખપાવી કેવલ લહી, લોકાલોક પ્રકાશજી;
સંશય ટાલી જીવના, લેવા શિવરમણી સારજી. તા૦ ૯
ખોટ ખજાને પ્રભુ તારે નથી, દેતાં લાગે શું વારજી;
કાજ સરે નિજ દાસના, એ છે આપનો ઉપગારજી. તા૦ ૧૦
ઘરનાને તાર્યાં તેમાં શું કર્યું, મુજ સરિખાને તારોજી;
કલ્પવૃક્ષ જિહાં ફળ્યો, તેમ દાદો દયાલજી. તા૦ ૧૧
ચરણે આવ્યાને પ્રભુ રાખશો, બાહુબલ ભરત નરેશજી;
પદ્મવિજય કહે વંદણા, તારો તારો દાદા દયાલજી. તા૦ ૧૨

# શ્રી સિદ્ધચક્રનું સ્તવન

સિદ્ધચક્ર વર સેવા કીજે, નરભવ લાહો લીજે જી;
વિધિ પૂર્વક આરાધન કરતાં, ભવ ભવ પાતિક છીજે;
ભવિજન ભજીયેજી રે, અવર અનાદિની ચાલ;
નિત્ય નિત્ય તજીએજી રે.-એ ટેક ૧

દેવનો દેવ દયા કર ઠાકર, ચાકર સુર નર ઈંદ્રાજી;
ત્રિગડે ત્રિભુવન નાયક બેઠા, પ્રણમો શ્રી જિનચંદા. ભવિ૦૨
અજ અવિનાશી અકળ અજરામર, કેવલ દંસણ નાણીજી;
અવ્યાબાધ અનંત વીરજ, સિદ્ધ પ્રણમો ગુણખાણી. ભવિ૦૩
વિદ્યા સૌભાગ્ય લક્ષ્મી પીઠ, મંત્ર રાજ યોગ પીઠજી;
સુમેરૂ પીઠ એ પંચ પ્રસ્થાને, નમો આચારજ ઈઠ્ઠ. ભવિ૦૪
અંગ ઉપાંગ નંદિ અનુયોગા; છ છેદને મૂળ ચારજી;
દસ પયન્ના એમ પણયાલીસ, પાઠક તેહના ધાર. ભવિ૦૫
વેદ ત્રણને હાસ્યાદિક ષટ્, મિથ્યાત્વ ચાર કષાયજી;
ચૌદ અભ્યંતર નવવિધ બાહ્યની, ગ્રંથી તજે મુનિરાય. ભવિ૦૬
ઉપશમ ક્ષય ઉપશમને ક્ષાયિક, દર્શન ત્રણ પ્રકારજી;
શ્રદ્ધા પરિણતિ આતમ કેરી, નમીયે વારંવાર. ભવિ૦૭
અઠ્ઠાવીસ ચૌદને ષટ્ દુગ ઇગ, મત્યાદિકના જાણજી;
એમ એકાવન ભેદે પ્રણમો, સાતમે પદ વરનાણ, ભવિ૦૮
નિવૃત્તિને પ્રવૃત્તિ ભેદે, ચારિત્ર છે વ્યવહારજી;
નિજ ગુણસ્થિરતા ચરણ તે પ્રણમો. નિશ્ચે શુદ્ધ પ્રકાર.ભવિ૦૯
બાહ્ય અભ્યંતર તપ તે સંવર, સમતા નિર્જર હેતજી;
તે તપ નમીયે ભાવ ધરીને, ભવસાગરમાં સેતુ. ભવિ૦૧૦
એ નવપદમાં પણ છે ધર્મી, ધર્મ તે વરતે ચારજી;
દેવગુરૂને ધર્મ તે એહમાં, દોય ત્રણ ચાર પ્રકાર. ભવિ૦૧૧

માર્ગદેશક અવિનાશીપણું, આચાર વિનય સંકેતેજી;
સહાયપણું ધરતા સાધુજી, પ્રણમો એહિજ હેતે. ભવિ૦૧૨
વિમળેશ્વર સાનિધ્ય કરે તેહની, ઉત્તમ જે આરાધેજી;
પદ્મવિજય કહે તે ભવીપ્રાણી, નિજ આતમ હિત સાધે. ભવિ૦૧૩

---

## શ્રી ચંદનબાળાની સજ્ઝાય ( ઢાળ—૩ )

### ઢાળ ૧ લી

શ્રી સરસ્વતીનારે પય પ્રણમી કરી, થુણશું ચંદનબાળાજી;
જેણે વીરનોરે અભિગ્રહ પુરીયો; લીધી મંગળ માળાજી.
દાન ઉલટ ધરી ભવિયણ દીજીએ, જેમ લહીએ જગમાનોજી;
સ્વર્ગતણા સુખ સ્હેજે પામીએ, નાસે દુર્ગતિ થાનોજી. દાન૦ ૧
નયરી કોસંબીરે રાજ્ય કરે, તિહાં નામે શતાનિક જાણુંજી;
મૃગાવતી રાણીરે સહિયર તેહની, નંદી નામે વખાણુંજી. દાન૦ ૨
શેઠ ધનાવોરે તિણ નયરી વસે, ધનવંતમાં શિરદારો રે;
મૂળા નામેરે ઘરણી જાણીએ, રૂપે રતિ અવતારોજી. દાન૦ ૩
એણે અવસર શ્રીવીરજિણેસરૂ, કરતા ઉગ્ર વિહારો જી;
પોષ વદ પડવેરે અભિગ્રહે, મનધરીઆવ્યા તિણપુર સારોજી.દા૦૪
રાજ સુતા હોય મસ્તક ક્ષુર કરી, કીધાં ત્રણ ઉપવાસોજી;
પગમાં બેડીરે રોતી દુઃખ ભરે, રહેતી પર ઘર વાસોજી. દાન૦ ૫
ખરેરે બપોરે બેઠી ઉંબરે, એક પગ બાહિરે એક માંહેજી;
સુપડાને ખૂણેરે અડદના બાકળા, મુજને આપે ઉચ્છાહેજી. દાન૦૬
એહવું ધારીરે મનમાંહે પ્રભુ, ફરતા આહારને કાજે જી;
એક દિન આવ્યારે નંદીના ગ્રહે, ઇર્યાસમિતિ બીરાજેજી. દાન૦૭
તવ સા દેખીરે મન હર્ષિત થઇ, મોદક લઇ સારો જી;
વોહરાવે પણ પ્રભુજી નવ લીએ, ફિરી ગયા તેણી વારોજી. દાન૦૮

નંદી જઇને રે સહિઅરને કહે, વીર જીનેસર આવ્યાજી;
ભિક્ષા કાજેરે પણ લેતા નથી,મનમાંઅભિગ્રહ લાવ્યાજી. દાન૦૯
તેહના વચણ સુણી નિજ નયરમાં, ઘણારે ઉપાય કરાવેજી;
એક નારી તિહાં મોદક લેઈ કરી, એક જણી ગીતજ ગાવેજી દાન૦૧૦
એક નારી શૃંગાર સોહામણા, એક જણી બાળક લેઈજી;
એક જણી મૂકે રે વેણજ મોકળી, નાટક એક કરેછેજી. દાન૦૧૧
એણી પરે રમણી રે રંગભરી આણી હરખ અપારોજી;
વોહરાવે બહુભાવ ભક્તિકરી, તો હિ ન લીયે આહારોજી. દાન૦૧૨
ધન્ય ધન્ય પ્રભુજી વીર જિણેસરૂ, તુમ ગુણનો નહિ પારજી;
દુક્કર પરિષહ ચિત્તમાં આદર્યો, એહ અભિગ્રહ સારોજ.દાન૦૧૩
એણી પરે ફરતાં રે માસ પંચજ થયાં, ઉપર દિનપચવીસોજી;
અભિગ્રહસરીખોરેજોગમળેનહિ, વિચરેશ્રીજગદીશોજી. દાન૦૧૪

ઢાળ ૨ જી

તેણે અવસર તિહાં જાણીયે, રાય શતાનિક આવ્યો રે;
ચંપા નગરીની ઉપરે, સેના ચતુરંગ દળ લાવ્યો રે;
તેણે અવસર તિહાં જાણીયે. ૧
દધિવાહન નાઠો થયો, સેના સઘળી નાઠીરે;
ધારણી ધુઆ વસુમતી, બાંદ પડયા થઇ માઠીરે. તેણે૦ ૨
મારગમાં જાતાં થકાં, સુભટને પુછે રાણી રે;
શું કરશો અમને તમે, ધરણી ગુણ ખાણી રે. તેણે૦ ૩
તેહ વચન શ્રવણે સુણી. સતીય શીરોમણી તામ રે;
તતક્ષણ પ્રાણ તજ્યા સહી, જોજ્યો કર્મના કામ રે. તેણે૦ ૪
વસુમતી કુમરી લેઇ કરી, આવ્યો નિજ ઘર માંહી રે;
કોપ કરી ઘરણી તિહાં, દેખી કુમરી ઉત્સાહી રે. તેણે૦ ૫
પ્રાતઃ સમય ગયો વેચવા કુમરીને નિરધારો રે;
વેશ્યા પૂછે મુલ તેહનો, કહે શત પંચ દિનારો રે. તેણે૦ ૬

એહવે તિહાં કણે આવીયો શેઠ ધનાવો નામ રે;
તે કહે કુમારી લેશું અમે, ખાસાં આપીશ દામ રે. તેણે૦ ૭
શેઠ વેશ્યા ઝગડે તિહાં, માંહો માંહે વિવાદો રે;
ચક્કેસરી સાન્નિધ્ય કરી, વેશ્યા ઉતાર્યો નાદો રે. તેણે૦ ૮
વેશ્યાથી મૂકાવીને, શેઠ તેડી ઘર આવે રે;
મનમાં અતિ હર્ષિત થકો, પુત્રી કહીને બોલાવે રે. તેણે૦ ૯
કુમરી રૂપે રૂયડી, શેઠ તણું મન મોહેરે;
અભિનવ જાણે સરસ્વતી, કળા ચોસઠ સોહે રે. તેણે૦ ૧૦
કામ કાજ ઘરનાં કરે, બોલે અમૃત વાણી રે;
ચંદન બાળા તેહનું, નામ દીધું ગુણ જાણી રે. તેણે૦ ૧૧
ચંદન બાળા એક દિને, શેઠ તણા પગ ધોવે રે;
વેણી ઉપાડી શેઠજી, મૂળા બેઠી જોવે રે. તેણે૦ ૧૨
તે દેખીને ચિંતવે, મૂળા મન સંદેહ રે;
શેઠજી રૂપે મોહીઆ, કરશે ઘરણી એહ રે. તેણે૦ ૧૩
મનમાં ક્રોધ કરી ઘણો, નાવીને તેડાવી રે;
મસ્તક ભદ્ર કરાવીયું, પગણાં બેડી જડાવી રે. તેણે૦ ૧૪
ઓરડામાંહિ ઘાલીને, તાળું દઈને જાવે રે;
મૂળા મન હર્ષિત થઈ બીજે દિને શેઠ આવે રે. તેણે૦ ૧૫
શેઠ પૂછે કુમરી કીહાં, ઘરણીને તિણ કાળે રે;
તે કહે હું જાણું નહિ, એમ તે ઉત્તર આલે રે. તેણે૦ ૧૬
એમ કરતાં દીન ત્રણ થયાં, તો હિ ન જાણે વાત રે;
પાડોશણ એક ડોકરી, સઘળી કહી તેણે વાત રે. તેણે૦ ૧૭
કાઢી બહાર ઉઘાડીને, ઉમરા વચ્ચે બેસારી રે;
આપ્યા અડદના બાકળા, સુપડામાંહે તિણવારી રે. તેણે૦ ૧૮
શેઠ લુહાર તેડવા ગયો, કુમરી ભાવના ભાવે રે;
ઈણ અવસર વોહરાવીયે, જો કોઇ સાધુજી આવે રે. તેણે૦ ૧૯

ઢાળ ૩ જી

એણે અવસર શ્રી વીરજિણેસર, જંગમ સુરતરૂ આયા;
અતિભાવે તે ચંદનબાળા, વંદે જીન સુખ કાયા;
આઘા આમ પધારો પૂજ્ય, અમ ઘર વહોરણ વેળા. ૧
આજ અકાળે આંબો મોર્યો, મેહ અમિરસ વુઠયા;
કર્મ તણા ભય સર્વે નાઠા,અમને જીનવર તુઠયા. આઘા૦ ૨
એમ કહીને અડદના બાકળા, જીનજીને વોહરાવે;
યોગ જાણીને પ્રભુજી વહોરે,અભિગ્રહ પુરણ થાવે.આઘા૦ ૩
બેડી ટળીને ઝાંઝર હુઆ, મસ્તક વેણી રૂડી;
દેવ કરે તિહાં વૃષ્ટિ સોવનની, સાડીબારહ કોડી આઘા૦ ૪
વાત નગરમાં સઘળે વ્યાપી, ધન લેવા નૃપ આવે;
મૂળાને પણ ખબર થઇ છે, તે પણ તિહાં જાવે. આઘા૦ ૫
શાસન દેવી સાનિધ્ય કરવા, બોલે અમૃતવાણી;
ચંદનબાળાનું એ છે ધન,સાંભળ ગુણમણીખાણી. આઘા૦ ૬
ચંદનબાળા સંયમ લેશે, તવ એ ધન ખરચાશે;
રાજાને એણીપરે સમજાવે, મનમાં ધરો ઉલ્લાસ. આઘા૦ ૭
શેઠ ધનાવો કુમરી તેડી, ધન લેઇ ઘેર આવે;
સુખે સમાધે તિહાંકણે રહેતાં,મનમાં હર્ષ ન માવે. આઘા૦ ૮
હવે તેણે કાળે વીર જીણંદજી, હુઆ કેવળ નાણી;
ચંદનબાળા વાત સુણીને, હૈડામાં હરખાણી. આઘા૦ ૯
વીર કને જઇ દીક્ષા લીધી, તત્ક્ષણ કર્મ ખપાવ્યાં;
ચંદનબાળા ગુણહ વિશાળા, શીવમંદિર સિધાયા. આઘા૦ ૧૦
એહવું જાણી રૂડા પ્રાણી, કરજો શીયળ જતન;
શીયળ થકી શિવસંપદ લહીયે, શીયળ રૂપ રતન. આઘા૦ ૧૧
નયણ વસુ સંજમને (૨૮૧૭) ભેદે, સંવત સુરત મોઝારે;
વદી અષાડતણી છઠ દિવસે, ગુણ ગાયા રવિવારે. આઘા૦ ૧૨

શ્રી વિદ્યાસાગરસૂરિ શિરોમણી, અચળ ગચ્છ સોહાયા;
મહિયલમહિમાઅધિકબીરાજે, દિનદિનતેજસવાયા.આઘા૦ ૧૩
વાચક સહજ સુંદરનો સેવક, હરખ ધરી ચિત્ત આણી;
શીયળ ભલીપેરે પાળો ભવિયણ, કહે નિત્ય લાભ એ વાણી.
આઘા૦ ૧૪

---

## ઝાંઝરિયા મુનિની સજઝાય.

પાસ જિણેસર સમરતાં, પાતિક જાયે દૂર;
ક્રોધાનલ સવિ ઉપશમે, નાસે મિથ્યા ભૂર. ૧
ઉત્તમ મુનિવર જે થયાં, તેહનાં ગુણ અવદાત;
એક ચિત્તે કરી ગાવશું, ઝાંઝરીયો અણગાર. ૨
ઉત્તમનાં ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ;
મિથ્યામતિ દૂરે ટળે, પામે સમકિત સંગ ૩
ધીર વીર ગુણ આગલો, વૈરાગી શિરદાર;
અવનીતલે જે અવતર્યા, કરવા પર ઉપકાર. ૪
મુજ મન હરખ્યો તે ભણી,મુનિ ગુણ ગાવા કાજ;
જીભે વસે શારદા, ગુરૂ મુજ કરશે સાજ. ૫

### ઢાળ ૧લી,

સરસ્વતી ચરણે શીશ નમાવી, પ્રણમી શ્રીગુરૂ પાય રે;
ઝાંઝરીયા ઋષિના ગુણ ગાતાં, ઉલટ આજ સવાય રે;
ભવિજન વંદો મુનિ ઝાંઝરીયો, સંસાર સમુદ્ર તે તરીયો રે;
સકલ સહ્યાં પરિષહ મન શુધ્ધે,શીયલપણે કરી ભરીયો રે; ૧
ઠાણાપુર મકરધ્વજ રાજા, મદનસેના તસ રાણી રે;
તાસ સુત મદનભ્રમ બાલુડો, કીર્તિ જસ કહેવાણી રે ભ૦ ૨

બત્રીશ નારી સુકોમલ પરણ્યો, ભરજોબન રસ લીનો રે;
ઇંદ્ર મહોત્સવ ઉદ્યાને પહોતો, મુનિ દેખી મન ભીનો રે ભ૦ ૩
ચરણકમળ વાંદી સાધુના, વિનય કરીને બેઠો રે;
દેશના ધર્મની દે સાધુજી, વૈરાગ્ય મનમાં પેઠો રે. ભ૦ ૪
માતપિતાની અનુમતી માગી, સંસાર સુખને છાંડી રે;
સંયમ મારગ સુધો લીધો, મિથ્યામતિ સવિ છાંડી રે. ભ૦ ૫
એકલડો વસુધામાં વિચરે, તપ તેજે કરી દીપે રે;
જોવન વય જોગીસર બલીયો, કર્મ કટકને જીપે રે. ભ૦ ૬
શીલ સન્નાહ પહેરી જેણે સબલી, સુમતિ ગુપ્તિ ચિત્ત ધરાવે રે;
આપ તરે ને પરને તારે, હરિસણ દુરિતા હરતો રે. ભ૦ ૭
ત્રંબાવતી નયરીયે પહોતો, ઉગ્ર વિહાર તે કરતો રે;
મધ્યાહ્ન સમયે ગોચરી સંચરીયો, નગરમાંહિ તે ભમતો રે. ભ૦૮

ઢાલ ૨ જી

( આધા આમ પધારો પૂજ્ય અમઘર વહોરણ વેળા )

એણ અવસર તરૂણી, તાતરણી, ગોરડી ગોખે બેઠી;
નિજ પતિ ચાલ્યો છે પરદેશે વિષય સમુદ્રમાં પેઠી;
વિરૂઇ મદન ચઢાઇ રાજ, જેણે જિણે જીતી ન જાઇ
એ આંકણી, વિ૦ ૧
સોલ શિણગાર સજીઆ સુંદરી, ભર જોવન રસરાતી;
ચપળ નયણ ચઉ દિશિ ફેરવતી, વિષયા રસરંગ માતી. વિ૦ ૨
ચાંચરે ચોટે ચિહું દિશિ જોતાં, આવંતો મુનિ દીઠો;
મલપંતો ને મોહનગારો, મનમાં લાગ્યો મીઠો. વિ૦ ૩
રાજકુંવર કોઇક છે રૂડો, રૂપ અનુપમ દીસે
જોવન વયે ઇણે વ્રત લીધો છે, તે જોવા મન હીસે. વિ૦ ૪
તત્ર દાસી ખાસી તેડાવી, લાવો એહને બોલાવી;
ઠકુરાણીના વચન સુણીને, દાસી તિહાંથી આઇ. વિ૦ ૫

અમ ઘર આવોને સાધુજી, વહોરણ કાજે વેળા;
ભોળે ભાવે આવે મુનિવર, શું જાણે મન મેળા. વિ૦ ૬
થાળ ભરી મોદક મીઠાઈ, મુનિવરને કહે વહોરો;
આ મેલાં કપડાં ઉતારીને, આછા વાઘા પહેરો. વિ૦ ૭
આ મંદિર માળીઆ મોટાં, સુંદર સેજ બીછાઈ;
ચતુરા નારી મુજને કહે છે, સુખ વિલસો લઇ લાઇ. વિ૦ ૮
વિરહાનલે કરી હું દાઝી, પ્રેમ સુધારસ સિંચો;
મોરા વયણ સુણીને મુનિવર, વાત આધી મત ખેંચો. વિ૦ ૯
વિષય વયણ સુણી વનિતાનાં, સમતા રસ મુનિ બોલે;
ચંદનથી પણ શીતળ વાણી, મુનિ અંતરથી ખોલે. વિ૦ ૧૦
તું અબળા દીસે છે બાળા બોલંતી નવિ લાજે;
ઉત્તમ કુળની તુંહી ઉપની, તેહને એ નવિ છાજે. વિ૦ ૧૧
એ આચાર નહિં અમ કુળનો, કુલ ખંપણ કેમ દીજે;
નિજ કુળ આચારે ચાલીજે, તો જગમાં જસ લીજે. વિ૦ ૧૨
શિયળ ચિંતામણિ સરીખો છંડી, વિષયા રસે કુણ રીજે;
વર્ષાકાલે મંદિર પામી, કુણ આગાસે ભીંજે. વિ૦ ૧૩
છે મોટા દોય જગમાં, જારીને એક ચોરી;
ઈહ ભવે અપજશ બહુલો, પરભવે દુઃખ અઘોરી. વિ૦ ૧૪
મન વચન કાયાએ કરીને, વ્રત લીધું નવિ ખંડું;
ધ્રુવતણી પરે અવિચળ જાણીને, અમે ઘરવાસ ન મંડું. વિ૦ ૧૪

દુહો

નારી પ્રત્યે મુનિવર કહે, સુણ ભોળી સુવિચાર
દશ દ્રષ્ટાંતે દોહિલો, છે નર ભવ અવતાર. ૧
સુકૃત ઉદયે પામીને, એળે ગમાવે જેહ;
વિષય રસમાં મ્હાલતાં, નવિ જાણે કાંઇ રેહ. ૨

રાત દિવસ રાતી રહે, માતો વળી ઘણું માન;
પરભવ જાતાં પ્રાણીઓ, પામે હીન વદન. ૩
અમે સંજમ આદરી, એ સવિ છાંડયા ભોગ;
તુજ સરખી નારી તજી, ત્રિકરણ મન સંયોગ. ૪
એહવા વચન તે સાંભળી, વિષયે વ્યાપી નારી;
મુનિને કલંક લગાડવા, મન ચિંતે તેણી વાર. ૫

ઢાળ ૩ જી

હાં રે લાલા શીખ સાધુની અવગણી,
જાણે વિણ ઘડીની નાર રે. લાલા,
કામ વશે થઈ આંધળી,
કરે સાધુ તણી તિહાં આલરે લાલા,
મુનિ પાએ જાંજરી જમ જમે ૧
મુનિ પાએ જાંજરી જમ જમે,
આવે પેઠી મુનિને પાએ રે લાલા.
વેલ પરે સા સુંદરી,
વળગી સાધુને કાય રે લાલા. મુનિ૦ ૨
જોર કરી જોરાવરી, નિકળ્યો માંહેથી મુનિરાયરે લાલા,
તવ પોકાર પુંઠે કર્યો,
ધાઓ ધાઓ એણે કર્યો અન્યાયરે લાલા. મુનિ૦૩
મલપંતો મુનિવર નીસર્યો, પગે જાંજરનો જમકારરે લાલા;
લોક સહુ નિંદા કરે,
અહો એ મોટો અણગાર રે લાલા. મુનિ૦ ૪
ઉંચે બારીએ બેઠા રાજવી,
જુવે નારી તણા અવદાતરે લાલા;
દીએ દેશવટો એહને
મુનિ તણો થયો જસ અવદાતરે લાલા. મુનિ૦ ૫

મુનિવર તિહાંથી સંચર્યા, આવ્યા કંચનપુરિમાંહિરે લાલા;
રાજા રાણી પ્રેમશું;
બેઠા ગોખે ઉંછાહરે લાલા. મુનિ૦ ૬
રાજારાણી મુનિ દેખીને, આંસુડે છુટી ધાર રે લાલા;
રાજા મન દેખી કોપીયો,
સહી એહનો પુરવ જાર રે લાલા. મુનિ૦ ૭
હાંરે રાજેસર ગયો રયવાડીયે,
તેડાવ્યા ઋષિને ત્યાંહી રે લાલા;
ખાણ ખણાવી ઉંડી ઘણી,
બેસાર્યા ઋષિને માંહિ રે લાલા. મુનિ૦ ૮

દુહો

રાજા ક્રોધે ધમધમ્યો, ઋષિ ઉપર ધરે રોષ;
હુકમ કરે સેવક પ્રત્યે, મુનિ ધરે સંતોષ. ૧
ઝાલો એહ પાખંડીને, કાઢો નયરથી બહાર;
પૂર વટલ્યું એણે પાપીએ, દીયો એહને માર. ૨
તવ સેવક પકડી તિહાં, લાવે રાય હજુર;
રાજા દેખી તેહને, કહેતો વચન કઠોર. ૩
અરે પાપી પાંખડીયા, તું કિમ આવ્યો આહિં;
દુરાચારી તું બેઠો, હવે જાઈશ ક્યાંહિ. ૪
લાઠી મુઠીએ તાડતો, કરતો ઘણા પ્રહાર;
મુનિવર સમતા ગુણભર્યો, લેતો ભવજળ પાર. ૫

ઢાલ ૪થી.

અણસણ ખામણા કરે મુનિવર તિહાં, સમતા સાયર ઝીલે;
લાખચોરાશી જીવયોની ખમાવે, પાપ કરમને પીલે રે;
મુનિવર તું મોરે મન વસીયો, હ્રદયકમળ ઉલ્લસિયો રે. મુ૦ ૧

ઉદય આવ્યા નિજ કર્મ આલોવે, ધ્યાન જિણેસર ધ્યાઇ;
ખડગે હણતાં કેવળ પામે, અવિચલ ઠામે જાઇ રે. મુ૦૨
શરીર સાધુનું શુળીએ આરોપ્યું,હાહાકાર તવ પડીયો;
ઓધો મુહપત્તિ વસ્ત્ર રંગાણા, અન્યાય રાયે કરીયો રે. મુ૦૩
સમળી ઓધો લેઈ ઉડતી, રાણી આગળ પડીયો;
બાંધવ કેરો ઓધો દેખી,હ્રદયકમલ થર હરીયો રે. મુ૦૪
અતિ અન્યાય જાણીને રાણી, અણસણ પોતે લીધો;
પરમારથ જાણીને હો રાજા, હા હા એ શું કીધું રે. મુનિ૦૫
ઋષિ હત્યાનું પાતક લાગ્યું, હવે કિમ છુટયું જાવે;
આંખે આસુડાં નાખંતો તે રાજા,મુનિકલેવરને ખમાવે રે.મુનિ૦૬
ગદ ગદ સ્વરે રોવે તિહાં રાજા, મુનિવર આગળ બેઠો;
માન મેલીને ખમાવે ભૂપતિ, સમતા રસમાં પેઠો રે. મુનિ૦૭
ફરી ફરી ઉઠે ને પાયે લાગે, આંસુડે પાય પખાળે;
ઉગ્ર ભાવના ભાવંતો તે રાજા, કર્મમલ સવિ ટાળે રે. મુનિ૦૮
કેવલજ્ઞાન લહ્યું રાજાએ, ભવ ભવ વૈર સમાવે;
ઝાંઝરીયા ઋષિના ગુણ ગાતાં, પાપકરમને ખપાવે રે. મુનિ૦૯
સંવત સત્તર એકાશી વરસે, શ્રાવણ સુદ ત્રીજ સોહે;
સોમવારે સજ્ઝાય એ કીધી, સાંભળતો મન મોહે રે. મુનિ૦૧૦
શ્રી હીરવિજયસૂરીશ્વરજી સોહે, તપગચ્છના શિરદાર;
તેહ તણાં પરિવારમાં સોહે, માનવિજય જયકાર રે. મુનિ૦૧૧

## જંબુકુમારની સજ્ઝાય

સરસ્વતી પદ પંકજ નમી, પામી સુગુરૂ પસાય;
ગુણ ગાતાં જંબુ સ્વામીના, મુજ મન હર્ષ ન માય. ૧
યૌવન વય વ્રત આદરી, પાલે નિરતિચાર
મન વચ કાયા શુદ્ધશું, જાઉં તસ બલિહાર. ૨

## ઢાળ ૧ લી

રાજગ્રહી નગરી ભલીરે લાલ, બાર જોજન વિસ્તારરે; ભવિકજન૦
શ્રેણિક નામે નરેસરૂરે લાલ, મંત્રી અભયકુમાર રે. ભવિકજન૦
ભાવ ધરી નિત્ય સાંભળો રે લાલ. ૧

રૂષભદત્ત વ્યવહારીયો રે લાલ,
વસે તિહાં ધનવંત રે ભ૦
ધારણી તેહની ભારયા રે લાલ,
શીલાદિક ગુણવંત રે ભ૦ ભા૦ ૨

સુખ સંસારના વિલસતાં રે લાલ,
ગર્ભ રહ્યો શુભ દિન રે; ભ૦
સુપન લહી જંબુ વૃક્ષનું રે લાલ,
જન્મ્યો પુત્ર રતન્ન રે ભ૦ ભાવ૦ ૩

જંબુકુમાર નામ સ્થાપીયું રે લાલ,
સ્વપ્ન તણે અનુસાર રે;: ભ૦
અનુક્રમે યૌવન પામીયો રે લાલ,
હુવો ગુણ ભંડાર રે. ભ૦ ભાવ૦ ૪

ગ્રામાનુગ્રામે વિચરતા રે લાલ,
આવીયા સોહમ સ્વામી રે; ભ૦
પુરજન વાંદવા આવીયા રે લાલ,
સાથે જંબુગુણધામ રે. ભ૦ ભાવ૦ ૫

ભવિક જનના હિત ભણી રે લાલ,
દીયે દેશના ગુણધાર રે; ભા૦
ચારિત્ર ચિંતામણી સારખું રે લાલ,
ભવદુઃખ વારણહાર રે ભ૦ ભાવ૦ ૬

દેશના સુણી જંબુ રીજીયારે લાલ
કહે ગુરૂને કર જોડી રે; ભ૦
અનુમતિ લેઇ માત તાતનીરે લાલ,
સંયમ લીયો મન કોડ રે. ભ૦ ભા૦ ૭

ઢાળ ૨ જી

( ઈડર આંબા આંબલી રે લાલ )

ગુરૂ વાંદી ઘર આવીયા રે, પામી મન વૈરાગ;
માત પિતા પ્રત્યે વિનવે રે, કરશું સંસારનો ત્યાગ; માતાજી
અનુમતિ ઘો મુજ આજ, જેમ સીઝે વંછિત કાજ, માતાજી ૧

ચારિત્ર પંથ છે દોહિલો રે, વ્રત છે ખાંડાની ધાર;
લઘુવય છે વત્સ તુમ તણું રે, કેમ પળે પંચાચાર; કુમરજી.
મ કરો વ્રતની વાત, તું મુજ એક અંગ જાત, કુ. વ્ર૦ ૨

એકલ વિહારે વિચરવું રે, રહેવું વન ઉદ્યાન;
ભૂમિ સંથારે પોઢવું રે, ધરવું ધર્મનું ધ્યાન, કુ. વ્ર૦ ૩

પાય અણુવાળે ચાલવું રે, ફરવું દેશ વિદેશ;
નિરસ આહાર લેવો સદારે, પરિષહ કિમ સહીશ કુ. વ્ર૦ ૪

કુમર કહે માતા પ્રત્યે રે, એ સંસાર અસાર;
તન ધન યૌવન કારમું રે, જાતાં ન લાગે વાર. મા. અનુ૦ ૫

માતા કહે આલ્હાદથી રે. વત્સ પરણો શુભ નાર;
યૌવન વય સુખ ભોગવી રે, પછી લેજો સંયમભાર. કુ. વ્ર૦ ૬

માતપિતા આગ્રહ કરી રે, પરણાવી આઠે નાર;
જલથી કમલ જેમ ભિન્ન રહેરે, તેમ રહે જંબુકુમાર. કુ. વ્ર૦ ૭

ઢાળ ૩ જી

( સખી વસંત આવ્યો અટારડો અટારડો. )

સનેહી પ્રીતમને કહે કામિની, કામિની સુણો સ્વામી અરદાસ;
સુગુણી જન સાંભળો.
સનેહી અમૃત સ્વાદ મૂકી કરી, કહો કોણ પીવે છાશ. સુ૦ ૧

સનેહી કામ કળા રસ કેળવો, મુકોજી વ્રતનો ધંધ; સુ૦
સનેહી પરણીને શું પરિહરો, હાથ મેલ્યાનો સંબંધ. સુ૦ ૨

સનેહી ચારિત્ર વેલુ કવલ જીસ્યું, તેમાં કિસ્યો સવાદ; સુ૦
સનેહી ભોગ સામગ્રી પામી કરી, ભોગવો ભોગ આલ્હાદ. સુ૦ ૩

સનેહી ભોગ તે રોગ અનાદિનો, પીડ આતમ અંગ; સુ૦
સનેહી તે રોગને સમાવવા; ચારિત્ર છે રે રસાંગ. સુ૦ ૪

સનેહી કિંપાક ફળ અતિ ફુટરા, ભખતાં લાગે મિષ્ટ; સુ૦
સનેહી વિષ પસરે જબ અંગમાં, ત્યારે હોવે અનિષ્ટ. સુ૦ ૫

સનેહી દીપ ગ્રહી હાથમાં, કોણ ઝંપાવે કુપ, સુ૦
સનેહી નારી તે વિષ વેલડી, વિષ ફળ વિષય વિરૂપ. સુ૦ ૬

સનેહી એહવું જાણી પરિહરો, સંસાર તે માયા જાળ; સુ૦
સનેહી જો મુજશું તુમ નેહ છે, તો વ્રત લ્યો થઈ ઉજમાળ સુ૦ ૭

ઢાળ ૪ થી

( નમો નમો મનક મહામુનિ )

એહવે પ્રભવો આવીયો, પાંચશેં ચોરની સંગ રે;
વિદ્યાયેં તાળા ઉઘાડીયાં, ધન લેવાને ઉમંગ રે;
નમો નમો શ્રી જંબુ સ્વામીને. ૧

જંબુયે નવપદ ધ્યાનથી, થંભ્યા તે સવિ દંભ રે;
થંભ તણી પેરે સ્થિર રહ્યા, પ્રભવો પામ્યો અચંભરે. ન૦૨

પ્રભવો કહે જંબુ પ્રત્યે, દ્યો વિદ્યા મુજ એહ રે;
જંબુ કહે એ ગુરૂ કને, છે વિદ્યાનું ગેહ રે. નમો૦ ૩

પણસય ચોર તે બુઝવી, બુઝવ્યા માય ને તાય રે;
સાસુ સસરા નારી બુઝાવી, સંયમ લેવા જાય રે. નમો૦ ૪

પંચસયા સતાવીશશું, પરવર્યો જંબુકુમાર રે;
સોહમ ગણધરની કને, લીયે ચારિત્ર ઉદાર રે. નમો૦ ૫

વીરથી વીશમે વરસે, થયા યુગ પ્રધાનો રે;
ચૌદ પૂર્વ અવગાહીને, પામ્યા કેવળ જ્ઞાનો રે. નમો૦ ૬

વરસ ચોસઠ પદવી ભોગવી, સ્થાપી પ્રભવ સ્વામી રે;
અષ્ટ કર્મનો ક્ષય કરી, થયા શિવગતિ ગામી રે. નમો૦ ૭

સંવત અઢાર તેરોતરે, રહ્યા પાટણ ચોમાસ રે;
ચરમ કેવળીને ગાવતાં, હોયે લીલ વિલાસ રે. નમો૦ ૮

મહિમાસાગર સદ્‌ગુરૂ, તાસ તણે સુપસાયે રે;
જંબુસ્વામી ગુણ ગાઇયા, સૌભાગ્યે ધરીય ઉત્સાહરે. નમો૦ ૯

---

## જીભલડીની સજ્ઝાય

બાપલડીરે જીભલડી તું, કાં નવિ બોલે મીઠું;
વિરૂવા વચન તણા ફળ વિરૂવા, તે શું તેં નવિ દીઠું રે. બા૦ ૧

અન્ન ઉદક અણગમતો તુજને, જો નવિ રૂચે અનીઠો;
અણબોલાવ્યો તું શા માટે, બોલે કુવચન દીઠો રે. બા૦ ૨

અગ્નિ દાઝયો તે પણ પાલે, કુવચન દુર્ગતિ ઘાલે;
અગ્નિ થકી અધિકું તે કુવચન, તેતો ખિણખિણસાલેરે. બા૦ ૩

તે નર માન મહોત નવિ પામે, જે નર હોય મુખરોગી;
તેહને તો કોઇ નવિ બોલાવે, તે તો પ્રત્યક્ષ સોગીરે. બા૦ ૪

ક્રોધ ભર્યોને કડવું બોલે, અભિમાને અણગમતો;
આપતણો અવગુણ નવિ દેખે, તે કિમ જાશે મુગતે રે બા૦ ૫

જન્મ જન્મની પ્રીતિ વિણાસે, એકણ કડુયે બોલે;
મીઠા વચન થકી વિણ ગર્થે, લેવો સબ જગ મોલેરે. બા૦ ૬

આગમને અનુસારે હિતમતિ, જે નર રૂડું ભાખે;
પ્રગટ થઇ પરમેશ્વર તેહની, લજ્જા જગમાંહિ રાખેરે. બા૦ ૭

સુવચન કુવચનના ફળ જાણી, ગુણ અવગુણ મનઆણી;
વાણીય બોલો અમીય સમાણી, લબ્ધિ કહે સુણ પ્રાણીરે બા૦ ૮

---

## અનાથી મુનીની સજ્ઝાય

શ્રેણિક રયવાડી ચઢયો, પેખીયો મુનિ એકાંત;
વર રૂપ કાંતે મોહિયો, રાય પૂછે રે કહોરે વિરતંત;
શ્રેણિકરાય, હુંરે અનાથી નિર્ગ્રંથ, તિણે મેં લીધો રે
સાધુજીનો પંથ, શ્રેણિક૦ ૧

ઇણે કોસંબી નયરી વસે, મુજ પિતા પરિગળધન્ન;
પરિવાર પૂરે પરિવર્યો, હું છું તેહનો રે પુત્ર રતન્ન શ્રેણિક૦ ૨

એક દિવસ મુજ વેદના, ઉપની મેં ન ખમાય;
માત પિતા ઝૂરી રહ્યા, પણ કિણહિરે તે ન લેવાય. શ્રેણિક૦ ૩

ગોરડી ગુણમણિ ઓરડી, ચોરડી અબળા નાર;
કોરડી પીડા મેં સહી, ન કોણે કીધીરે મોરડી સાર. શ્રેણિક૦ ૪

બહુ રાજવૈદ્ય બોલાવીયા, કીધલા કોડી ઉપાય;
બાવના ચંદન ચરચીયા, પણ તોહિ રે સમાધિ ન થાય. શ્રેણિક૦૫

જગમાં કો કેહુનો નહિ, તે ભણિ હું રે અનાથ;
વીતરાગનાધર્મસારિખો,નહિકોઇબીજોરેમુક્તિનોસાથ. શ્રેણિક૦૬

જો મુજ વેદના ઉપશમે, તો લેઉં સંયમ ભાર;
ઈમ ચિંતવતા વેદના ગઇ, વ્રત લીધું મે હર્ષ અપાર. શ્રેણિક૦ ૭

કરજોડી રાજા ગુણ સ્તવે, ધન ધન એહ અણગાર;
શ્રેણિક સમકિત પામીયો, પહોંતયોરે નગર મઝાર. શ્રેણિક૦ ૮

મુનિ અનાથી ગાવતાં, ત્રૂટે કર્મની કોડ;
ગણિ સમય સુંદર તેહના, પાય વંદે રે બે કરજોડ શ્રેણિક૦ ૯

---

## વણઝારાની સજઝાય

વણઝારો ધુતારો કામણગારો, સુંદરવર કાયા છોડ ચલ્યો;
વણઝારો વણઝારો ધુતારો કામણગારો.
એની દેહલડીનો છોડ ચલ્યો વણઝારો ૧

એણી રે કાયામેં પ્રભુજી પાંચ પણીયારી,
પાણી ભરે છે ન્યારી ન્યારી. સુંદરવર. ૨

એણી રે કાયામેં પ્રભુજી સાત સમુદ્ર,
તેની નિખરો મીઠો સુંદરવર. ૩

એણી રે કાયામેં પ્રભુજી નવસો નાવડીયો,
તેનો સ્વભાવ ન્યારો ન્યારો. સુંદરવર. ૪

એણી રે કાયામેં પ્રભુજી પાંચ રતન,
પરખે પરખણ હારો. સુંદરવર. ૫

ખુટ ગયો તેલ ને બુઝ ગઇ બતીયાં,
મંદિર મેં પડ ગયો અંધારો. સુંદરવર. ૬

ખસ ગયો થંભો ને પડ ગઇ દેહ,
મીટ્ટી મેં મીલ ગયો ગારો. સુંદરવર. ૭

આનંદ ધન કહે સુનો રે ભાઇ,
સાધુ આવાગમન નીવારો. સુંદરવર. ૮

---

## અંજના સતીની સજઝાય

અંજના વાત કરે છે મારી, સખીરે, મને મેલી ગયા છે મારા પતિ રે;
અંતે રંગમેલમાં મૂકી રોતી, સાહેલી મોરી કર્મે મલ્યો વનવાસ,
સાહેલી મોરી પુન્ય જોગે તુમ પાસ ૧

લશ્કર ચઢતાં મેં શુકનજ દીધાં, તેતો નાથ મારે નહિ લીધા;
ઢીંકા પાટું પોતે મને દીધાં, સાહેલી૦ ૨

સખી ચકવી ચકવાનો સુણી પોકાર, રાતે આવ્યા પવનજી દરબાર;
બાર વર્ષે લીધી છે સંભાળ. સાહેલી૦ ૩

સખી કલંક ચઢાવ્યું મારે માથે, મારી સાસુએ રાખી નહિ પાસે;
મારે સસરે મેલી વનવાસે, સાહેલી૦ ૪

પાંચ સય સખી દીધી છે મારે બાપે, તેમાં એકે નથી મારી પાસે;
એક વસંતબાલા મારી પાસે. સાહેલી૦ ૫

કાળો ચાંદલોને સખડી કાળી, રથ મેલ્યો વન મોઝારી;
સહાય કરો દેવ મોરારી. સાહેલી૦ ૬

મારી માતાએ લીધી નહિ સાર, મારા પિતાએ કાઢી ઘરબાર;
સખી ન મેલ્યો પાણીનો પાનાર. સાહેલી૦ ૭

મને વાત ન પૂછી મારા વીરે, મારા મનમાં નથી રહેતી ધીરે;
મારા અંગે ફાટી ગયાં ચીરે. સાહેલી૦ ૮

મને દિશા લાગે છે કાળી, મારી છાતી જાય છે ફાટી;
અંતે અંધારી અટવીમાં કર્મે નાખી. સાહેલી૦ ૯

મારૂ જમણું ફરકે છે અંગ, નથી બેઠી કોઈની સંગ;
અંતે રંગમાં શો પડયો ભંગ. સાહેલી૦ ૧૦

સખી ધાવતાં છોડાવ્યા હશે બાળ,નહિતર કાપી હશે કુંપળડાળ;
તેના કર્મે પામ્યા ખોટીઆળ. સાહેલી૦ ૧૧

વનમાં ભમતાં મુનિ દીઠા, આજે પૂર્વભવની પૂછે છે વાત;
જીવે કેવાં રે કીધા હશે પાપ. સાહેલી૦ ૧૨

એની હસતાં રજોહરણ તમે લીધાં, મુનિરાજને દુ:ખ જે દીધાં;
તેને કર્મે વનવાસ તમે લીધાં. સાહેલી૦ ૧૩

પૂર્વે હતો શોકયનો બાળ, તેને દેખી મનમાં ઉછળતી જાળ;
તેના કર્મે જોયાં વનમાં ઝાડ. સાહેલી૦ ૧૪

સખી વનમાં જન્મ્યો જે બાળ, કયારે ઉતરશે મારી આળ;
ઓચ્છવ કરશું માને મોસાળ. સાહેલી૦ ૧૫

વનમાં ભમતાં મુનિ દીઠાં આજ,અમને ધર્મ બતાવ્યો મુનિરાજ:
કયારે સરશે હમારા કાજ. સાહેલી૦ ૧૫

વનમાં મળશે મામો મામી આજ, ત્યાં પવનજી કરશે રે સાર;
પછી સરશે તમારા કાજ. સાહેલી૦ ૧૭

મુનિરાજની શીખજ સારી, સર્વે લેજો ઉરમાં અવધારી;
માણેકવિજયને જાઉં બલિહારી. સાહેલી૦ ૧૮

# શ્રીમાનવિજયજી કૃત–

## દશ ચંદરવાની સજઝાય. ઢાળ ૧ લી

સમરી સિદ્ધ અનંત મહંત, કેવલજ્ઞાની સિદ્ધિ વર્તંત;
ચંદરવા ઘરમાં દશ ઠામ, તેહતણાં કહું સુણજો નામ. ૧
ભોજન પાન પીષણ ખાંડણે, શય્યા સંઝે રે અન્નતણે;
દેરાસર સામાયિક જાણ, છાશ દહિં વિગયાદિક ઠામ. ૨
ચુલા ઉપર ચતુર સુજાણ, ચંદરવા બાંધો ગુણખાણ;
તેહતણાં ફલ સુણજો સહુ, શાસ્ત્રાંતરથી જાણી કહું. ૩
જંબુદ્વિપ ભરત મંડાણો, શ્રીપુર નગર દુરિત ખંડણો;
રાજ કરે શ્રી જિન મહારાજ, તસ નંદન કુષ્ટિ દેવરાજ. ૪
ત્રિક ચોક આચરને ચોતરે, પડહ વજાવી એમ ઉચ્ચરે;
કોઢ ગમાવે નૃપ સુત તણો, અર્દ્ધરાજ દેઉં તસ આપણો. ૫
જસોદિત્ય વ્યવહારી તણી, એણીપેરે કુંવરી સબલી ભણી;
(લક્ષ્મીવંતી નામ છે)
પડહ છબી તેણે ટાલ્યો રોગ, પરણ્યાં તે બહુ વિલસે ભોગ. ૬
અભિનંદન નંદન ને રાજ, આપી દીક્ષા લહે જિનરાજ;
દેવરાજ હુઆ મહારાજ, અન્ય દિવસ આવ્યા મુનિરાજ. ૭
સુણી વાત વંદન સંચર્યો, હય ગય રથ પાયક પરવર્યો;
અભિગમ પંચે તિહાં અનુસરી, નૃપ બેઠો શ્રુતવંદન કરી. ૮
સુણી દેશના પૂછે વાત, વિલસી સાત વરસ જે વ્યાપ;
કિમ કુંવરી કર ફરસે ટલી, કિમ કરપીડ ન એહશું વલી. ૯
જ્ઞાની ગુરૂ કહે સુણ તું ભૂપ, પૂરવ ભવનો એહ સ્વરૂપ;
મિથ્યામતિ વાસીત પ્રાણીયો, દેવદત્ત નામે વાણીયો. ૧૦

મહેશ્વરીનંદન તસ સુત ચ્યાર, લઘુ બંધવ તું તેહ મઝાર;
કુડકપટ કરી પરણી હુઆ, મૃગસુંદરી શ્રાવકની ધુઆ.૧૧
લઘુવયથી તેણીને નિયમ, જિનવંદન વિણ નવિ ભુંજિમ;
શુભગુરૂને વલી દેઇ દાન, રાત્રિ ભોજનનું પચ્ચખ્ખાણ. ૧૨
પરણીને ઘરે તેડી વહુ, રાતે જમવા બેઠા સહુ;
મૂળા મોઘરીને વંતાક, ઇત્યાદિક તિહાં પીરસ્યા શાક. ૧૩
તેણે વહુ જમવા પાંતમાં,તે કહે હું ન જમું જિહાં લગે આતમા;
સસરો કહે તું મ પડ ફંદમાં, મત વાંદો જિનવર મહાતમા. ૧૪
ત્રણ દિવસ કીધાં ઉપવાસ, ચોથે દિન ગઇ મુનિવર પાસ;
વાંદી કહે નિશિ ભોજન તજું. કિમ જિન ચરણ કમલને ભજું.
કિણપરે દઉં મુનિવરને દાન, મિથ્યામતિ ઘરમાં અસમાન. ૧૫

ઢાળ ૨ જી

શાસ્ત્ર વિચારી ગુરૂ કહે રે, સુણ મૃગસુંદરી બાલ;
ચુલા ઉપર ચંદ્રવો રે, તું બાંધે ચોસાલ રે, લાભ અછે ઘણો. ૧
પંચ તીર્થ દિન પ્રતે કરે રે, શત્રુંજય ગીરનાર;
આબુ અષ્ટાપદ વલી રે, સમેત શિખર શિરદારો રે. લાભ૦ ૨
પાંચ મુનિવરને ભાવથી રે પડિલાભે જેટલો;
તેટલો ફળ તું જાણજે રે, એક ચંદ્રોદય સારો રે. લાભ૦ ૩
ગુરૂવાંદી નિજ ઘર જઈ રે, ચૂલા ઉપર ચંગ;
ચંદ્રોદય તેણે બાંધીયો રે, જીવદયા મન રંગ રે. લાભ૦ ૪
સસરે નિજ સુતને કહ્યું રે, દેખી તેણે તત્કાલ;
તુજ કામિની કામણ કીયાં રે,તેણે તે નાખ્યો જવાલ રે.લાભ૦ ૫
વલી વલી બાંધે કામિની રે,વલી વલી જવાલે રે કંત;
સાતવાર એમ જવાલીયો રે, ચંદ્રોદય તેણે તંત રે. લાભ૦ ૬

સસરો કહે શું માંડીયો રે, એ ઘરમાંહે ધંધ;
સ્યો ચંદ્રવો શું કરે રે, નિશિ ભોજન તુમે મંડા રે. લાભ૦ ૭

સા કહે જીવજતના ભણી રે, એ સઘલો પ્રયાસ;
નિશિભોજન હું નવિ કરૂં રે, જો કાયામાં શ્વાસ રે. લાભ૦ ૮

શેઠ કહે નિશિભોજન કરો રે,તો રહો અમ આવાસ;
નહિ તો પીઅર પહોંચજો રે, તુમ સ્યું શ્યો ઘરવાસ રે.લાભ૦૯

સા કહે જેમ જન પરવર્યા રે તેડી લાવ્યા છો ગેહ;
તિમ મુજ પરિવારે પરવર્યા રે, પહોંચાડો સસનેહરે. લાભ૦૧૦

ઢાળ ૩ જી

દેવદત્ત વ્યવહારીયો રે, આણી મનમાં રીશ;
વહુ વોરાવણ ચાલીયો રે, લહી સાથે જગીશોરે,
પ્રાણી. જીવદયા મન આણ. ૧

એ સઘલા જીનની વાણી રે ધર્મરાય પટરાણી રે,
એ આપે કોડી કલ્યાણી રે પ્રાણી. જીવ૦ ૨

અનુક્રમે મારગ ચાલતાં રે, શેઠ સહોદર ગામ;
જામિની જમવા તેડીયા રે, તે તેણે નિજ ધામ રે પ્રાણી૦ ૩

ન જમે શેઠ તે વહુ વિના રે,વહુ પણ ન જમે જમેરાત;
સાથે સર્વે નવિ જમ્યા રે વાધી બહુલી રાત રે પ્રાણી૦ ૪

શેઠ સગાં રાતે જમ્યા રે, મરી ગયાં તે આપ;
ચોખા ચરૂમાં દેખીયો રે, રાતે રંધાણો સાપ રે પ્રાણી૦ ૫

શેઠ કહે અમ કુલતણી રે, તું કુલ દેવી માય;
કુટુંબ સહુ જીવાડીયો રે, એમ કહી લાગ્યો પાય રે પ્રાણી૦ ૬

નવકાર મંત્ર ભણી કરી રે, છાંટીયા સહુને નીર;
ધર્મપ્રભાવે તે થયાં રે, ચેતન સઘલા જીવ રે પ્રાણી૦ ૭

મૃગસુંદરી પ્રતિ બુઝવ્યો રે, શેઠ સયલ વડભાગ;
જીનશાસન દીપાવીયો રે, પામી તે સયલ સોભાગ રે પ્રાણી૦ ૮
રયણી ભોજન પરિહર્યાં રે, ચંદ્રુવા સુવિશાલ;
ઠામઠામ બંધાવીયા રે, વર્ત્યો જયજયકાર રે, પ્રાણી૦ ૯
ચુલક ઘરંટી ઉખલો રે, ત્રસની સમાર્જની જેહ;
પાણીઆરૂં એ ઘરકેરૂં રે, પાંચે આખેટક એહ રે, પ્રાણી૦ ૧૦

( ઉપરના ચુલાદિક પાંચે વસ્તુ અજયણાદિકથી વાપરે તો પાંચ ખાટકી જેટલું પાપ લાગે છે )

પાંચે આખેટક દિન પ્રત્યે રે, કરતાં પાતક જેહ;
ચુલા ઉપર ચંદ્રુવો રે, નવિ બાંધે તસ ગેહરે, પ્રાણી૦૧૧
સાત ચંદ્રુવા બાલીયા રે, તેણે કારણ ભવ સાત;
કોઢ પરાભવ તેં સહ્યા રે, ઉપર વરસ સાત રે, પ્રાણી૦૧૨
જ્ઞાની ગુરૂમુખથી સુણી રે, પૂર્વભવ વિસ્તાર;
જાતિ સ્મરણ ઉપનું રે, જાણ્યો અથિર સંસાર રે, પ્રાણી૦૧૩
પંચ મહાવ્રત આદરી રે, પાલી નિરતિચાર;
સ્વર્ગે સિધાવ્યા દંપતી રે, જીહાં માદલના ધોંકાર રે, પ્રાણી૦ ૧૪
સંવત(૧૭૩૮) સત્તરઆડત્રીશસમેરે, વદિ દશમી બુધવાર;
રત્નવિજય ગણિવર તણો રે, એ રચિયો અધિકાર રે, પ્રાણી૦૧૫
તપગચ્છ નાયક સુંદરૂ રે, શ્રી વિજય પ્રભ સુરીંદ;
કીર્તિવિજય વાચક તણો રે, માનવિજય કહે શિષ્ય રે, પ્રાણી૦૧૬

## શ્રી જ્ઞાનવિમલસૂરિ કૃત-સોલ સ્વપ્નની સજ્ઝાય.

શ્રી ગુરૂપદ પ્રણમી કરી, સોલ સુપન સુવિચાર;
દુસમ સમયતણાં કહું, શાસ્ત્રતણે અનુસાર. ૧

## ઢાળ ૧ લી

પાટલી પુર નયરે, ચંદ્રગુપ્ત રાજન;
ચાણાયક નામે, બુદ્ધિનિધાન પ્રધાન;
એક દિન પોસહમાં, સુતો રયણી મોઝાર;
તવ દેખે નરપતિ, સોલ સ્વપ્ન સુખકાર. ૧

ત્રુટક૦ સુખકારક વારક દુઃખ કેરા, નિરખે નૃપ વડ વખતે;
વાજિંત્ર તૂરે ઉગત સૂરે, આવી બેઠો વખતે;
ચાણાયક નાયક મતિ કેરો, આવી પ્રણમે પાય;
સોલ સુપન રયણાંતરે લાધ્યાં, તે બોલે નરરાય. ૨

ધુર સુહણે દેખે, સુરતરૂ ભાંગી ડાળ;
બીજે આથમીયો, સુરજ બિંબ અકાળ;
ત્રીજે ચંદ્ર ચાલણી, ચોથે નાચ્યાં ભૂત;
પાંચમે બારફણાલો, દીઠો અહિ અદ્દભુત. ૩

ત્રુટક૦ અતિ અદ્દભુત વિમાન વલ્યું તેમ, છઠ્ઠે સુહણે દેખે;
કમલ ઉકરડે સાતમે આઠમે, આગીયો અંધારે પેખે;
સુકું સરોવર નવમે દક્ષિણ, પાસે ભરિયો નીર;
દશમે સુહણે સોવન થાલે, કુતરો ખાએ ખીર. ૪

ગજ ઉપર ચઢીયા, વાનર દેખે અગીઆર;
મર્યાદા લોપે, સાગર સુપન એ બાર;
મોટા રથે જુતા, વાછડા તેરમે દેખે;
ઝાંખા તિમ રયણાં, ચૌદમે સુપને પેખે. ૫

ત્રુટક૦ તેમ દેખે પંદરમે, વૃષભ ચઢિયા રાજ કુમાર;
કાળા ગજ બેહુ માંહો માહે, વઢતા સોળ એ સાર;

એહવા સોલ સુપન જે લાધ્યાં, સંભારે નૃપ જામ;
એહવે આવી દીયે વધાઈ, વન પાલક અભિરામ. ૬

સ્વામી તુમ વનમાં, શ્રુતસાગર ગુણ ખાણી;
ભદ્રબાહુ મુનીશ્વર, ચૌદ પૂર્વ ધર જાણી;
આવ્યા નિસુણીને, વંદન કાજે જાય;
ચાણાયક સાથે, નરપતિ પ્રણમે પાય. ૭

ત્રુટક૦ પાય નમીને નરપતિ પૂછે, સોળ સુપન સુવિચાર;
કૃપા કરી ભગવંત મુજ દાખો, એહ કરો ઉપકાર;
તવ ગિરૂઆ ગણધર શ્રુતસાગર, બોલ્યા નરપતિ આગે;
દુઃસમઆરે એહ સુપનનો, હોશે બહુલો લાગ. ૮

ઢાળ ૨ જી

સુરતરૂ કેરી શાખા ભાંગી, તેહનું એહ ફલ સારજી;
આજ પછી કોઇ રાજા ભાવે, નહિ લીયે સંયમ ભારજી;
આથમ્યો સૂરજ બિંબ અકાલે, તે આથમ્યું કેવળ નાણજી.
જાતિ સ્મરણ નિર્મલ ઓહિ; નહિ મણપજ્જવ નાણજી. ૯

ત્રીજે ચાલણી ચંદ્ર થયો જે, જિનમત એણીપરે હોશેજી;
થાપ ઉત્થાપ તે કરશે બહુલા, કપટી કુગુરૂ વિગોશેજી;
ભૂત નાચ્યાં જે ભૂતલે ચોથે, તે કુગુરૂ, કુદેવ મનાશેજી;
દ્રષ્ટિરાગે વ્યામોહ્યા શ્રાવક, તેહના ભક્તો થાશેજી. ૧૦

બારફણો જે વિષધર દીઠો, તેહનું એહફલ જાણોજી;
બાર વરસ દુર્ભિક્ષ તે પડશે, હોશે ધર્મની હાણોજી;
વલ્યું વિમાનજેઆવતું પાછું, તે ચારણમુનિ નવિ હોશેજી;
સાતિચારી આચારી થોડા; ધર્મી અધર્મે જાશેજી. ૧૧

કમળ ઉકરડાનું ફળ એહી, નીચ ઉંચ કરી ગણશેજી;
ક્ષત્રિકુલ શુરા તેહિ પણ, વિશ્વાસીને હણશેજી;
આગીયા સુહણાનું ફલ જાણો, જીનધર્મે દ્રઢ થોડાજી;
મિથ્યા કરણી કરતાં દીસે, શ્રાવક વાંકા ઘોડાજી. ૧૨

સુકું સરોવર દક્ષિણ પાસે, નીર ભરિયું સુવિલાસેજી;
આપ ઉગારણ કાજે મુનિવર, દક્ષિણ દિશામાં; જાશેજી;
જિહાંજિહાં જન્મ કલ્યાણકતિહાંતિહાં,ધર્મવિચ્છેદજાશેજી;
સંત અસંતની પેરે મનાશે; ધર્મીજન સીદાશેજી. ૧૩

સોવન થાલે ખીર ભખે જે, કુતરો દશમે સુહણેજી;
ઉત્તમની ઉપરાજી લક્ષ્મી, મધ્યમ બહુપરે માણેજી;
ગજ ઉપર જે વાનર ચઢીયા, તે હોશે મિથ્યાત્વી રાજાજી;
જિનધર્મે વલી શંસય કરતા, મિથ્યામતમાં તાજાજી. ૧૪

મર્યાદા લોપે જે સાગર, તે ઠાકુર મૂકશે ન્યાયજી;
જૂઠા સાચા સાચા જૂઠા, કરશે લાંચ પસાયજી;
જેહ વડેરાં ન્યાય ચલાવે, તેહ કરે અન્યાયજી;
કુડ કપટ છળ છદ્મ ઘણેરા, કરતા જુઠ ઉપાયજી. ૧૫

મોટે રથે જે વાછડા જુત્યા, તેરમે સુપને નરેશાજી;
વૃદ્ધ પણે સંયમ નહિ લે કોઇ, લઘુપણે કોઈ લેશેજી;
ભુખે પીડયા દુ:ખે ભીડયા, પણ વૈરાગ ન ધરશેજી;
ગુર્વાદિક મૂકીને શિષ્યો, આપ મતે થઇ ફરશેજી. ૧૬

ઝાંખા રત્ન તે ચૌદમે દીઠાં, તે મુનિવર ગુણ હીનાજી;
આગમગત વ્યવહારને છંડી, દ્રવ્યની વૃત્તિયે લીણાજી;
કહેણી રહેણી એક ન દીસે, હોશે ચિત્ત અનાચારજી;
શુદ્ધ પરંપર વૃત્તિ ઉવેખે, ન વહે વ્રતનો ભારજી. ૧૭

રાજકુમાર જે વૃષભે ચઢીયા, તે માંહોમાંહે નવિ મલશેજી;
વિરૂઆ વૈર સગાં સંઘાતે, પરશું નેહ તે ધરશેજી;
કાળાગજ બેહુ વઢતાં દીઠા, તે માગ્યા મેહ ન વરશેજી;
વણજ વ્યાપારે કપટ ઘણેરાં, તો હિ પેટ ન ભરશેજી. ૧૮

સોળ સુપનનો અર્થ સુણીને, ભદ્ર બાહુ ગુરૂ પાસેજી;
દુ:સમ સમયતણાં ફલ નિસુણી, રાજા હૈયે વિમાસેજી;
સમક્તિ મૂલ બાર વ્રત લેવે, સારે આતમકાજજી;
ભવિક જીવ બહુલા પ્રતિબોધ્યા, ભદ્ર બાહુ ગુરૂરાજજી. ૧૯

ગુણ રાગી ઉપશમ રસ રંગી, વિરતિ પ્રસંગી પ્રાણીજી;
સાચી સદ્દહણા શું પાલે, મહાવ્રત પાંચ સહિ નાણીજી;
નિંદા ન કરે વદને કેહની, બોલે અમૃત વાણીજી;
અપરંપાર ભવ જલધિ તરેવા, સમતાં નાવ સમાણીજી; ૨૦

શ્રી જિન શાસન ભાસન સુંદર, બોધિબીજ સુખકારજી;
જીવદયા મનમાંહે ધારો, કરૂણા રસ ભંડારજી;
એ સજ્ઝાય ભણીને સમજો, દુ:સમ સમય વિચારજી;
ધીર વિમલ કવિરાય પસાયે, કવિ નયવિમલ જયકારજી. ૨૧

---

## શ્રી ભરત બાહુબલીનું દ્વિઢાલીયું

### દોહા.

સ્વસ્તિ શ્રી વરવા ભણી, પ્રણમી ઋષભ જિણંદ;
ગાશું તસ સુત અતિબળી, બાહુબળી મુનિચંદ. ૧

ભરતે સાઠ સહસ વર્ષ, સાધ્યા ષટ્ ખંડ દેશ;
અતિ ઉત્સવ આણંદશું, વિનિતા કીધ પ્રવેશ. ૨

ચક્ર રત્ન આવે નહિ; આયુધ શાળા માંહ;
મંત્રીશ્વર ભરતને તદા, કહે સાંભળ તું નાહ. ૩

સ્વામી તેં નિજ ભુજ બળે, વશ કીધા ષટ્ ખંડ;
પણ બાહુબળી ભ્રાતનો, નવિ દીઠો ભુજ દંડ. ૪

સુરનર માંહે કો નહિ, તસ જીપણ સમરત્થ;
તો પ્રભુ તુમ બળ જાણશું; જો સહેશો તસ હત્થ. ૫

સુણતાં મંત્રી વયણ ઇમ, ચક્રી હુઓ સતેગ.
બાહુબળી ભણી મોકલ્યો, નામે દુત સુવેગ. ૬

ભટ રથ હયવર ઠાઠશું, દૂતે કીધ પ્રયાણ;
શુકન હુવા બહુ વંકડા, પણ સ્વામીની આણ. ૭

ધરા ઓલંઘી અતિ ઘણી, આવ્યો બહુલી દેશ;
જિહાં કોઈ બાહુબળી વિના, જાણે નહિ નરેશ. ૮

તક્ષશિલા નગરી જિહાં, બાહુ બળી ભૂમીંદ;
દૂત સુવેગ જઈ તિહાં, પ્રણમ્યો પાય અરવિંદ. ૯

બાહુ બળી પૂછે કુશળ, ભરત તણો પરિવાર;
ચતુરાઈશું દૂત તવ, બોલે બોલ વિચાર. ૧૦

આસન અડધું બેસવા, આપે સુરપતિ જાસ;
લક્ષ જક્ષ સેવા કરે, જગત કરે જસ આશ. ૧૧

હેલે જિત્યા ખંડ ષટ્, ખેદ ન હુતો કોય;
ઋષભદેવ સાંનિધ્ય કરે, તસ કિમ કુશળ ન હોય. ૧૨

પણ પ્રભુ તુમ આવ્યા વિના, માને સકળ નિરત્થ;
કામ નહિ હવે ઢીલનું, સેવો પ્રભુ સમરત્થ. ૧૩

નહિ તો જો તે કોપશે, કોઇ ન રહેશે તીર;
તસ ભુજ દંડ પ્રહાર એક, સહશે તુજ ન શરીર, ૧૪

એ સેના વળી એ ઋદ્ધિ, તિહાં લગે જાણો સર્વ;
જિહાં લગે એ કોપ્યો નહિ, મૂકો તે ભણી ગર્વ. ૧૫

### ઢાળ ૧ લી

જારે તુજ મારૂં દૂત, બાહુબળી બોલે થઇ ભૂત; રાજા નહિ નમે.
કોપે ચડયો હું ત્હારો રે નહિ, એક મુઠીયે ધરૂં વસ્તી માંહિ.
રાજા નહિ નમે. ૧

હું તો જાણતો તો તાતજી જેમ, ભાઈ પણાનો હવે જાણ્યો પ્રેમ: રા૦
એહ જ માહરો ક્હેજે ગુંજ, જો બળ હોય તો કરજે ઝુજ.
રાજા૦—૨

દેઇ ચપેટા કાઢયો દૂત, વિલખો થઇ વિનીતાએ પહુંત; રા૦
સંભળાવ્યો સઘળો વૃતાંત, કોપ્યો ભરતપતિ જેમ કૃતાંત.
રાજા૦—૩

રણભંભા વજડાવી જામ, સેના સજ્જ હુઇ સઘળી તામ. રા૦
ક્રોડ સવા નિજ પુત્ર સકજ્જ, રણના રસિયા હુઆ સજ્જ.
રાજા૦—૪

લાખ ચોરાશીવર ગજરાજ, ઘોડાલાખ ચોરાશી સાજ; રા૦
લાખ ચોરાશી રથવાળા જાણ, લાખ ચોરાશી ધુરે નિશાણ.
રાજા૦—૫

પાયક છન્નુ કોડી જુઝાર, વિદ્યાધર કિન્નર નહિ પાર; રા૦
એમ સુભટની કોડા કોડ, રણરસે બાંધી હોડા હોડ.
રાજા૦—૬

પૃથ્વી કંપી સેનાને પૂર, રજશું છાયો અંબર સૂર; રા૦
સોળ લાખ વાજે રણતૂર, ચક્રી આવ્યો સેનાને પૂર.
રાજા૦—૭

પહોંત્યો બહુળી દેશની સીમ,
સુણી બાહુબળી થયો અતિભીમ; રા૦
ત્રણ લાખ બાહુબળીના રે પૂત, ક્રોધે ચઢયા જાણે જમનારે દૂત.
રાજા૦—૮

સેના સમુદ્રતણે અનુહાર, કહેતાં કિમહિ ન આવે પાર; રા૦
ચક્રીશ્વરની સેના સર્વ, તૃણ જેમ ગણતો મ્હોટો ગર્વ
રાજા૦—૯

પહેરી કવચ અસવારી કીધ, બાહુબળ રણ ઢંકા દીધ; રા૦
ભરતે પહેર્યો વજ્ર સનાહ, ગજ રતને ચઢયો અધિક ઉચ્છાહ.
રાજા૦—૧૦

એહુ સામા આવ્યા સેન, કંપ્યા ગગને પૃથ્વી જેણ; રા૦
ઘોડે ઘોડા ગજે ગજ રાજ, પાળે પાળા અડે રણ કાજ.
રાજા૦—૧૧

ઝળકે ભાલા ભીમ ખડગ્ગ, તીરે છાયો ગગનનો મગ્ગ; રા૦
શૂર સુભટ લડે છે તેમ, નાખે ઉલાળી ગજ કાંકરી જેમ.
રાજા૦—૧૨

રૂધિર નદીયો વહે ઠામો ઠામ, બાર વર્ષ એમ કીધો સંગ્રામ; રા૦
એહુમાં કોઈ ન હાર્યો જામ, ચમર સૌધર્મેન્દ્ર આવ્યા તામ.
રાજા૦—૧૩

તાતજી સૃષ્ટિ કરી છે એહ, કાંઇ પમાડો તેહને છેહ; રા૦
ભાઇ હોય ગ્રહો રણભાર, જેમ ન હોય જનનો સંહાર.
રાજા૦—૧૪

માન્યું વચન બે ભાઇએ જામ, હવે થાપ્યા ત્યાં પંચ સંગ્રામ; ૨૦
દ્રષ્ટિ વચન બાહુ મુષ્ટિને દંડ, બેહુ ભાઈ કરે યુદ્ધ પ્રચંડ.
રાજા૦—૧૫

### દોહા.

અનિમિષ નયણે જોવતાં, ઘડી એક થઇ જામ;
ચક્રીના નયણે તુરત, આવ્યાં આંસુ તામ. ૧

સિંહનાદ ભરતે કીયો, જાણે ફૂટયો બ્રહ્માંડ;
ગેંડી નાદ બાહુ બળે, તે ઢાંકયો અતિ ચંડ. ૨

ભરતે બાહુ પસારિયો, તે વાળ્યો જિમ કંબ;
વાનર જિમ હીંચે ભરત, બાહુબળી ભૂજ લંબ. ૩

ભરતે મારી મુષ્ટિકા, બાહુ બળી શિર માંય;
જાનુ લગે બાહુબળી, ધરતી માંહિ જાય. ૪

ગગન ઉછાળી બાહુબળે, મૂકી એહવી મૂઠ;
પેઠો ભરતેશ્વર તુરત, ધરતી માંહે આકંઠ; ૫

ભરત દંડે બાહુ તણો, ચૂર્યો મુગટ સનૂર;
ભરત તણા બાહુબળે, કર્યો કવચ ચકચુર. ૬

બોલ્યા સાખી દેવતા, હાર્યો ભરત નરેશ;
બાહુબળી ઉપર થઇ, ફુલ વૃષ્ટિ સુવિશેષ. ૭

ચક્રી અતિ વિલખો થયો, વાચા ચૂકયો તામ;
બાહુબળી ભાઈ ભણી, મૂકયું ચક્ર ઉદ્દામ. ૮

ઘરમાં ચક્ર ફરે નહિ, કરી પ્રદક્ષિણા તાસ;
તેજે જળહળતું થકું, આવ્યું ચક્રી પાસ. ૯

બાહુબળી કોપે ચઢયો, જાણે કરૂં ચકચૂર,
મૂઠી ઉપાડી મારવા, તવ ઉપન્યો દયા અંકૂર. ૧૦

તામ વિચારે ચિત્તમેં, કિમ કરી મારૂં ભ્રાત,
મુઠી પણ કિમ સંહરૂ, આવી બની હોય વાત, ૧૧

હસ્તિ દંત જે નીકળ્યા, તે કિમ પાછા જાય;
ઇમ જાણી નિજ કેશનો, લોચ કરે નરરાય. ૧૨

ઢાળ ૨ જી

તવ ભરતેશ્વર વિનવે રે ભાઈ, ખમો ખમો મુજ અપરાધ;
હું ઓછો ને ઉછાંછળો રે ભાઈ, તું છે અતિહિ અગાધરે.
બાહુબળી ભાઇ ચું કયું કીજે બે. ૧ એ આંકણી

તું મુજ શિરનો શેહરોરે ભાઈ, હું તુજ પગનીરે ખેહ
એ સવિ રાજ્ય છે તાહરૂં રે ભાઈ, મને માને તસ હેય રે.
બાહુ૦ ચું૦ ૨

હું અપરાધી પાપીઓ રે ભાઇ, કીધાં અનેક અકાજ;
લોભવશે મૂકાવીયાં રે ભાઇ, અઠ્ઠાણુંના રાજ રે.
બાહુ૦ ચું૦ ૩

એક બંધવ પણ તું માહરે રે ભાઇ, તે પણ આદરે એમ;
તો હું અપજશ આગળો રે ભાઇ, રહિશું જગમાં કેમ રે.
બાહુ૦ ચું૦ ૪

ક્રોડવાર કહું તુજને રે ભાઇ, તાતજી ઋષભની આણ;
એકવાર હસી બોલને રે ભાઇ, કર મુજ જન્મ પ્રમાણ રે.
બાહુ૦ ચું૦ ૫

ગુનોહ ઘણો છે માહરો રે ભાઈ, બક્ષીસ કરીય પસાય;
રાખો રખે દુમણ કીશી રે ભાઈ,લળી લળી લાગું છું પાયરે.
બાહુ૦ યું૦ ૬
ચક્રીને નયણે ઝરે રે ભાઈ, આંસુડા કેરી ધાર;
તે દુઃખ જાણે તે ઉરે રે ભાઈ, કે જાણે કિરતાર રે.
બાહુ૦ યું૦ ૭
નિજ નયરી વિનીતા ભણી રે ભાઈ, જાતાં ન વહે પાય;
હા! હા! મૂરખ મેં શું કીયું રે ભાઇ, ઈમ ઉભો પસ્તાય રે.
બાહુ૦ યું૦ ૮
વિવિધ વચન ભરતેશનાં રે ભાઇ, સુણી નવિ રાચ્યાં તેહ;
લીધું વ્રત તે કયું ફિરે રે ભાઇ, જિમ હથેળીમાં રેહરે.
બાહુ૦ યું૦ ૯
કેવલ લઈ મુગતે ગયા રે ભાઈ, બાહુબળી અણગાર;
પ્રાતઃસમય નિત્ય પ્રણમીયે રે ભાઇ, જિમ હોય જયજયકાર રે.
બાહુ૦ યું૦ ૧૦

કળશ

શ્રીઋષભજિનના સુપસાય ઇણિપરે, સંવત સત્તર ઇકોત્તરે;
ભાદ્રવા સુદિ પડવા તણે દિન, રવિવાર ઉલટ ભરે;
વિમળવિજય ઉવજ્ઝાય સદ્દગુરૂ, શીશ તસ શ્રી શુભવરે;
બાહુબળી મુનિરાજ ગાતાં, રામવિજય જયશ્રી વરે. ૧૧

## ચિત્ત બ્રહ્મદત્તની સજ્ઝાય.

ચિત્ત કહે બ્રહ્મરાયને, કહું છું દિલમાં આણોજી;
પૂર્વભવની પ્રીતડી, તે તો મૂલથી મ ત્રોડો હો,
બંધવ બોલ માનોજી, કતિયારીનો સૂત્ર જ્યું ત્રુટે ત્યું જોડે હો.
બં૦ ૧

દેશ દશાર્ણનો રાજીયો, ભવ પહેલે દાસોજી;
બીજે ભવ કાલિંજ રે, આપલે મૃગ વનવાસ હો. બંધવ૦ ૨

ત્રીજે ભવે ગંગાનદી, આપે બેહુ હંસ હુતાજી;
ચોથે ભવ ચંડાળને, ઘેર જન્મ્યા પુતા હો. બંધવ૦ ૩

ચિત્ત સંભૂતિ બેહુ જણા, સબહિ ગુણ પુરાજી;
જગ સહુ તિહાં મોહી રહ્યું, ધરણી ધવ રૂરા હો. બંધવ૦ ૪

વિપ્રો અણુખ કરે ઘણી, રાજાને ભરમાવેજી;
દેશવટો તિહાંથી દિયો, ગયા મરવાને ભાવે હો. બંધવ૦ ૫

પર્વત ઉપર મુનિ મલ્યા, પગે લાગ્યા ધાઈજી;
અકામ મરણ મુનિ દાખીયો, ધર્મ દેશના સુણાઈ હો. બંધવ૦ ૬

ધર્મ સુણી ઘર છોડીયો, આપણ બેહુ સંયમ લીધોજી;
નિયાણું તેં આદર્યું, કર્મ ભૂંડા તેં કીધો હો. બંધવ૦ ૭

નારી રત્નને નિરખતાં, તપનું ફલ હાર્યોજી;
મેં તુજને વાર્યો ઘણો, તે કાંઈ ન વિચાર્યો હો. બંધવ૦ ૮

પાકયું ક્ષેત્ર જયું વેચીયું, શીશામણ સાટેજી;
એતારીની પરેં ઝુરશો, કહું છું તે માટે હો. બંધવ૦ ૯

પદ્મ ગુલ્મ વિમાનમાં, ભવ પાંચમો કીધોજી;
તિહાંથી ચવીને ઉપન્યો, કંપિલપુર પ્રસિદ્ધો હો. બંધવ૦ ૧૦

ચક્રવર્તી પદવી તેં લહી, સબહી અધિકારીજી;
કીધાના ફલ પામીયો, તાહરી કરણી સારી હો. બંધવ૦ ૧૧

પુરિમતાલે હું ઉપન્યો, શ્રાવક સુઆચારીજી;
સંયમ મારગ આદર્યો, મેં નારી નિવારી હો બંધવ૦ ૧૨

મેં પણ ઋદ્ધિ લહી ઘણી, બહુ વિવિધ પ્રકારેજી;
શુભ માનવભવ પામીને, કોણ મૂરખ હારે હો. બંધવ૦ ૧૩
એણે સંસારમાં રાચિયા વિષયારસમાં ભૂલેજી;
તારણ નાવ તણી પરે, ધર્મ કોઇ ન તોલે હો. બંધવ૦ ૧૪
ચિત્ત કહે બ્રહ્મરાયને રે, કહું છું દિલમાં આણોજી;
આ અવસર છે દોહિલો, ધર્મ મારગ જાણો હો. બંધવ૦ ૧૫
નિયાણું કરી સુખ લહ્યાં, માનવ ભવ કેરાંજી;
ઇણિ કરણીથી જાણજે, તાહરા નરકમાં ડેરા હો. બંધવ૦ ૧૬
છઠ્ઠે ભવે જુજુઆ, આપણ બેહુ ભાઇજી;
હવે મલવું છે દોહિલું, જેમ પર્વત રાઈ હો. બંધવ૦ ૧૭
સાધુ કહે સૂણો રાયજી, અબ આ ઋદ્ધિ ત્યાગોજી;
આ અવસર છે પરવડો, સંયમ મારગ લાગો હો. બંધવ૦ ૧૮
રાય કહે સુણો સાધુજી, કછુ અવર બતાવોજી;
આ ઋદ્ધિ તો છૂટે નહિ, મુજ હોવે પસ્તાવો હો. બંધવ૦ ૧૯
ચિત્ત કહે બ્રહ્મરાયને, તાહરી ભવસ્થિતિ નાઇજી;
માહરા વાળ્યા નહિ વળો, તાહરા કર્મ સખાઇ હો. બંધવ૦ ૨૦
ચિત્તે વચન કહ્યાં ઘણાં નિજ ભાઈને રાગેજી;
ભારે કર્મી જીવડો, કહો કેણીપરે જાગે હો. બંધવ૦ ૨૧
ચિત્તમુનિ તિહાંથી વલ્યા, કઠિણ કર્મને ધોતાજી;
જ્ઞાન લહી મુગતેં ગયા ચક્રી સાતમી પહોંત્યા હો. બંધવ૦ ૨૨
મન વચ કાયાએ કરી, જે કોઇ જિનધર્મ કરશેજી;
ટાલી કર્મ પરંપરા, તે ભવ સાયર તરશે હો, બંધવ૦ ૨૩
ઉત્તરાધ્યયન તેરમે, એહ અર્થ વખાણ્યાજી;
વિનય વિજયજી પસાયથી, રૂપવિજયજી એ જાણ્યા હો. બંધવ૦ ૨૪

---

## સનત્કુમાર ચક્રવર્તિની સજ્ઝાય.

સરસતિ સરસ વચન રસ માગું, તોરે પાયે લાગું;
સનતકુમાર ચક્રી ગુણ ગાઉં, જિમ હું નિર્મળ થાઉં.
રંગીલા રાણા રહો, જીવન રહો રહો;
મેરે સનતકુમાર, વિનવે સવિ પરિવાર.(એ આંકણી) ૧

રૂપ અનુપમ ઇંદે વખાણ્યું, સુર સુણી ઇમ વાચા;
બ્રાહ્મણરૂપ કરી દોય આયા, ફેરી ફેરી નિરખત કાયા.
રં. જી. મે૦ ૨

જેહવા વખાણ્યા તેહવા દીઠા, રૂપ અનોપમ ભારી;
સ્તવના સાંભળી મનમાં હરખ્યા, આણ્યો ગર્વ અપારી.
રં. જી. મે૦ ૩

અબ શું નિરખો લાલ રંગીલે,ખેળ ભરી મુજ કાયા;
નાહિ ધોઈ જબ છત્ર ધરાવું, તબ જોજો મોરી કાયા.
રં. જી. મે૦ ૪

મુગટ કુંડળ હાર મોતીના, કરી શણગાર બનાયા;
છત્ર ધરાવી સિંહાસન બેઠા, તવ ફેરી બ્રાહ્મણ આયા.
રં. જી. મે૦ ૫

દેખી જોતાં રૂપ પલટાણું, સુણ હો ચક્રી રાયા;
સોળ રોગ તેરી દેહમેં ઉપન્યા, ગર્વ મ કર કાચી કાયા.
રં. જી. મે૦ ૬

કળકળીયો ઘણું ચક્રી મનમાં, સાંભળી દેવની વાણી;
તુરત તંબોળ નાખીને જોવે, રંગભરી કાયા પલટાણી.
રં. જી. મે૦ ૭

ગઢમઢ મંદિર માળીયા મેલ્યાં, મેલી તે સવિ ઠકુરાઈ;
નવનિધિ ચૌદ રતન સવિ મેલ્યા,મેલી તે સયલ સજાઈ.
રં. જી. મે૦ ૮

હય ગય અંતે ઉરી મેલી, મેલી તે મમતા માયા;
એકલડા સંયમ લેઈ વિચરે, કેડ ન મેલે રાણા રાયા.
રં. જી. મે૦ ૯

પાયે ઘુઘરી ઘમઘમ વાગે, ઠમ ઠમ કરતી આવે;
દશ આંગળીયે બે કરજોડી, વિનંતિ ઘણીય કરાવે.
રં. જી. મે૦ ૧૦

તુમ પાખે મોરૂ દીલડું દાઝે, દિન કેહિ પરે જાશે;
એક લાખને બાણુ સહસને, નયણે કરી નિરખી જે.
રં. જી. મે૦ ૧૧

માત પિતા હેતે કરી ઝુરે, અંતે ઉર સવિ રોવે;
એકવાર સન્મુખ જુઓ ચક્રી, સનતકુમાર નવિ જુએ.
રં. જી. મે૦ ૧૨

ચામર ધરાવો છત્ર ધરાવો, રાજ્યમેં પ્રતપો રૂડા;
છખંડ પૃથ્વી આણ મનાવો, તે કિમ જાણ્યાં કુડાં.
રં. જી. મે૦ ૧૩

છત્ર ધરે શિર ચામર ઢાળે, રાજન પ્રતપો રૂડે;
છખંડ પૃથ્વી રાજ્ય ભોગવો, છમાસ લગી ફરે કેડે.
રં. જી. મે૦ ૧૪

તવ ફરી દેવ છળવા કારણ, વૈદ્યરૂપ લહી આવે;
તપશક્તિયેં કરી લબ્ધિ ઉપની, થુંકે કરી રોગ સમાવે.
રં. જી. મે૦ ૧૫

બે લાખ વરસ મંડળીક ચક્રી, લાખ વરસની દીક્ષા;
પંદરમા જિનવરને વારે, નરદેવ કરે જીવ રક્ષા.
રં. જી. મે૦ ૧૬
શ્રી વિજયસેનસૂરીશ્વર વાણી, તપગચ્છ રાજે જાણી;
વિનય કુશળ પંડિત વર ખાણી, તસ ચરણે ચિત્ત આણી.
રં. જી. મે૦ ૧૭
સાતસેં વર્ષે રોગ સમાયો, કંચન સરખી કાયા;
શાંતિ કુશળ મુનિ એમ પજંપે, દેવલોક ત્રીજા પાયા.
રં. જી. મે૦ ૧૮

---

## જંબુસ્વામીની સજ્ઝાય. ઢાળ. ૮

### ઢાળ ૧ લી

જંબુસ્વામી યૌવન ગૃહવાસ મેલ્યાં,
તિહાં કનકની કોડીમાંહે મોહ મેલ્યાં;
તિહાં અંત માતાજી વળી તપ કરતાં,
તિહાં દોય ઉપવાસ આંબિલ કરતાં. ૧
તિહાં નવ માસવાડા ઉદર ધરીયા,
તિહાં જન્મીયારે જંબુસ્વામી રૂડાં;
જંબુસ્વામીનાં નામ તે નામ રૂડાં,
પ્રભાતે લેશે તે ચારિત્ર રૂડાં. ૨
જાયા જન્મ થકીરે તુમને ધર્મ વ્હાલો,
જાયા એકવાર પરણોને આઠ નારો;
જાણું હાથે મિંઢલ કોટે વરમાલા સારી,
જાયા ઢોલ દદામા વાજિંત્ર વાજી. ૩

## ઢાળ ૨ જી

કુંવર કહે સુણો માતાજી, માજી પરણ્યાની નથી અભિલાષારે;
માજી બાલપણે રે વ્રત આદર્યાં,તુમારી વહુરો કેમ પામે સુખશાતારે;
માજી માય રોવંતા ઇમ કહે. ૧
સરિખી વય સરિખી ત્વચા, પુત્ર પરણાવું રૂપવંતી રે;
પુત્ર પરણાવી પાય લગાવીયે, ત્યારે હું જાણું ઘર સુત્ત રે;
માજી માય રોવંતા ઇમ કહે. ૨

## ઢાળ ૩ જી

કુંવર કહે રે માજી જિમ હોવે સારૂં,
તેડાવો લગનીયા માજી લગન લખાવો લાલ;
કુંવર કહે રે માજી જિમ હોવે સારૂં. ૧
લગનીયો જઇ વેવાઈને માંડવે ઉભો,
ગાય સુહાસણ મધુરાં નવનવાં ગીત લાલ.
કુંવર કહે રે માજી૦ ૨
રાવજી દરબારમાંથી વેગે પધાર્યાં,
કાગળ વાંચીને રાવજી ડસ ડસ રોયાં લાલ. કું૦ ૩
કાગળીયો વાંચી પિતાજી માથું ધુણાવે,
પરણીને લેશે જંબુ સંજમ ભાર લાલ. કું૦ ૪
કન્યાનો બાપ લગન પાછા ફેગાવે,
તિમ તિમ કન્યાજી લગન ઓરેરાં મંગાવે લાલ;
તાત કહે રે કુંવરી જિમ હોવે સારૂં.
( એ આંકણી ) ૫
પછે નહિં કાઢશો દીકરી વાંક અમારો,
રોતાં નહિ આવશો દિકરી ઘેર અમારે લાલ.
તાત કહે રે કુંવરી૦૬

ચતુર કન્યાજી ચિત્તમાં ચેતીને બોલ્યાં,
લાંબી ને ટુંકી પિતાજી શી બોલો લાલ.
તાત કહે રે કુંવરી૦ ૭

એકની રીત એહવી આઠેની કીધી,
રંગે ચંગે પરણીને વહેલોમાં બેઠા લાલ.
તાત કહે રે કુંવરી૦ ૮

ચતુર કન્યાજી પરણી ઘેર પધાર્યા,
સાસુયે થાલ ભરી મોતીડે વધાવ્યા લાલ.
તાત કહે રે કુંવરી૦ ૯

સાસુને પાય પડીને રચું રચું રે આપ્યું,
સવાલાખ સોનૈયા લઈને ભંડારે નાખ્યા લાલ.
તાત કહે રે કુંવરી૦ ૧૦

સાસુનો પાલવ સહીને મલપતું બોલ્યાં,
એકેકને આપ્યાં એકસો બાણું બાણું
બોલ લાલ. તાત કહે રે કુંવરી૦ ૧૧

ઢાળ ૪ થી

સાસુ શીખ દે છે તેણી વેલા, વહુરો કરો રે સતાબી;
જિમ તિમ કરી તુમ પિયુ પતલાવો, હું મતિ જાણું તમારી રે;
માહરી વહુરો રે, વશ કર વાલમ તોરો. (એ આંકણી) ૧

પહેરો પીતાંબર અનોપમ સાડી, સજો તે સોલ શણગાર;
જિમ તિમ કરીને મહેલે ચઢીને, રાખો તુમ ભરતાર રે.
માહરી૦ વશ કર૦ ૨

કલ્લાં ને કાંબી ઝબ ઝબુમકે, કાને લાલ ઝબુકે;
રૂમઝુમ કરતાં મ્હોલે પધાર્યાં, મહોલ ગગડવા લાગ્યા રે.
માહરી૦ વશ૦ કર૦ ૩

આઠે મલીને આઠ બારીએ બેઠી, વચમાં વાલમ ઘેર્યો;
મુખ વચન તમે કાંઇ નવ બોલો, અમે ફોગટ ફર્યા છીએ ફેરા રે.
માહરી૦ વશ૦ કર૦ ૪

આઠે મલીને તેમજ કહે છે, સુણોને વાલમ વાત;
દુનિયા તમને ઠપકો દેશે, મુરખમાં તમે ગણાશ્યો રે.
માહરી૦ વશ૦ કર૦ ૫

આઠે મલીને વળી ઈમજ કહે છે,અમે શરમે રહ્યા છીએ છેટા;
નર ભમર ચતુરાઈ ન શીખ્યા, શું થયા દીલ ધીઠારે.
માહરી૦ વશ૦ કર૦ ૬

માણેક મોતી ને મુદ્રિકા, મહેલ મહેલાતો તાહરી;
દેવી સરિખી કન્યાઓ તજીને, સંયમશું રંગાણા રે.
માહરી૦ વશ૦ કર૦ ૭

આઠે મલીને ઈમજ કહે છે. સુણોને વાલમ વાત;
બચ્ચે વૈરાગી કોઈ નવ રાખે,કરીયે કોડી ઉપાય રે,
માહરી૦ વશ૦ કર૦ ૮

ઢાળ ૫ મી

સુણો સુણો વાલમ વાતજી વાલા,
અમ ઉપર નવ કરસ્યોજી ટાલા;
રમણી ગમણી ને મન હરણી,
અમે આઠે તે જોબન વરણી. ૧

ઇમ કિમ કરી જાસ્યોજી વાલા,
તુમ ઉપર માહરી મોહન માલા;
સહેજે થુંક પડે રે તમારૂં,
તિહાં લોહી તપે રે અમારૂં. ૨

નહિ દીયર નહિ જેઠ નગીનો,
તુમ વિના અમારે સંસાર સુનો;
તુમ ઉપર અમારે આસો ને વાસો,
તુમ વિના અમારે સુનો રે સાસો. ૩

જો એક બાલક થાશેજી અમને,
તો શીખ દેઇશું સાહિબ તુમને;
પ્રભુ રૂઠયો તેહ રે ખમાય,
પરણ્યાં મેલે તે નવ સહેવાય. ૪

બોલ્યાં અણબોલ્યાં કીજે,
નારી જાતિનો અંત ન લીજે;
એહવું કઠણ હઇયું નવ કીજે,
અબલા સ્ત્રીને છેહ નવ દીજે. ૫

ઢાળ ૬ ઠ્ઠી.

જંબુ પ્રત્યે કહે વલી આઠે નાર,
સાંભળોને પ્રીતમ પ્રાણ આધાર;
ન કરો એહવી કઠણ હો વાત,
નિરખો તુમે નવલીયો નિજ નાર,
નાવલીયા વિભુધીરે, ઓલંભડા લીયો રે. ૧ એ આંકણી.

કેમ છાંડો છો અમને આણીવાર,
તેમાં નહિ કુલની શોભા લગાર;
શાખો મન ઠેકાણે કરો ઘરનાં કામ,
પછી નહિ લઇએ સાહેબ તમારૂં નામ;
નાવલીયા વિલુધીરે, ઓલભંડા લીધા રે. ૨

સુણો તમે મેરૂ સરિખાં હો સ્વામ
કરીયાં પિતા ઉપર વટ અમે કામ;
કુણ સાંભળશે અંતઃકરણની બુંબ,
તુમારે શીઘ્રહ લેવી છે સુખનીલુંબ;
રૂઠયાં ને ત્રુઠયાં હો, ઉભા કિહાં રહીયે રે. ૩

કઠણ સાસુજી તુમારી કુખ,
નણદલ વીરે દીધાં અમને દુઃખ;
અમ આઠેની આજીજી કરે અપાર,
વિનતિ નથી માનતા એક લગાર,
કઠણ સાસુજી હો,કઠણ વાલમ જનમીયા રે. ૪

ઢાળ ૭મી

ઘણી થઈ ઘણી થઇ વાલમા રે, વિણસો કાંઇ અમારા કાજ;
વિણ ગુન્હે વરજો તુમે રે, તેમાં શી વધશે તુમ લાજ;
રહો રહો વાલમા રે, બોલો એક મુખ થકી બોલ. આંકણી. ૧

અમે માવિત્રનાં છોરૂડાં રે, નહોતાં બેઠા તુમ પાસ;
હાથે ઝાલીને તુમે લાવીયા રે, હવે કેમ કરો છો નિરાશ.
રહો રહો૦ બોલો એક૦ ૨

નારીઓને દુઃખ દેઇ જાયસ્યો રે. કિમ સરશે તમારાં કાજ;
દુઃખ દીધાં જાજેરડાં રે, કેમ લેશ્યો મુક્તિપુરીનું રાજ.
રહો રહો૦ બોલો એક૦ ૩

જિમ જિમ પસ્તાણો લોહ વાણિયો રે, તિમ પસ્તાશો ભરતાર;
વા ન ર વ ત્ પસ્તાવશો રે, કહ્યું માનો અમારૂં લગાર.
રહો રહો૦ બોલો એક૦ ૪

સુ હા લી ણી સુકુમાલિણી રે, ઝો લો લાગ્યો ઝ કો ર;
એ ક એકને બે ઠી ક રે રે, હઇયું તાહરૂં કઠણ કઠોર.
રહો રહો૦ બોલો એક૦ ૫

આઠે અતિ વિલખી થઈ રે, અમને મેલીને શું જાઓ;
સ્વા મી સુ લ ક્ષ ણા થઇ રે, આહવા નમેરા કિમ થાઓ
રહો રહો૦ બોલો એક૦ ૬

પહેલો શ્લોક જંબુએ કહ્યો રે, સુણો તમે કામિનીયો સુજાત;
તુમમાં ચતુરાઇ છે ઘણી રે, માહરૂં મૃત્યુ દિવસ કે રાત;
સુણો એક કામિની રે, મેં જાણ્યો અથિર સંસાર. ૭

બીજો શ્લોક જંબુએ કહ્યો રે, સુણો તમે કામણગારી ખાસ;
જ્યારે મુજ આયુષ્ય પુરૂં હુવે રે, ત્યારે મને રાખશો કહો તુમ પાસ;
સુણો એક કામની રે, મેં જાણ્યો અથિર સંસાર. ૮

આઠે મલીને ઉભી થઇ રે, જોડયાં દોનું દોનું હાથ;
એ પહોંચ નથી સ્વામી અમતણી રે, સંજમ લેઈશું તુમ સાથ;
સુણો એ ક વાલમા રે, અમે જાણ્યો અથિર સંસાર. ૯

જંબૂ કહે સુણો કામની રે, ભણી દરિયા વહિના પાઠ;
સુધર્મ સ્વામી કને જાઈને રે; સંજમ લેઇશું સરવે સાથ;
સુણો એ ક કામની રે, મેં જાણ્યો અથિર સંસાર. ૧૦

તેણે અવસરે જંબુ ગૃહે રે, પ્રભવ ચોર સય પંચ સંગાથ;
ધનના બાંધ્યા પોટલા રે, પ્રભવ ગ્રહ્યો પગ થોભ;
સુણો ભવ્ય પ્રાણીયા રે, પછી શું થયું તે ધરી કાન. ૧૧

ઉત્તર પ્રત્યુત્તર સાંભલી રે, પ્રભવે જોડયાં બેહુ હાથ;
ઘેર જાવું જુગતું નથી રે, સંજમ લેસ્યું તુમ સાથ;
સુણો ભવ્ય પ્રાણીયા રે, પછી શું થયું તે ધરી કાન. ૧૨

ઢાળ ૮ મી

પ્રભવ ચોર અને વલી, પાંચસયેં ચોર તસ લાહાર;
તેહને જંબુ સ્વામીયેં બુઝાવ્યા, બુઝવી આઠે તે નાર.
ધન્ય ધન્ય ધન્ય જંબુસ્વામીને. ૧ એ આંકણી

સસરા ને સાસુઓ બુઝવ્યા, બુઝવ્યા માય ને બાપ;
પાંચસેં અઠ્ઠાવીસ સર્વે મલી, આવ્યા સુધર્મસ્વામીની પાસ.
ધન્ય ધન્ય ધન્ય૦ ૨

સુધર્મ સ્વામીની પાસે આવીને, લીધોજી સંજમ ભાર;
કર્મ ખપાવી કેવલ પામીયા, પહોંચ્યા તે મુગતિ મોઝાર.
ધન્ય ધન્ય ધન્ય૦ ૩

## શ્રી ચંદનબાળાની સજ્ઝાય.

કૌશાંબી નગરી તે પધાર્યા, વહોરવાને શ્રી મહાવીર;
અભિગરો રે ઇમ ચિંતવે; તમે શું જાણો જગદીશ
હો સ્વામી, ભામણે જાવું હો સતગુરૂ. ૧

ઓરંતા નિજ ઘરડે મુનિ, ભમંતા ઘેર ઘેર;
બારસુખડી ઘેબર ઢાંકી મેલ્યાં, એ તો મનમાં ન આણે
લગારે હો સ્વામી. ભા૦ ૨

રાજાના મહેલ લુંટાઇ ગયા, લુંટી તે ચંપા પોળ;
નિજ થાનકે આવી રહ્યા, ત્યાં તો હાથી ઘોડાના ગંજ
હો સ્વામી. ભા૦ ૩

રાજાના મહેલ લુંટાઈ ગયા, લુંટી કરી સૌ જાય;
સૌ પાયકું મેઠી ચઢયાં, ત્યાં તો દીઠાં છે ચંદનબાલ
હો સ્વામી. ભામણે જાવું હો સતગુરૂ૦ ૪

ચંદનબાલા ધારણી, હેઠાં ઉતાર્યાં તેણીવાર;
ખંધે ચઢાવીને લઇ ગયો, એ તો બોલે કડવા બોલ
હો સ્વામી. ભામણે જાવું હો સતગુરૂ૦ ૫

તું મારે ઘેર બાઈ ગોરડી, હું છું તારો નાથ;
એવા વચન જેણે સાંભળ્યા, ત્યારે ધારણીએ કીધો કાળ
હો સ્વામી. ભામણે જાવું હો સતગુરૂ૦ ૬

જીભ કચરી મરી ગયા, મરતા ન લાગી વાર;
એ તો મરી ગયા તત્કાળ હો સ્વામી. ભામણે જાવું હો સતગુરૂ૦ ૭

ખંધેથી હેઠે પડયાં, ટળવળે તે ચંદનબાળ;
બાઈ તું મારે ઘેર બેટડી, હું છું તારો તાત, બાઇ ન
કરીશ તું આપઘાત હો સ્વામી. ભામણે જાવું હો સતગુરૂ૦ ૮

ખુંધે તે ચઢાવી લઈ ગયો, ઘેર છે ચેતા નાર;
જાઓ રે બજારમાં વેચવા, નહિતર કરીશ રાજા પોકાર
હો સ્વામી. ભામણે જાવું હો સતગુરૂ૦ ૯

ખંધે ચઢાવી ને લઇ ગયો, વેચે તે બજારમાંય;
ચઉટામાં ઉભી કરી, એને મૂલવે કોશ્યાનાર
હો સ્વામી. ભામણે જાવું હો સતગુરૂ૦ ૧૦

લાખ ટકાના બાઇને મૂલવ્યા, મોં માગ્યા તે આપ્યા મૂલ;
લાખ ટકાના બાઈ અધલખા, બાઇ તમ ઘરે કેવો આચાર
હો સ્વામી. ભામણે જાવું હો સતગુરૂ૦ ૧૧

રાગ ઠાઠ બનાવવા, કરવા તે સોળ શણગાર;
હિંચોળા ખાટ બાઇ હિંચવા, અમ ઘેર ચાવ્વા ચોલેયા
પાન હો સ્વામી. ભામણે જાવું હો સતગુરૂ૦ ૧૨

મારો ભલું પડયો અવતાર હો સ્વામી, મેં શા કર્યા પાપ હો સ્વામી
મેં ન આરાધ્યા અરિહંત હો સ્વામી,
મેં ન સમર્યા ભગવંત હો સ્વામી,
મેં તોડી પુન્યની પાળ હો સ્વામી. ભામણે જાવું હો સતગુરૂ. ૧૩

આકાશે ઉભા દેવતા, સાંભળે એવા બોલ;
કાન નાક વલુરીયું, કોશ્યા તે નાસી જાય,
ત્યાંકને ઉલટયા વંદર વાંદ હો સ્વામી. ભા૦ ૧૪

ખંધે ચઢાવીને લઈ ગયો, વેચે તે બજારમાંય;
ચૌટામાં ઉભી કરી, એને મૂલવે ધનાવહ શેઠ
હો સ્વામી. ભામણે જાવું હો સતગુરૂ૦ ૧૫

લાખ ટકાના બાઇને મૂલવે, મોં માંગ્યા આપ્યા તે મૂલ;
લાખ ટકાના ભાઇ સવા લાખ, તમ ઘર કેવો આચાર
હો સ્વામી. ભામણે જાવું હો સતગુરૂ૦ ૧૬

પોસા પડિક્કમણા અતિ ઘણાં. આંબિલનો નહિ પાર;
ઉપવાસ એકાસણા નિત્ય કરો, અમ ઘર પાણી ગળો ત્રણ ટંક
હો સ્વામી. ભામણે જાવું હો સતગુરૂ૦ ૧૭

મારો સફળ થયો અવતાર હો સ્વામી,
મેં આરાધ્યા અરિહંત હો સ્વામી;

મેં સમરીયા ભગવંત હો. સ્વામી,
મેં બાંધી પુણ્યની પાળ હો સ્વામી.
ભામણે જાવું હો સતગુરૂ૦ ૧૮

શેઠ વખારેથી આવીયા, ચંદનબાળા તે ધુએ શેઠના પાય
મુળાયે મનમાં ચિંતવ્યું, એ તો નાર કરી ઘેર રાખી
હો સ્વામી. ભામણે જાવું હો સતગુરૂ૦ ૧૯

હાથે તે ઘાલ્યા દશ કલા, પગે તે ઘાલી ગેડ;
મસ્તક મૂંડયાં વેણીના કેશ હો સ્વામી,
એમને ઘાલ્યાં ગુપ્તદ્વાર હો સ્વામી.
ભામણે જાવું હો સતગુરૂ૦ ૨૦

પહેલું તે દહાડું કયાં થયું, કયાં ગઇ તે ચંદનબાળ;
તમે એને મૂઢે ચઢાવી મેલી,
એ તો ઘરમાં ન આવે લગાર હો સ્વામી.
ભામણે જાવું હો સતગુરૂ૦ ૨૧

બીજું તે દહાડું કયાં થયું, કયાં ગઇ તે ચંદનબાળ;
તમે એને લાડવચી કરીને મેલી,
એ તો કહ્યું ન માને લગાર હો સ્વામી.
ભામણે જાવું હો સતગુરૂ૦ ૨૨

ત્રીજું તે દહાડું કયાં થયું, કયાં ગઇ તે ચંદનબાળ;
એને મૂઢે ચઢાવી મેલી,
એ તો કહ્યું ન માને લગાર હો સ્વામી.
ભામણે જાવું હો સતગુરૂ૦ ૨૩

ચોથું તે દહાડું કયાં થયું, કયાં ગઇ તે ચંદનબાળ;
શેઠ કટારલો કાઢયો હતો, મારીશ તારે પેટ હો સ્વામી,
મૂળા નાશી ગઈ તત્કાળ હો સ્વામી.
ભામણે જાવું હો સતગુરૂ૦ ૨૪

શેઠ તે પાડોશીને પૂછીયું, કયાં ગઈ તે ચંદનબાળ;
હાથે તે ઘાલ્યા દશ કલા, પગે તે ઘાલી ગેડ;
મસ્તક મુંડયા રે વેણીના કેશ હો સ્વામી,
એમને ઘાલ્યાં ગુપ્ત દુવાર હો સ્વામી.
ભામણે જાવું હો સતગુરૂ૦ ૨૫

શેઠ તે તાળા ભાંગીયા, કાઢયાં તે ચંદનબાળ;
એમને બેસાડયા ઉમરઠમાંહી હો સ્વામી,
સુપડ ખુણે બાકુળા,
શેઠજી જાય તે લવારને તેડવા હો સ્વામી.
ભામણે જાવું હો સતગુરૂ૦ ૨૬

છમાસીના પારણે, મુનિ ભમંતા ઘેર ઘેર;
સઘળી જોગવાઈ તિંહાં મળી, ત્યાં તો ન દીઠી આસુની
ધાર હો સ્વામી. ભામણે જાવું હો સતગુરૂ૦ ૨૭

ત્યાંથી મુનિ પાછા વળ્યા, ચિંતવે તે ચંદન બાલ,
મારો ભટુ અવતાર હો, સ્વામી,
મેં ન આરાધ્યા અરિહંત હો સ્વામી;
મેં ન સમર્યા ભગવંત હો સ્વામી,
મેં તોડી પુણ્યથી પાળ હો સ્વામી.
ભામણે જાવું હો સતગુરૂ૦ ૨૮

પાછું તે વાળી મુનિ જોવંતા, દીઠી તે આંસુની ધાર;
સઘળી જોગવાઈ તિહાં મળી,
અઠ્ઠમ કેરે પારણે વોરાવે ચંદનબાળ,
વોરાવી કરો તુમે પારણું,
તમારો સફળ કરો અવતાર હો સ્વામી.
મારો સફળ થયો અવતાર હો સ્વામી,
ભામણે જાવું હો સતગુરૂ૦ ૨૯

હાથે તે થયો સોના ચૂડલો, પગે તે થઇ રૂપા ગેડ;
મસ્તક થીયા વેણીના કેશ હો સ્વામી,
સેંથો થીયો તે મોતીની સેર હો સ્વામી
ભામણે જાવું હો સતગુરૂ૦ ૩૦

શેઠ લવારને તેડી આવ્યા, આ શું થયું તે ચંદનબાલ;
પિતા તુમારે પસાય હો સ્વામી,
એટલે આવ્યા મુળામાય હો સ્વામી;
આ શું થયું ચંદનબાલ હો સ્વામી,
માતા તુમારે પસાય હો સ્વામી;
ભામણે જાવું હો સતગુરૂ૦ ૩૧

દેશ દેશના રાજવી, ચંદનબાલાને વાંદવા જાય;
ત્યાંતો બારક્રોડ બત્રીશની વૃષ્ટિ હો સ્વામી,
ત્યાં તો અઠ્ઠાઈ ઓચ્છવ થાય હો સ્વામી;
ત્યાંતો નાટારંભ થાય હો સ્વામી,
ત્યાં તો દેવતાઇ વાજાં વાગે હો સ્વામી;
ત્યાંતો લબ્ધિવિજય ગુણગાય હો સ્વામી,
ભામણે જાવું હો સતગુરૂ૦ ૩૨

# શ્રી કળાવતીની ચાર ઢાળની સજ્ઝાય.

## ઢાળ પહેલી.

માળવ દેશ મનોહરૂ, તિહાં નયરી ઉજ્જેણી નામ હો નરિંદ;
શંખરાજા તિહાં શોભતા, સહુ શુભ ગુણ કેરા ધામ હો નરિંદ,
શિયળતણાં ગુણ સાંભળો. ૧

શિયળે લહીયે બહુમાન હો નરિંદ, શિયળે સતીય કળાવતી;
જેમ પામી સુખ પ્રધાન હો નરિંદ, શિયળતણાં ગુણ સાંભળો. ૨

ત્રણસો સાઠ માંહે વડી, લીલાવતી પટરાણી કહાય હો ન૦
નેપાળ દેશનો નરપતિ, નામે જીતશત્રુ રાય હો ન૦ શી૦ ૩

જયસેન વિજયસેન સુત ભલા, કળાવતી પુત્રી ઉદાર હો ન૦
માલવપતિ શંખરાયને, પરણાવી પ્રેમ અપાર હો ન૦ શી૦ ૪

પંચ વિષય સુખ વિલસતાં, કળાવતી રાય સંઘાત હો ન૦
ગર્ભ રહ્યો પુણ્ય યોગથી, હરખ્યો નૃપ સાતે ધાત હો ન૦ શી૦ ૫

અઘરણી ઓચ્છવ માંડીયો, ગીત ગાવે બહુ મળી નાર હો ન૦
પેટી આવી પીયર થકી, કળાવતીને તેણીવાર હો ન૦ શી૦ ૬

શંકાતી બહુ શોકયથી, લેઈ ગોપવી ગોઠણ હેઠ હો ન૦
એકાંતે ઉકેલતાં, દોય બેરખા દીઠા દ્રષ્ટ હો ન૦ શી૦ ૭

નંગ જડયા માંહે નિર્મળા, અંધારે કરે ઉજવાસ હો ન૦
નામાંકિત બિહુ ભ્રાતના, પહેરી રે પામી ઉલ્લાસ હો ન૦ શી૦ ૮

ખાટ હિંડોળે હિંચતા, બેરખા ઝબૂકે જેમ વીજ હો. ન૦
દાસી લીલાવતી તણી, દેખી ધરે દિલમાં ખીજ હો. ન૦ શી૦ ૯

કહો બાઇ એ કોણે દીધાં, આભૂષણ દોય અમૂલ્ય હો. ન૦
મુજને જે ઘણો વાહલો, તેણે દીધાં બહુ મૂલ હો ન૦ શી૦ ૧૦

દાસી લીલાવતી ભણી, ભાંખ્યો તે સઘળો ભેદ હો. ન૦
સાંભળી ક્રોધાતુર થઇ, ઉપજ્યો ચિત્તમાં બહુ ખેદ હો. ન૦ શી૦ ૧૧

રાણી પ્રતે મહિપત કહે, કેણે દુહવ્યા તુમને આજ હો. ન૦
બહુ મૂલા તમે બેરખા, કેમ કીધાં કળાવતી કાજ હો. ન૦ શી૦ ૧૨

મેં ન ઘડાવ્યા બેરખા, તસ ખબર નહિ મુજ કાય હો. ન૦
પૂછી નિરતિ કરો તુમે, સુણી લીલાવતી તિહાં જાય હો. ન૦ શી૦૧૩

રાય છાનો ઉભો રહ્યો, તવ પૂછે લીલાવતી તેહ હો ન૦
સાચું કહો બાઈ કળાવતી, કેણે દીધાં બેરખાં એહ હો. ન૦ શી૦૧૪

હું ઘણી જેહને વાલહી, તેણે મોકલ્યા મુજને એહ હો. ન૦
રાત દિવસ મુજ સાંભરે, પણ ભાઇ ન રહ્યો તેહ હો. ન૦ શી૦ ૧૫

રાજા ક્રોધાતુર થયો, સુણી કળાવતીનાં વચન્ન હો. ન૦
પ્રીતિ પૂરવલા પુરૂષ શું, મૂકયા એ તેણે પ્રચ્છન્ન હો ન૦ શી૦ ૧૬

કોલ દીયો લીલાવતી ભણી, દાય બેરખાં સેંતી બાંહ હો ન૦
છેદાવી તુજને દીઉં, સુણી પામી પરમ ઉલ્લાસ હો ન૦ શી૦ ૧૭

ઢાળ બીજી

રાય હુકમ એહવો કર્યોજી, ચંડાળને તેણી વાર;
કળાવતી કર કાપીનેજી, આણી દ્યો એણીવાર;
સુણ સુણરે પ્રાણી, કર્મ તણા ફળ એહ. ૧

જન્માંતર જીવે કર્યાજી, આવે ઉદય સહિ તેહ;
સુણ સુણ રે પ્રાણી કર્મ૦ ૨

સાંભળી અંત્યજ થરહર્યોજી, ચંડાળીને કહે તેહ;
રાય હુકમ રૂડા નહિંજી, મૂકીયે નગરી એહ. સુણ૦ કર્મ૦ ૩

પાપિણી કહે તું શું બીહેજી, એ છે માહરૂં કામ;
શિર નામી ઉભી રહીજી, રાયે ખડગ દીયો તામ. સુણ૦ કર્મ૦ ૪

રથ જોડી રંડા કહેજી, બેસો બાઈ ધણ માંહ;
પીયર તુજને મોકલેજી, રાય ધરી બહુ ચાહ. સુણ૦ કર્મ૦ ૫

ગળીયલ માફા કેહેવાજી, શ્યામ વૃષભ વળી કેમ;
પુત્ર રહે નહિ રાયનેજી, કીધો કારણ એમ. સુણ૦ કર્મ૦ ૬

રથ બેસારી રાનમાંજી, ચાલી ઉજ્જડ વાટ;
સુકે વને રથ છોડીયોજી, રાણી પામી ઉચાટ. સુણ૦ કર્મ૦ ૭

પીયર માર્ગ એ નહિજી, ચંડાળી કહે તામ;
રાયે મુજને મોકલીજી, કર કાપણને કામ. સુણ૦ કર્મ૦ ૮

જમણો પોતે છેદીયોજી, ડાબો ચંડાળીયે લીધ;
બેરખા સહિત બેહુકર ગ્રહિજી, આણી રાયને દીધ. સુણ૦ કર્મ૦૯

નારી ભ્રાત નામ નિરખતાજી, મુંઝાણો તતકાળ;
શીતળ વાયે સજજ કર્યોજી, રોવે તવ મહિપાળ. સુણ૦ કર્મ૦૧૦

કિસી કુમતિ મુજ ઉપનીજી. કીધો સબળ અન્યાય;
એ જીવ્યું કોણ કામનુંજી, રાજ રમણી ન સુવાય. સુણ૦ કર્મ૦૧૧

ચય રચાવી ચંદનેજી, બળવાને તિહાં જાય;
લોક મળી વારે ઘણુંજી, વચન ન માને રાય. સુણ૦ કર્મ૦ ૧૨

## ઢાળ ત્રીજી

કળાવતીને જે થયો, તે સુણજો પ્રતિકાર; ભવિ પ્રાણી.
કર છેદન વેદન થકી, સુત જન્મ્યો તેણીવાર; ભવિ પ્રાણી. ૧

શીયળનો મહિમા જાણીયે, શીયળે સંપત્તિ થાય; ભ૦
વિઘ્ન વિષમ દૂરે ટળે, સુરનર પ્રણમે પાય; ભ૦ શી૦ ૨

પુત્ર પ્રત્યે કહે પદ્મિણી, શું કરે તાહરી સાર; ભ૦
માહરી કૂખે અવતર્યો, તું નિભાગ્ય કુમાર; ભ૦ શી૦ ૩

અશુચિ પણું કેમ ટાળશું, પાળશું એ કેમ બાળ; ભ૦
શોચ કરે રોવે વળી, વન મહોર્યો તતકાળ; ભ૦ શી૦ ૪

શીયળે સૂકી નદી વહી, પાણી આવ્યું નજીક; ભ૦
જાણે કે જળ લેઇ જાયશે, વચ્ચે બેઠી નિર્ભીક; ભ૦ શી૦ ૫

આંટા દેઇ ચિહુ દિશે, નદી વહી દોય વાર; ભ૦
બોળે બાંહ નીચી કરી, જળમાંહે તેણીવાર; ભ૦ શી૦ ૬

નવ પલ્લવ નવલી થઇ, બેરખા સેંતી બાંહ; ભ૦
બીજી પણ તિમહિજ થઈ, પામી પદ્મા ઉત્સાહ; ભ૦ શી૦ ૭

અચરિજ દેખી આવીયો, તાપસ એક તેણીવાર; ભ૦
જનકનો મિત્ર જાણી કરી, બોલાવે સુવિચાર; ભ૦ શી૦ ૮

રે પુત્રી ? તાપસ કહે, એકલી અટવી મઝાર; ભ૦
કેમ આવી મુજને કહે, તવ ભાંખ્યો સઘળો વિચાર; ભ૦ શી૦ ૯

કોપ્યો તાપસ એમ કહે, રાજાને કરૂં ઉત્પાત; ભ૦
કળાવતી તવ વિનવે, કોપ મ કરો મુજ તાત; ભ૦ શી૦ ૧૦

તાપસે તિહાં વિદ્યા બળે, અવલ રચ્યો આવાસ; ભ૦
કળાવતી સુતશું તિહાં, અહોનિશ રહે ઉલ્લાસ; ભ૦ શી૦ ૧૧

કઠીયારા તેણે અવસરે, દેખી એહ વિચાર; ભ૦
દોડયા દેવા વધામણી, રાજાને તેણીવાર; ભ૦ શી૦ ૧૨

મંત્રી અરજ કરે તિસે, સુણો રાજન સુકુમાળ; ભ૦
અવધિ દીયો એકમાસની, ખબર કરૂં તતકાળ; ભ૦ શી૦ ૧૩

એમ કહી શોધ કરણ ચલે, એહવે આવ્યા કઠીયાર; ભ૦
રાણીની વિગત કહી સર્વે, હરખ્યો ચિત્ત મઝાર; ભ૦ શી૦ ૧૪

સૂકું વન સવિ મોરિયું, સૂકી નદી વહે પૂર; ભ૦
રાણીયે સૂત તિહાં જનમીયો, કર ઉગ્યા સસનૂર; ભ૦ શી૦ ૧૫

રાણીને જઈ વિનવ્યો, પામ્યો હર્ષ વિશાળ; ભ૦
રાણીને તેડવા મોકલ્યો, મંત્રીને તતકાળ; ભ૦ શી૦ ૧૬

રાય રાણી મન રંગ શું, આવ્યાં નગર મઝાર; ભ૦
ઉત્સવ રંગ વધામણાં, હુઓ તે જય જયકાર; ભ૦ શી૦ ૧૭

## ઢાળ ચોથી

એક દિન રાય રાણી મનરગે, વનમાં ખેલણ જાવેજી;
તવ તિહાં સાધુ ધર્મ ધુરંધર, તેહના દર્શન પાવેજી. ૧

ભવિયણ ધર્મ કરો મન શુદ્ધે, ધર્મે સંપત્તિ થાયજી;
ધર્મે મન વાંછિત સવિ હોવે, ધર્મે પાપ પલાયજી. ભ૦ ૨

પય પ્રણમી સાધુને પૂછે, ભગવંત મુને ભાંખોજી;
રાણી કર છેદ્યા કિણ કારણ, તેહનો ઉત્તર દાખોજી. ભ૦ ૩

સાધુ જ્ઞાની એણીપરે બોલે, મહાવિદેહમાં રહેતાંજી;
માહેન્દ્રપૂરી નયરી ભૂપ વિક્રમ, લીલાવતી વિલસંતાજી. ભ૦ ૪

પૂત્રી પ્રસવી રૂપ અનોપમ, સુલોચના ગુણ ખાણીજી;
વિદ્યાવંત વિદેશી સૂડો, વદતો અમૃત વાણીજી. ભ૦ ૫

સુલોચના સોવન પિંજરમાં, સૂડો ઘાલી રાખેજી;
ગાહા ગૂઢા નવલા ગાવે, મનોહર મેવા ચાખેજી. ભ૦ ૬

મનમાં કીર વિમાસે એહવું, પિંજર બંધન રહેવાજી;
આશા પરાઈ કરવી અહોનિશ, પરવશ સુખ ન લહેવોજી. ભ૦ ૭

એક દિન પિંજર બાર ઉઘડીયો. પોપટ તવ નીકળીયોજી;
વનમાં તરૂ શાખાએ બેઠો, મનવંછિત સવિ ફળીયોજી. ભ૦ ૮
સુલોચના સૂડાને વિરહે, તતક્ષણ મૂર્છિત થાવેજી;
રાજા પાસ નખાવી સૂડો, બંધાવીને લાવેજી. ભ૦ ૯
રીસાણી સૂડાશું કુમરી, પાંખો બેહુ તસ છેદેજી;
સૂડો પણ તનુ મોહ તજીને, ભૂખ તૃષા બહુ વેદેજી. ભ૦ ૧૦
શુભ પરિણામે સૂડો ચવિરે, સુરલોકે સુર થાવેજી;
કુમરી તસ વિરહે તનુ તજીને, દેવાંગના પદ પાવેજી. ભ૦ ૧૧
સુરલોકે સુર સુખ વિલસીને, ઈહાં કણે રાજા હુવોજી;
દેવી પણ તે ત્યાંથી ચવીને, હુઇ કળાવતી જુઓજી. ભ૦ ૧૨
પૂરવ વૈર ઈહાં તુજ પ્રગટયું, તિણ કારણ કર છેદ્યાજી;
જન્માંતર કીધા જે જીવે, નવિ છૂટે વિણ વેદ્યાજી. ભ૦ ૧૩
રાજા રાણી સુણીને તતક્ષણ, જાતિ સ્મરણ જ્ઞાનેજી;
પૂરવ ભવ સંપૂર્ણ પેખે, તહત્તિ કરીને માનેજી. ભ૦ ૧૪
કર્મ તણી વિરૂઇ જાણી, વૈરાગે મન ભીનોજી;
રાજા રાણી નિર્મળ ભાવે, સંયમ માર્ગ લીનોજી. ભ૦ ૧૫
તપ બલ ધ્યાન શુકલ આરાધી, ભવ બંધન સવિ છોડયાંજી;
રાજા રાણી કેવળ પામી, શિવરમણી સુખ જોડયાંજી. ભ૦ ૧૬

(કળશ)

ઈમ દુરિત ખંડણ શીયળ મંડણ, આરાધી શિવપદ લહ્યો;
સંવત અઢાર પાંત્રીસ શ્રાવણ, શુકલ પંચમી દિન કહ્યો;
લોકા ઋષિ શ્રી કરમશી, તસ શિષ્ય રંગે ઉચ્ચરે,
ભુજ નગર ભાવે રહી ચોમાસુ, માનસિંહ જય જય વરે. ૧૭

# શ્રી અરણિક મુનિવરની સજઝાય.

મુનિ અરણિક ચાલ્યા ગોચરી રે. વનના વાસી.
એનું રવિ તપે રે લલાટ, મુનિવર વેરાગી.
મુનિ ઉંચા મંદિર વેશ્યા તણા રે. વનના વાસી.
જઇ ઉભા રહ્યા ગોખની હેઠે, મુનિવર વૈરાગી. ૧

વેશ્યાએ દાસીને મોકલી ઉતાવળી રે. વનના વાસી.
પેલા મુનિને અહિં તેડી લાવ. મુનિવર વૈરાગી.
મુનિ મંદિરે તે ચાલ્યા ઉતાવળા રે. વનના વાસી.
ત્યાં જઈ દીધો ધર્મલાભ. મુનિવર વૈરાગી. ૨

મુનિ પંચરંગી બાંધો પાઘડી રે. વનના વાસી.
તુમે મેલો ઢળકતા તાર, મુનિવર વૈરાગી
મુનિ નવા નવા લેઉં વારણા રે. વનના વાસી.
તમે જમો મોદકના આહાર. મુનિવર વૈરાગી. ૩

મુનિની માતા હિંડે શેરી શોધતા રે. વનના વાસી.
ત્યાં તો જોવા મલ્યા બહુ લોક. મુનિવર વૈરાગી.
કોઇએ દીઠો મારો અરણિકો રે. વનના વાસી.
એ તો લેવા ગયો છે આહાર. મુનિવર વૈરાગી; ૪

ગોંખે તે બેઠા રમે સોગઠે રે. વનના વાસી.
ત્યાં તો સાંભલ્યો માતાજીનો શોર. મુનિવર વૈરાગી.
ગોંખેથી હેઠા ઉતર્યો રે. વનના વાસી.
જઇ લાગ્યો માતાજી પાય. મુનિવર વૈરાગી. ૫

મુનિ નહિ કરવાના કામ તમે કર્યાં. વનના વાસી.
તમે થયા ચારિત્રના ચોર. મુનિવર વૈરાગી.

અમે શિલા ઉપર જઈ કરશું સંથારો રે. વનના વાસી.
મને ચારિત્રથી અધિક સુહાય. મુનિવર વૈરાગી. ૬

મુનિએ શિલા ઉપર જઇ કર્યો સંથારોરે. વનના વાસી.
ત્યાં તો ઉપન્યું છે કેવળજ્ઞાન મુનિવર વૈરાગી.
શ્રી હીરવિજય ગુરૂ હીરલો રે. વનના વાસી.
લબ્ધિ વિજય ગુણગાય. મુનિવર વૈરાગી.

---

## શ્રી ગજસુકુમાળની સજઝાય.

સોના કેરા કાંગરા રૂપા કેરા ગઢરે, કૃષ્ણજીની દ્વારિકાની જોવાની રઢરે,
ચિરંજીવો કુંવર તમે ગજસુકુમાર રે, પુરા પુન્યે પામીયા. ૧

નેમિ જિણંદ આવ્યા, વંદન ચાલ્યા ભાઇ રે.
ગજ સુકુમાર વીરા, સાથે બોલાઈ રે. ચિ૦ ૨

વાણી સુણી વૈરાગ્ય ઉપન્યો, મન મોહ્યું એમાં રે;
શ્રી જૈન ધર્મ વિના, સાર નથી એમાં રે. ચિ૦ ૩

ઘેર આવી એમ કહે, રજા દીયો માત રે;
સંયમ સુખે લહું જેથી, પામું સુખ શાતા રે. ચિ૦ ૪

મુંઝાણી મારા કુંવર, સુણી તારી વાણી રે;
કુંવર કુંવર કેતા માતા, નથી આંખે પાણી રે. ચિ૦ ૫

હૈયાના હાર વીરા, તજો નવિ જાય રે;
દેવનો દીધેલો તુમ વિણ, સુખ કેમ થાય રે. ચિ૦ ૬

સોના સરિખા વાળ તારા, કંચન વરણી કાયા રે;
એવી રે કાયા એક દિન, થાશે ધુળ ધાણી રે. ચિ૦ ૭

સંયમ ખાંડા ધાર તેમાં, નથી જરા સુખ રે;
બાવીસ પરિષહ, જીતવા દુષ્કર રે. ચિ૦ ૮

દુ:ખથી બળેલો દેખું, સંસાર અટારો રે;
કાયાની માયા જાણે, પાણીનો પરપોટો રે. ચિ૦ ૯

જાદવ કૃષ્ણ એમ કહે, રાજ્ય વીરા કરો રે;
હજારો હાજર ઉભા, છત્ર તુમે ધરો રે. ચિ૦ ૧૦

સોનૈયાની થેલી કાઢો, ભંડારી બોલાઇ રે;
ઓઘા પાઠા વીરા લાવો, દીક્ષા દીયો ભાઈ રે. ચિ૦ ૧૧

રાજ પાટ વીરા તુમે, સુખે હવે કરો રે;
દીક્ષા આપો મને, છત્ર તુમે ધરો રે. ચિ૦ ૧૨

આજ્ઞા આપી ઓચ્છવ કરે, સંયમ લીયે આપો રે;
દેવકી કહે ભાઇ, સંયમ ચિત્ત સ્થાપો રે. ચિ૦ ૧૩

મુજને તજીને વીરા, અવર માત મત કીજે રે;
કર્મ ખપાવી ઇહ ભવ, વ્હેલી મુક્તિ લીજે રે. ચિ૦ ૧૪

કુંવર અંતે ઉર તજી, સાધુવેષ શીઘ્ર લીધો રે;
ગુરૂ આજ્ઞા લઈને, સ્મશાને કાઉસ્સગ્ગ કીધો રે. ચિ૦ ૧૫

ખેરના અંગારા લઇને, મસ્તકે ઠવ્યા રે;
જંગલે જમાઈ જોઈ, સોમલ સસરો કોપ્યો રે. ચિ૦ ૧૬

મોક્ષ પાગ બંધાવી, સસરાને દોષ નવિ દીધો રે;
વેદના અનંતી સહી, સમતા રસ પીધો રે. ચિ૦ ૧૭

ધન્ય જન્મ ધાર્યો તુમે, ગજ સુકુમાર રે;
કર્મ ખપાવી તમે, હૈયે ધરી હામ રે. ચિ૦ ૧૮

વિનય વિજય એમ કહે, એવા મુનિને ધન્ય રે;
કર્મના બીજ બાળી, જીતી લીધું મન રે. ચિ૦ ૧૯

# શ્રી ખંધક મુનિનું ત્રિઢાળીયું.

## પ્રથમ દુહા

શ્રી મુનિસુવ્રત જિન નમું, ચરણ યુગલ કર જોડ;
સાવત્થિ પુર શોભતું, અરિ સબળા બલ તોડ. ૧
જિત શત્રુ મહિપતિ તિહાં, ધારણી નામે નાર;
ગૌરી ઈશ્વર સૂનુ સમ, ખંધક નામે કુમાર. ૨

સ્વસા પુરંદરા મનોહરૂ, રૂપે જીત્યો અનંગ;
દિનકર ઈંદુ ઉતરી, વસીયા અંગોપાંગ. ૩
કુંભકાર નયરી ભલી, દંડકરાય વરિઠ;
જીવ અભવ્યનો દુષ્ટથી, પાલક અમાત્ય કુદિઠ. ૪

માત પિતા સવિ મળી, પુરંદર કન્યા જેહ;
આપી દંડક રાયને, પામી રૂપનો છેહ. ૫
એક દિન વિહરંતા પ્રભુ, સાવત્થિ ઉદ્યાન;
વીશમા ભવિ પ્રતિબોધતા, સમોસર્યા જિનભાણ. ૬

સુણી આગમ ખંધક વિભુ, નમે ભગવંતને આય;
સુણી દેશના દર્શન લહી, નિજ નિજ સ્થાનક જાય. ૭
કુંભકાર નયરી થકી, કોઈક રાયને કાજ;
પાલક સાવત્થિ ભણી, આવ્યો સભાએ રાજ. ૮

પાલક બોલે સાધુના, અવગુણનો ભંડાર;
નિસુણી ખંધક તેહને, શિક્ષા દીધી લગાર. ૯
પાલક ખંધક ઉપરે, થયો તે ક્રોધાતુર;
પછી તે નિજ સ્થાનક ગયો, દંડકરાયને પુર. ૧૦

એહવે મુનિસુવ્રત કને, નમી ખંધક લીયે વ્રત;
પંચ શત નરની સંગતે, બહુલ કર્યું સુકૃત. ૧૧

## ઢાળ ૧ લી

ખંધક સાધુ વિચાર, આપે વાચના સાર;
આજ હો એક દિન પૂછે મુનિસુવ્રતનેજી. ૧
સ્વામી સાધુ સવેશ, જાવું બેનને દેશ;
આજ હો જો પ્રભુજી આજ્ઞા હુવેજી. ૨
કહે જિન સાધુ સર્વ, મરણાંત હોશે ઉપસર્ગ;
આજ હો નિસુણી ખંધક વિનવેજી. ૩
નવિ જીવિત અમ દુઃખ, સહેશું મોક્ષનાં સુખ;
આજ હો લોક લાયક અમે પામશુંજી. ૪
સ્વામી કહે તે વાર, તુજ વિણ સવિ પરિવાર;
આજ હો સુખિત તે બહુ થાયશેજી. ૫
તે સુણી મુનિ પંચ શત, સહુ ચાલ્યો તુરે આદિત્ત;
આજ હો અનુક્રમે નયરી પામીયોજી. ૬
પૂરવ વૈર સંભાર, ગોપવ્યા સહસ હથીયાર;
આજ હો પાલકે તે ઝટ ગહનમાંજી. ૭
ઉઠ તું વાંદવા કાજ, ભાખે અમાત્ય મહારાજ;
આજ હો કાં તુજ ધારણા કિહાં ગઇજી. ૮
પાંચસે સુભટને સાજ, લેવા આવ્યો તે રાજ;
આજ હો વેશ ધરી સાધુ તણોજી. ૯
અતિ ક્રૂર તે શસ્ત્ર, વાંદવા જાઇશ તત્ર;
આજ હો હણી તુજ લેશે રાજનેજી. ૧૦
જોવા આવે રાય, શસ્ત્રની ધોરણી બતાય;
આજ હો સ્થાનકે કપટ કેળવ્યાંજી. ૧૧

## દુહા

દેખી ચિંતે રાજીયો, ક્રોધે દીસે તપ્ત;
સર્વ યતિજન બાંધીને, સોંપ્યા પાલક ગુપ્ત. ૧

કહે રાજા મંત્રી વરૂ, જે રૂચે તે ધાર;
હરખ્યો પાલક પામીને, ઉંદર જેમ મંજાર. ૨

## ઢાળ બીજી

તવ પાલક સુખ પામતો, પ્રભુ ધ્યાવો લાલ;
લાવે ઘાણી સમીપરે, પ્રભુ ધ્યાવો લાલ,
કુવચને તે બોલતો, પ્રભુ ધ્યાવો લાલ,
પીલોશ યંત્ર તનુ દીપરે, પ્રભુ ધ્યાવો લાલ. ૧

કહે છે તે મંત્રીશ્વરૂ પ્રભુ, એકેક શ્રમણને યંત્ર રે પ્રભુ૦
ઘાલી ઘાલી પીલતો પ્રભુ, માઠી બુદ્ધિ અભ્યંત્રરે. પ્રભુ૦ ૨

ખંધક શિષ્યોને પીલતાં પ્રભુ, દેખી દાઝે દેહરે. પ્રભુ૦
પાલકે ખંધક નિર્બીહથી પ્રભુ, બાંધ્યો ઘાણીયે તેહરે. પ્રભુ૦ ૩

તે સાધુના ઉછળે પ્રભુ, રૂધિર કેરા બિંદુ રે પ્રભુ૦
પાપને દેખી અંબરે પ્રભુ, કંપે સૂરજ ચંદ રે પ્રભુ૦ ૪

ખંધક તો મન લેખવે પ્રભુ, તે અમૃતરસ બિંદુ રે પ્રભુ૦
દુષ્કૃત દેખી સુરનરા પ્રભુ, થરથર કંપે ઈંદ્રિ રે પ્રભુ૦ ૫

શાતા વચને શિષ્યને પ્રભુ, નિર્યામે સમતાવંત રે પ્રભુ૦
જીવ તે શરીરથી ભિન્ન છે પ્રભુ, ધરશો નહિ દુઃખ સંતરે. પ્રભુ૦ ૬

એ ઉપસર્ગને પામીયા પ્રભુ, તે પૂરવ કૃત કર્મ રે પ્રભુ૦
સુખકારણ એ ભોગવો પ્રભુ, કોઈ ન કરશો ગર્વ રે. પ્રભુ૦ ૭

નિર્મમત્વ મન જેહનાં પ્રભુ, નિયમિ સદ્દભગવંત પ્રભુ૦
જિમ જિમ પીલે પાપીયો પ્રભુ, તેમ તેમ સમતાવંત પ્રભુ૦ ૮

ઉજ્જવળ ધ્યાનને ધ્યાવંતા પ્રભુ, પામે કેવળ તૂર્ત રે પ્રભુ૦
એમ તે મંત્રીયે હણ્યા પ્રભુ,મુનિ એક ઉન પંચશત રે પ્રભુ૦ ૯

ખંધક બોલે બાળ એ પ્રભુ, દેખી દુઃખ ન ખમાય રે પ્રભુ૦
તે કારણ મુજ પ્રથમ તું પ્રભુ,હણ્ય પછી એહની કાય રે. પ્રભુ૦ ૧૦

પાપી પાલક સાંભળી પ્રભુ, દેવાને ઘણું દુઃખ રે પ્રભુ૦
ગુરૂ દેખતાં શીઘ્રપણે પ્રભુ, પીલે પાલક મન સુખ રે પ્રભુ૦ ૧૧

કેવળ પામી મોક્ષને પ્રભુ, વરીયો બાળક શિષ્ય રે પ્રભુ૦
દેખી ખંધક સુરિવરા પ્રભુ, કરે કલ્પાંત મુનીશ રે. પ્રભુ૦ ૧૨

### દુહો

લિખિત ભાવ ટળે નહિ. ચળે યદિ જો ધ્રૂવ;
કર્મરેખા અપિ નવિ ટળે, કહે વીતરાગ એ ધ્રૂવ. ૧

### ઢાળ ત્રીજી

બાળક માહરે વચનથી રે, ન રાખ્યો ક્ષણમાત્ર;
કરમની જુઓ ગતિ રે, વિપરીત છે કીરતાર. કરમ૦ ૧
સપરિકર મુજ શિષ્યને રે, મારદ્દ એણે દુષ્ટ;
રાજા હણવો મંત્રીને રે, ભરિયો કોપે કષ્ટ. કરમ૦ ૨
જો તે ફળ મુજને હુવે રે, તો દાહક કરનાર;
થાજ્યો ભવ મુજ આવતો રે, નિયાણું ધરી પ્યાર. કરમ૦ ૩
તવ મૃત ખંધક મુનિવરા રે, હુઆ અગ્નિકુમાર;
વાત સુણી ઈમ ચિંતવે રે, પુરંદરયશા નાર. કરમ૦ ૪

ઓઘો ખરડયો રક્તથી રે, જાડની ભક્ષને હેત;
અંબર ચડીયા ગજ ચંચથી રે,પડીયો સ્વસા છે જેત. કરમ૦ ૫

રજોહરણ તે ઓળખી રે, નિજ ભ્રાતનો તે જાણ;
એ શું કીધું કારમું રે, રાજા પાપી અજાણ. કરમ૦ ૬

વ્રત ગ્રહી પરલોક સાધીયો એ, પુરંદર યશા દેવ;
અવધિયે જાણી કરી રે, અગ્નીમ મૃત્યુ સચિવ. કરમ૦ ૭

દંડકરાયનો દેશ જે રે, કરે પ્રચંડ ગણધાર;
એકે ઉણા પાંચસે રે, પરિષહ સહે તિહાં સાર. કરમ૦ ૮

કળશ

વધ પરિષહ ઋષિયે ખમ્યા, ગુરૂ ખંધક જેમ એ;
શિવસુખ ચાહો જો જંતુઆ,તવ કરશો કોપ ન એમ એ;
સંવત સપ્ત મુનીશ્વરે વસુ, ચંદ્રવર્ષે પોષ એ;
માસ ષષ્ઠી પ્રેમરામે, ઋષભ વિજય જગ ભાખ એ. ૯

## વર્ધમાન તપની સજ્ઝાય

પ્રભુ તુજશાસન અતિભલું,તેમાં ભલું તપ એહ રે;
સમતા ભાવે રે સેવતાં, જલ્દી લહે શિવગેહરે. પ્રભુ૦ ૧

ષટ્‌રસ તજી ભોજન કરે, વિયગ કરે ષટ્ દૂર રે;
ખટપટ સઘળી પરિહરી, કર્મ કરે ચકચૂર રે. પ્રભુ૦ ૨

પડિક્કમણાં દોય ટંકના, પૌષધ વ્રત ઉપવાસ રે;
નિયમ ચિતરે સર્વદા, જ્ઞાન ધ્યાન સુવિલાસ રે. પ્રભુ ૦૩

દેહને દુઃખ દેવા થકી, મહાફળ પ્રભુ ભાખે રે;
ખડગધારા એ વ્રત સહી,આગમ અંતગડ સાખે રે. પ્રભુ૦ ૪

ચૌદ વર્ષ સાધિક હોવે, એ તપનું પરિણામ રે;
દેહના દંડ દૂરે કરે, તપ ચિંતામણિ જાણ રે. પ્રભુ૦ ૫
સુલભ બોધિ જીવને, એ તપ ઉદયે આવે રે;
શાસનસુર સાનિધ્ય કરે, ધર્મરત્ન પદ પાવે રે. પ્રભુ૦ ૬

## વર્ધમાન તપની સજ્ઝાય (બીજી)

પ્રીતમ સેંતી વિનવે, પ્રમદા ગુણની ખાણ મેરે લાલ;
અવસર આવ્યો સાહિબા, કરશું તપ વર્ધમાન મેરે લાલ.
આંબિલ તપ મહિમા સુણો૦ ૧
બહોત ગઈ થોડી રહી, કીધા બહુલાં સ્વાદ મેરે લાલ;
પિંડ પોષીયો લાલચે, હવે છોડો ઉન્માદ મેરે લાલ. આં૦ ૨
સાડીત્રણ ક્રોડ રોમ છે, પોણા બે બે રોગ મેરે લાલ;
દેહના દંડ છે એટલા, દૂર કરો સબ રોગ મેરે લાલ. આં૦ ૩
ષટ કોટીની ઉપરે, સાડાબાર લાખ પ્રમાણ મેરે લાલ;
આંબિલ તીવ્ર હુતાશને, કાયા કંચનવાન મેરે લાલ. આં૦ ૪
સવા ચૌદ વરસ લગે, એકાદિ શત માન મેરે લાલ;
ખડગધારા વ્રત પાળશું, ધરશું જિનવર આણ મેરે લાલ. આં૦ ૫
નાણ મંડાવી ભાવશું, સામો સામણ સાથ મેરે લાલ;
ઉજમણાં કરવા ભલાં, પૂજશું ત્રિભુવનનાથ મેરે લાલ. આં૦ ૬
નિયાણું કરશું નહિ, સમતા ભાવ ઉદાર મેરે લાલ;
ધર્મરત્ન આરાધવા, અમૃત કૃપા વિચાર મેરે લાલ. આં૦ ૭

## ગજસુકુમારની સજ્ઝાય

શ્રી જગનાયક વંદીયે રે બાવીસમો જિનરાય;
દ્વારિકા નગરી સમોસર્યા રે, સુરનર સેવે પાય;
ગુણવંતા ભવિયા વંદો ગજસુકુમાર. ૧

શ્રી જિનવર ચરણે નમી રે, ગજ સુકુમાર કુમાર.
ભવસાયર ઉતારણી રે, વાણી સુણી રે અપાર. ગુણવંતા૦૨

માત પિતાને વિનવે રે, લેશું સંયમ ભાર;
માય કહે વત્સ સાંભલો રે, ભોગવો ઋદ્ધિ વિસ્તાર. ગુણવંતા૦૩

કુંવર કહે સુણો માતજી રે, વિનતડી મુજ એક;
રાજરમણી ભોગ નવનવા રે, પામ્યા વાર અનેક. ગુણવંતા૦૪

ધન યૌવન છે કારમું રે, કુટુંબ સહુ પરિવાર;
અનિત્યપણે એ જાણીયે રે, આ સંસાર અસાર. ગુણવંતા૦૫

શ્રી નેમીશ્વર તીર્થંકરૂ રે, સયલ સુખ દાતાર;
જન્મ મરણ દુ:ખ છોડવા રે, સેવ્યું જંગમ આધાર. ગુણવંતા૦૬

બોલે કુંવર ચતુર નરૂં રે, મયા કરો મુજ આજ;
ચારિત્ર લીધે માતજી રે, સીઝે સઘળાં કાજ. ગુણવંતા૦૭

જનની પિતા બહુ વિનવે રે પહોતા જગગુરૂ પાસ;
સર્વ વિરતિ અતિ આદરી રે,કુંવર મનને ઉલ્લાસ. ગુણવંતા૦૮

આદેશ પામી ગુરૂ તણો રે,મુનિવર કાઉસ્સગ્ગ લેઇ;
સોમિલ સસરો આવિયો રે, નિજ નયણે નિરખેઈ. ગુણવંતા૦૯

મસ્તકે પાળ માટી તણી રે, બાંધી અગ્નિ ભરેઈ;
કોપે ચડ્યો વિપ્ર અતિ ઘણો રે,ઉપસર્ગ ઘોર કરેઈ. ગુણવંતા૦૧૦

મહા મુનીશ્વર ચિંતવે રે, સમતા રસ ભંડાર;
ચિંહુ ગતિમાં હું ભમ્યો રે, એકલડો નિરધાર. ગુણવંતા૦૧૧

શુક્લધ્યાને હુવા કેવલી રે,પહોંચ્યા શીવપુર વાસ;
શાશ્વતા સુખને અનુભવ્યા રે,
વીરમુનિ કરે રે પ્રણામ ગુણવંતા૦ ૧૨

## પાંચ મહાવ્રતમાં પહેલા વ્રતની સજ્ઝાય.

કપૂર હોવે અતિ ઉજળો રે–એ દેશી.

સયલ મનોરથ પૂરવે રે, શંખેશ્વરો જિનરાય;
તેહ તણા સુપસાયથી રે, કરૂં પંચ મહાવ્રત સજ્ઝાય રે.
મુનિજન એહ પહેલું વ્રત સાર, એહથી લહીયે ભવનો પાર રે. મુ૦૧
એ પહેલું વ્રત સાર. પ્રાણાતિપાત વિરમણ કહ્યું રે;
પહેલું વ્રત સુવિચાર
ત્રસ થાવર બેહું જીવની રે, રક્ષા કરે અણગાર રે. મુ૦ ૨
પ્રાણાતિપાત કરે નહિ રે, ન કરાવે કોઈની પાસ;
કરતાં અનુમોદે નહિ રે, તેહનો મુગતિમાં વાસ રે મુ૦ ૩
જયણાએ મુનિ ચાલતા રે, જયણાએ બેસંત;
જયણાએ ઉભા રહે રે, જયણાએ સુવંત રે. મુ૦ ૪
જયણાએ ભોજન કરે રે, જયણાએ બોલંત;
પાપ કરમ બાંધે નહિ રે, તે મુનિ મોટા મહંત રે. મુ૦ ૫
ઋષિ પાંચે વ્રતની ભાવના રે, જે ભાવે ઋષિરાય;
કાંતિ વિજય મુનિ તેહનાં રે, પ્રેમે પ્રણમે પાય રે. મુ૦ ૬

## બીજા વ્રતની સજ્ઝાય.

(ભોલીડા હંસારે વિષય ન રાચીયે–એ દેશી)

અસત્ય વચન મુખથી નવિ બોલીયે, જિમ નાવે રે સંતાપ;
મહાવ્રત બીજે રે જિનવર ઇમ ભણે, મૃષા સમો નહિ પાપ. ૧
ખારા જલથી રે તૃપ્તિ ન પામીએ, તિમ ખોટાની રે વાત;
સુણતાં શાતા રે કિમહિ ન ઉપજે, વળી હોયે ધર્મનો ઘાત. ૨

અસત્ય વચનથી રે વયર પરંપરા, કોઈ ન કરે વિશ્વાસ;
સાચા માણસ સાથે ગોઠડી, મુજ મન કરવાની આશ. ૩
સાચા નરને સહુ આદર કરે, લોક ભણે જશ વાદ;
ખોટા માણસ સાથે ગોઠડી, પગ પગ હોએ વિખવાદ. ૪
પાળી ન શકે રે ધર્મ વીતરાગનો, કરમ તણે અનુસાર;
કાંતિ વિજય કહે તેહ પ્રશંસીએ, કહે જે શુદ્ધ આચાર. ૫

## ત્રીજા વ્રતની સજ્ઝાય.

( ચંદન મલયાગીરિતણું–એ દેશી )

ત્રીજું મહાવ્રત સાંભલો, જે અદત્તાદાન;
દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવથી, ત્રિવિધ એ પચ્ચક્ખાણ.
તે મુનિવર તારે તરે. ૧
નહિ લોભનો લેશ, કરમક્ષય કરવા ભણી,
પહેર્યો સાધુનો વેશ. તે૦ ૨
ગામ નગર પુર વિચરતાં, તૃણ માત્ર જ સાર;
સાધુ હોય તે નવિ લીયે, અણ આપ્યું લગાર. તે૦ ૩
ચોરી કરતાં ઈહ ભવે, વધ બંધન પામંત;
રૌરવ તે નરકે પડે, ઈમ શાસ્ત્ર બોલંત. તે૦ ૪
પર ધન લેતાં પરતણા, લીધા બાહ્ય પ્રાણ;
પર ધન પરનારી તજે, તેહનાં કરૂં રે વખાણ. તે૦ ૫
ત્રીજું મહાવ્રત પાલતાં, મોક્ષ ગયા કેઈ કોડી;
કાંતિ વિજય મુનિ તેહનાં, પાય નમે કર જોડી. તે૦ ૬

## ચોથા મહાવ્રતની સજ્ઝાય

( સુમતિ જિણેસર સાહિબ સાંભલો–એ દેશી )

સરસતી કેરા રે ચરણ કમલ નમી, મહાવ્રત ચોથું રે સાર;
કેહશું ભાવે રે ભવિયણ સાંભલો, સુણતાં જય જયકાર, ૧

એહવા મુનિવરને પાયે નમું, પાલે શીયલ ઉદાર;
અઢાર સહસ શીલાંગ રથના ધણી, ઉતારે ભવ પાર. એ૦ ૨
ચોથા વ્રતને રે સમુદ્રની ઉપમા, બીજા નદીય સમાન;
ઉત્તરાધ્યયનેરે તે બત્રીશમે, ભાખે જિન વર્દ્ધમાન એ૦ ૩
કોશ્યા મંદિરે ચોમાસા રહ્યાં, ન ચલ્યા શીયલે લગાર;
તે થુલિભદ્રને રે જાઉં ભામણે, નમો નમો રે સો સો વાર એ૦ ૪
સીતા દેખી રે રાવણ મોહીયો, કીધાં કોડ ઉપાય;
સીતા માતા રે શીલે નવિ ચલ્યાં, જગમાં સહુ ગુણ ગાય. એ૦ ૫
શીયલ વિહુણારે માણસ ફુટરા, જેહવાં આવલ ફુલ;
શીયલ ગુણે કરી જેહ સોહામણાં, તે માણસ બહુ મૂલ. એ૦ ૬
નિત ઉઠીને રે તે સ્મરણ કરૂં, જેણે જગ જીત્યો રે કામ;
વ્રત લેઈને પાલે નહિ, તેહનું ન લીજે રે નામ. એ૦ ૭
દશમા અંગમારે શીયલ વખાણીયો, સકલ ધર્મનું રે સાર;
કાંતિ વિજય મુનિવર ઈમ ભણે, શીયલ પાળો નરનાર એ૦ ૮

## પાંચમા મહાવ્રતની સજ્ઝાય

(હવે રાય શેઠ બિહું જણા એ–દેશી)

આજ મનોરથ અતિ ઘણું, મહાવ્રત ગાવા પંચમાતણું;
તિહાં સર્વ થકી પરિગ્રહ તજીયે,
જેહને સંજમ રમણી અતિ ભજીએ આ૦ ૧
જેહથી સંજમ યાત્રા નિરવહીએ, તે તો પરિગ્રહમાંહિ નવિ કહીએ;
જે ઉપરે મુનિ ઇચ્છા હોએ ઘણી,
તેહને પરિગ્રહ ભાખે જગધણી. આ૦ ૨
જે તૃષ્ણા તરૂણીશું મોહિયા, તિણે વીસે વીખા ખોહીયા;
તૃષ્ણા તરૂણી જસ ઘર બાલા.
તે જગ સઘલાના ઓસીયાલા. આ૦ ૩

તૃષ્ણા તરૂણી જિણે પરિહરી. તિણે સંજમશ્રી પોતે વરી;
સંયમ રમણી જસ ઘર પટરાણી,
તેહને પાય નમે ઇંદ્રિ ઇંદ્રાણી. આ૦ ૪
સંજમ રાણીશું જેહ રાતા, તેહને ઇહભવ પરભવ સુખશાતા;
પાંચે વ્રતની ભાવના કહી, તે આચારાંગ સૂત્રે લહી. આ૦ ૫
શ્રી કીર્તિવિજય ઉવજ્ઝાયતણો, જગમાંહે જસ મહિમા ઘણો;
તેહનો શિષ્ય કાંતિવિજય કહે,
એહ સજ્ઝાય ભણે તે સુખ લહે. આ૦ ૬

## છઠ્ઠા વ્રતની સજ્ઝાય

સકલ ધર્મનું સાર તે કહીયે રે,
મન વંછિત સુખ જેહથી લહિયે રે;
રાત્રી ભોજનનો પરિહાર રે, એ છઠું વ્રત જગમાં સાર રે;
મુનિજન ભાવે એ વ્રત પાલો રે,
રાત્રી ભોજન ત્રિવિધે ટાળો રે. ૧
દ્રવ્ય થકી જે ચાર આહાર રે,
રાત્રે ન લીએ તે અણગાર રે;
રાત્રી ભોજન કરતાં નિરધાર રે;
ઘણા જીવનો થાય સંહાર રે. મુ૦ ૨
દેવ પૂજા નવિ સૂઝે સ્નાન રે,
સ્નાન વિના કેમ ખાઇએ ધાન રે;
પંખી જનાવર કહિએ જેહ રે, રાત્રે ચુણ ન કરે તેહ રે. મુ૦ ૩
માર્કંડ ઋષીસર બોલ્યા વાણી રે,
રૂધિર સમાન તે સઘલું પાણી રે;
અન્ન તે આમિષ સરિખું જાણો રે,
દિનાનાથ જબ થયે રાણો રે. મુ૦ ૪

સાબર સુઅર ઘુવડ કાગરે, મંજાર વિછુને વલી નાગ રે;
રાત્રી ભોજનથી એ અવતાર રે,
શિવ શાસ્ત્રમાં એસો વિચાર રે. મુ૦ ૫
શ્રી સિદ્ધાજિનાગમ માંહિ રે, રાત્રી ભોજન દોષ ત્યાંહિ રે;
કાન્તિવિજય કહે એ વ્રત પાલો રે,
જે પાલે તે ધન્ય અવતારો રે. મુ૦ ૬

## વૈરાગ્યની સજઝાય

જીવ તું ક્રોધ ન કરજે, લોભ ન ધરજે, માન મ લાવીશ ભાઈ;
કુડાં કર્મ ન બાંધીશ; મર્મ ન બોલીશ, ધર્મ ન ચુકીશ ભાઇરે;
ભોલા દુલહો માનવ ભવ લીધો,
તુમે કાંઈ કરી આતમ સાધો રે. ભો૦ ૧
ઘર પાસે દેરાસરે જાતાં, વીસ વીસામા ખાય;
ભૂખ્યો તરસ્યો રાઉલ રોકયો, ઉપર સ્હેતો ધાય રે. ભો૦ ૨
પુન્યતણી પોષાળે જાતાં, સુણવા સદ્‌ગુણી વાણી;
એક ઉંઘે બીજો ઉઠી જાએ, નયણે નિદ્રા ભરાણી રે. ભો૦ ૩
નામે બેઠા લોભે પેઠા, ચાર પહોર નીશા જાગ્યો;
બે ઘડીનું પડિક્કમણું કરતાં, ચોખ્ખું ચિત્ત ન રાખે રે. ભો૦ ૪
આઠમ ચૌદશ પુનમ પાખી, પર્વ પર્યુષણ સાર;
બે ઘડીનું પચ્ચખ્ખાણ કરતાં, એક બીજાને વારે રે. ભો૦ ૫
કીર્તિ કારણ પગરણ માંડયું, લાખ લોક ધન લૂંટે;
પુણ્ય કારણ પારકું પોતાનું, ગાંઠડીથી નવિ છૂટે રે. ભો૦ ૬
ઘર ઘરણીના ઘાટ ઘડાવ્યા, પેરણ આછા વાઘા;
દશ આંગળીએ દશ વેઢ વલાવ્યા,
નીરવાણે જાશો નાગા રે. ભો૦ ૭
વાંકો અક્ષર માથે મીંડું, લલાટે અર્ધો ચંદો;
મુનિ લાવણ્ય વિજય એમ બોલે, તે ચિર કાલે નંદો રે. ભો૦ ૮

## ચંદ્રાવતીની સજ્ઝાય.

જસ મુખ સોહે સરસતી માય, પ્રણમી વીર જિનેશ્વર રાય;
સાધુ સહુ કો સુણજ્યો એહ, મંત્ર યંત્ર તંત્રાદીક તેહ. ૧
વૈધક પોતિક કુટી કર્મ, મુખથી ન કહીયે એહનો મર્મ;
અનરથ ઉપજે તેહથી ઘણા, જેમ એહથી મુવાં પાંચે જણા. ૨
કુંડલપુર ખત્રી એક ઠામ, ભીમસેન છે તેહનો નામ;
નારી તેહની ચંદ્રાવતી, દોષ ન દિસે તેહમાં રતિ. ૩
ચંદ્રાવતી મૂકી ઘરબાર એક દિવસ તે થયો અસવાર;
આલ્યો ચતુર તે કીંકમઝાર, ચંદ્રાવતી તે કરે વિચાર ૪
એક મને જો કીજે ધર્મ, તો નિકાચિત છુટે જે કર્મ;
ઘર પાસે તિહાં મુનિવર રહે, ચંદ્રાવતીને ધર્મજ કહે ૫
પ્રતિબોધી કીધી શ્રાવિકા, થઈ તે જિનશાસન ભાવિકા;
વહોરણ ગયા તે મુનિરાય, ચદ્રાવતી તે પ્રણમી પાય. ૬
નયણે નીર ઝરે તે ઘણું, દુઃખ દેખી કુહવે આપણું;
ઘણા દિવસ પિયુ ચાલેથયા, ખર્ચી બીજે નવિ મેલી ગયા. ૭
દીનવચન તેહનું જબ સુણ્યો દુઃખ થયો તે મુનિવરને ઘણો;
જોષ જોઇને કર્યો વિચાર, દિવસ સાતમે આવે ભરતાર. ૮
જોષ જોઇને મુનિવર બોલ્યો, કહેલ દિવસે કંતજ મલ્યો;
ત્યારે ખુશી થઈ ચંદ્રાવતી મન, તેણે રાંધ્યું સુંદર અન્ન. ૯
પ્રથમ પ્રતિલાભો મુનિરાજ, નિમિત્ત કહી સારો મુજ કાજ;
ભીમસેન મન ભટકે બોલ્યો, એ પાખંડી એહને મલ્યો. ૧૦
એહને એવું આપ્યું અન્ન, જો એ બેહનો એકજ મન;
ખડગ કાઢી મારવા ધસ્યો, દેખી મુનિવર મનમાં હસ્યો. ૧૧

નારી કહે નવિ કીજે રોષ, ઇણે પ્રકાશ્યો તાહરો જોષ;
તે માટે મેં આપ્યું અન્ન, સુણી વચન તુમ્હે વાલો મન. ૧૨
જુઓ જોષ મુનિવર તતકાલ, આ ઘોડી શ્યું જણશે બાલ;
જોષ જોઇને કહે તતકાલ, તો બેહુને ઉપજશે કાલ. ૧૩
જોષ જોઇને મુનિવર ભણ્યો ઉદર વધે રહ્યો ઘોડી તણો;
ધોલા પગને રાતું અંગ, લીલવટ ટીલું છે તુરંગ. ૧૪
સુણી વાત તેણે તતકાલ, ઉદર વધેરી કાઢયો બાલ;
અનરથ દેખી ચંદ્રાવતી, વિખ ખાઇ મૂઈ મહાસતી. ૧૫
ભીમસેન મન પડિયો ફાલ, આપે હું તો કરિયો કાલ;
હત્યા ચારે હુઈ જે તલે, દુઃખ કરવા લાગો તેટલે. ૧૬
હે હે મેં શું કીધું કાજ, અનરથ ચારે કીધાં આજ;
અન્ન પાણી મુનિવર પરિહરી,કાલ કીધો નિશ્ચલ મન કરી. ૧૭
એહવા દોષ કહ્યા છે ઘણા, મંત્ર યંત્ર તંત્રાદિક તણાં;
મૂકે માયા મમતા મોહ, ચારત્ર નહિ ચઢાવો સોહ. ૧૮
જેમાં દોષ ન હોયે રતિ, તે કહો મુજને સુધિપતિ;
એણીપરે સહુકો મુનિવર ભણે, દોષ રહિત તે શિવપુર વરે. ૧૯
વાર્ત્રિક નામે વડો ઋષિ હુવો, ચંદપ્રદ્યોતે નિમિત્ત કહ્યો;
કુલવાલુઓ નિમિત્તજ ભણે, થુભ પાડી લઇ દુરગતિ ગણે ૨૦
તપગચ્છપતિ શ્રી હીરસૂરીંદ, પટ્ટધર વિજયસેન સૂરીંદ;
હરખ્યા આનંદ પંડિત વરસીર,
હરખવિજય કહે ભજો જગીશ ૨૧

# શ્રી નેમિનાથજીનો
# નવ—રસો.

---

## ઢાળ પહેલી. ( રાગ ગરબાની દેશી. )

સમુદ્રવિજય કુળચંદલો, શામળીયાજી; શિવા દેવી માત મલ્હાર, વર પાતળીયાજી, એક દીન રમવા નિસર્યા, શામળીયાજી; આવ્યા આયુધશાલામાંહે, વર પાતળીયાજી. ॥ ૧ ॥ સારંગ ધનુષ ચઢાવીયું, શામળીયાજી; તેણે ડોલ્યા આકાશે ઇંદ્ર, વર પાતળીયાજી; ચક્ર ઉપાડીને ફેરવ્યું, શામળીયાજી, ગદા લીધી કર માંહિજ, વર શામળીયાજી. ॥ ૨ ॥ નેમે શંખ બજાવીયો, શામળીયાજી તેણે ડોલ્યા મહીના મેર, વર પાતળીયાજી; શેષ નાગ તીહાં સળસળ્યા, શામળીયાજી; ખળભળીયા સાયર સર્વ. વર પાતળીયાજી. ॥ ૧૩ ॥ ગીરીવર ટુંક ટુટી પડયા, શામળીયાજી; થર થર કંપે લોક, વર પાતળીયાજી; કોઇક વૈરી ઉપન્યો, શામળીયાજી, ઇમ કરતાં કૃષ્ણ વીચાર, વર પાતળીયાજી. ॥ ૪ ॥ આવ્યાં તીહાં ઉતાવલા, શામળીયાજી, જીહાં છે નેમ કુમાર, વર પાતળીયાજી, રૂપચંદ રંગે મલ્યા, શામળીયાજી, તાહરૂ બળ જોવાની ખંત, વર પાતળીયાજી. ॥ ૫ ॥

## ઢાળ બીજી. ( રાગ ગરબાની દેશી ).

કૃષ્ણે કર લંબાવીયો, હસી બોલોને; તુમે વાળો નેમગાર અંતર ખોલોને; કમળ નાળ પરે વાળીયો હસી બોલોને, ક્ષણ નવી લાગી વાર, અંતર ખોલોને. ॥ ૧ ॥ નેમે કર લંબાવીયો, હસી બોલોને, કૃષ્ણે નવો વાલ્યો જાય, અંતર ખોલોને; હાથે કૃષ્ણ હીંચોલીયા, હસી બોલોને, તીહાં

હરી મન ઝંખો થાય, અંતર ખોલોને. ॥ ૨ ॥ નારી જો પરણાવીયે, હસી બોલોને, તો બળ ઓછેરૂં થાય, અંતર ખોલોને; ઇમ વીચારી કૃષ્ણજી, હસી બોલોને, નીજ અંતે ઉર સમજાય, અંતર ખોલોને. ॥ ૩ ॥ વોવાહ નેમ મનાવવા, હસી બોલોને, સજ્જ થાઓ સઘળી નાર અંતર ખોલોને; રૂપચંદ રંગે મળ્યા, હસી બોલોને, તાહરૂં અતુલી બળ અરિહંત, અંતર ખોલોને. ॥ ૪ ॥

## ઢાળ ત્રીજી. (રાગ ઉપરનો)

રાધાજી ને રૂકમણી, મોરા ગીરધારી, સત્યભામા જાંબુવંતી નાર, મુકુટ પર હું વારી; ચંદ્રાવતી શણગારીએ, મોરા ગીરધારી, ગોપી મળી બત્રીશહજાર, મુકુટ પર હું વારી. ॥ ૧ ॥ વીવાહ માનો નેમજી, દેવર મોરાજી, મને કરવાના બહુ કોડ, એ ગુણ તોરાજી; નારી વીનાનું આંગણું, દેવર મોરાજી, જેમ અલુણું ધન, એ ગુણ તોરાજી. ॥ ૨ ॥ નારી જો ઘરમાં વસે, દેવર મોરાજી, તો પામે પરોણા માન, એ ગુણ તોરાજી; નારી વીના નર હાળી જીસા, દેવર મોરાજી, વળી વાંઢા કહેશે લોક, એ ગુણ તોરાજી. ॥ ૩ ॥ છોકરવાદ ન કીજીએ, દેવર મોરાજી; તમે મ કરો તાણાતાણ, એ ગુણ તોરાજી; રૂપચંદ રંગે મળ્યા, દેવર મોરાજી; હવે ઉત્તર આપે નેમ, એ ગુણ તોરાજી. ॥ ૪ ॥

## ઢાળ ચોથી. રાગ (ગરબાની દેશી.)

નેમ કહે તમે સાંભળો, મોરી ભાભીજી; એ કીશ્યો કામ વીકાર, મેં ગત પામીજી; નારી મોહે જે પડયા મોરી ભાભીજી; તે રડવડીયા ગતી ચાર, મેં ગત પામીજી. ॥ ૧ ॥ રાવણ સરીખો રોળવ્યો, મોરી ભાભીજી, જે લઇ ગયો સીતા નાર

મેં ગત પામીજી; નારી વીષની કુંપલી, મોરી ભાભીજી; માયાની મોહન વેલ, મેં ગત પામીજી, ॥ ૨ ॥ છપ્પન કોડી જાદવ મીલ્યાં, મોરી ભાભીજી, ઇમ કહેતે વારેવાર, મેં ગત પામીજી; રૂપચંદ રંગે મળ્યા, મોરી ભાભીજી, નેમ નહીં પરણે નીરધાર, મેં ગત પામીજી. ॥ ૩ ॥

## ઢાળ પાંચમી. રાગ (ગરબાની દેશી.)

અવલા બોલ ન બોલાયે, વરરાજાજી. તમે પરણો નેમકુમાર, મ કરો હવાજાજી. એકવીશ તીર્થંકર થયા, વરરાજાજી. તે તો સર્વ પરણ્યા નાર મ કરો હવાજાજી. ॥ ૧ ॥ નારી ખાણ રતન તણી વરરાજાજી. તેનું મૂલ્ય કેણે નવિ થાય, મ કરો હવાજાજી. નારી માંહેથી નર નીપન્યાં વરરાજાજી. તુમ સરીખા શ્રી ભગવાન મ કરો હવાજાજી. ॥ ૨ ॥ નેમ ન બોલે મુખથકી વરરાજાજી. માંડયું વિવાહનું મંડાણ, મ કરો હવાજાજી; ઉગ્રસેન ઘર બેટડી વરરાજાજી, તે નામે રાજુલ નાર મ કરો હવાજાજી. ॥ ૩ ॥ લીધું લગન ઉતાવલું. વરરાજાજી, આપ્યાં લીલાં શ્રીફળ હાથ, મ કરો હવાજાજી; જમણ લાડુ લાપસી વરરાજાજી, વળી શેવઇયો કંસાર, મ કરો હવાજાજી. ॥ ૪ ॥ આછી જલેબી પાતલાં વરરાજાજી, વલી માંહે ઘેવરનો ભાગ મ કરો હવાજાજી; ખારી પુરી ને દહીંથરા વરરાજાજી, વળી ખાજાને મગદલ મ કરો હવાજાજી. ॥ ૫ ॥ લાખણસાઈ રેશમી વરરાજાજી. માંહે મોતીચુરનો સ્વાદ મ કરો હવાજાજી; કુર રાંધ્યો કમોદનો વરરાજાજી માંહે મસૂરની દાલ, સબળદીવાજાજી; ॥ ૬ ॥ ખારેક ખજુરને ટોપરાં વરરાજાજી, વળી ચારોળી ને દ્રાખ; સબળદીવાજાજી; લવીંગ સોપારી એલચી વરરાજાજી, વળી પાનનાં બીયાં સાર સબળદીવાજાજી. ॥ ૭ ॥ સજ્જન કુટુંબ સંતોષીયાં

વરરાજાજી, બહુ કીધી પહેરામણી સાર સબળદીવાજાજી; જાન લઇ યાદવ ચઢયા વરરાજાજી, વલી પાખરીઆ કેકાણ, સબળ; દીવાજાજી. ॥ ૮ ॥ હાથી રથ શણગારીયા વરરાજાજી, વગ્રા કે· શરીયા અશ્વાર, સબળદીવાજાજી; ઇંદ્રિ જોવાને આવીયા, વર· રાજાજી, ઇંદ્રાણી ગાવે ગીત સબળદીવાજાજી. ॥ ૯ ॥ તોરણ આવ્યા નેમજી વરરાજાજી, તેને નીરખે રાજુલ નાર સબળદી- વાજાજી; રૂપચંદ રંગે મળ્યા, વરરાજાજી, એ જોવા સરખી જાન. સબળદીવાજાજી. ॥ ૧૦ ॥

## ઢાળ છઠ્ઠી. (રાગ ઉપરનો)

સખી કહે વર શામળો એ દીસેજી, તે દીસે રાજુલ નાર હઇડું હીસેજી; કાળા ગયવર હાથીયા, એ દીસેજી, કાળો મેઘ મલ્હાર હઇડું હીસજી. ॥ ૧ ॥ કાળી અંજન આંખડી, એ દી- સેજી, તેનું મુલ કેણે નવિ થાય હઇડું હીસેજી; કાલી કસ્તુરી કહી એ દીસેજી, કાળા કૃષ્ણાગરૂ કેશ, હઇડું હીસેજી. ॥ ૨ ॥ રૂપચંદ રગે મળ્યા, એ દીસેજી; સખી શામળીયે. ભરથાર, હઇડું હીસેજી. ॥ ૩ ॥

## ઢાળ સાતમી (રાગ ગરબાની દેશી)

પશુએ પોકાર સુણી કરી શુધ લીધીજી, વિચારે શ્રીવીત- રાગ તેણે દયા કીધીજી; જો પરણું તો પશુ મરે શુધ લીધીજી, મૂકી અનુકંપા જાળ તેણે દયા કીધીજી. ॥ ૧ ॥ ઇમ જાણી રથ વાળીયો શુદ્ધ લીધીજી, ફેરવતાં દીન દયાળ તેણે દયા કીધીજી; પશુ બંધન સર્વ તોડીયાં શુધ લીધીજી, તે સર્વ ગયા વનમાંરે તેણે દયા કીધીજી. ॥ ૨ ॥ રૂપચંદ રંગે મળ્યા શુધ લીધીજી; પ્રભુ દીધું વરસીદાન, તેણે દયા કીધીજી.

## ઢાળ આઠમી (રાગ ઉપરનો)

રાજેમતી ઘરણી ઢળ્યાં મોરા વ્હાલાજી, અવગુણ વિણ દીનાનાથ હાથ ન ઝાલ્યોજી; આંગણુ આવી પાછા વળ્યા મોરા વ્હાલાજી, ક્ષત્રિય કુળમાં લગાવી લાજ હાથ ન ઝાલ્યોજી ॥ ૧ ॥ તમે પશુ તણી કરૂણા કરી મોરા વ્હાલાજી, તમને માણસની નહિ મહેર હાથ ન ઝાલ્યોજી; આઠ ભવ થયાં એકઠાં, મોરા વ્હાલાજી, કીધાં તુમશું રંગરોળ હાથ ન ઝાલ્યોજી. ॥ ૨ ॥ નવમે ભવે તમે નેમજી, મોરા વ્હાલાજી, મુજને કાં મેલી જાઓ હાથ ન ઝાલ્યોજી; મારી આશા અંબર જેવડી મોરા વ્હાલાજી, તમે કેમ ઉપાડી કંથ હાથ ન ઝાલ્યોજી. ॥ ૩ ॥ મે કુડા કલંક ચઢાવીયાં, મોરા વ્હાલાજી, નાખ્યા અણદીઠા આળ હાથ ન ઝાલ્યોજી; મેં પંખી ઘાલ્યાં. પાંજરે મોરા વ્હાલાજી; વળી જળમાં નાખીજાળ હાથ ન ઝાલ્યોજી. ॥૪॥ મે સાધુને સંતાપીઆ મોરા વ્હાલાજી, મેં માય વિછોડયા બાળ હાથ ન ઝાલ્યોજી; મેં કીડી દર ઉગાડીયાં, મોરા વ્હાલાજી; વળી મરમનાં બોલ્યા બોલ, હાથ ન ઝાલ્યોજી. ॥ ૫ ॥ અણગળ પાણી મેં ભર્યાં, મોરા વ્હાલાજી; મેં ગુરૂને દીધી ગાળ, હાથ ન ઝાલ્યોજી, મેં કઠીણ કર્મ કીધાં હશે, મોરા વ્હાલાજી; તે આવી લાગ્યાં પાપ, હાથ ન ઝાલ્યોજી ॥ ૬ ॥ ઇમ કરતાં રાજુલ આવીયાં, મોરા વ્હાલાજી, શ્રી નેમીશ્વરની પાસ, હાથ ન ઝાલ્યોજી; રૂપચંદ રંગે મળ્યા, મોરા વ્હાલાજી, રાજુલે લીયો સંયમ ભાર, હાથ ન ઝાલ્યોજી. ॥ ૭ ॥

## ઢાળ નવમી. (રાગ ગરબાની દેશી)

શ્રી નેમ રાજેમતી એકઠાં, સાહેલડીયાં; જઈ ચઢીયા શ્રી ગીરનાર, જિન ગુણ વેલડીયાં; પુંઠેથી રાજુલ રીઝાવીયાં સાહેલડીયાં, સંજમ વતી રાજકુમાર, જિનગુણ વેલડીયાં. ॥ ૧ ॥

આજ્ઞા લેઈ રાજુલ એકલી સાહેલડીયાં, ગીરનાર ઉપર ગુફા માંહે, જિનગુણ વેલડીયાં; વાટે જાતે વર્ષા થયો સાહેલડીયાં, ભીંજાણા રાજુલના ચીર, જિનગુણ વેલડીયાં. ॥ ૨ ॥ ગુફા માંહે જઇ સુકવ્યા સાહેલડીયાં, લાગું તે કાચુ નીર, જિનગુણ વેલડીયાં; અતી સુકુમાલ સોહામણું સાહેલડીયાં, રાણી રાજીમતીનું શરીર, જિનગુણ વેલડીયાં. ॥ ૩ ॥ રહનેમી તપસ્યા કરે સાહેલડીયાં. દેખી રાજેમતી નીચોવે ચીર, જિનગુણ વેલડીયાં, પ્રગટ થઈ તે બોલીયો સાહેલડીયાં. ભાભી મ કરો મન ઉદાસ, જિનગુણ વેલડીયાં. ॥ ૪ ॥ નેમ ગયો તો ભલું થયું સાહેલડીયાં, આપણે કરશું ભોગવીલાસ, જિનગુણ વેલડીયાં; ઉત્તમ કુળમાં ઉપનો સાહેલડીયાં, તું બોલ વીચારી બોલ, જિનગુણ વેલડીયાં ॥ ૫ ॥ સંયમ રત્નને હારીયા સાહેલડીયાં, વળી કીધી વ્રતની ઘાત, જિનગુણ વેલડીયાં; રહનેમી તવ બોલીયા સાહેલડીયાં, માતા રાજીમતી ઉગાર જિનગુણ વેલડીયાં. ॥ ૬ ॥ નેમીશ્વર કને મોકલ્યા સાહેલડીયાં, ફેરી લીધો સંયમ ભાર, જિનગુણ વેલડીયાં; નેમ રાજુલ કેવળ લઇ, સાહેલડીયાં, પહોતા મુક્તિ મોઝાર જિનગુણ વેલડીયાં. ॥ ૭ ॥ પીયુ પહેલાં મુગતે ગયાં સાહેલડીયાં, રાજીમતી તેણી વાર, જિનગુણ વેલડીયાં; રૂપચંદ રંગે મળ્યા સાહેલડીયાં, પ્રભુ ઉતારો ભવપાર જિનગુણ વેલડીયાં ॥ ૮ ॥

## ભરતચક્રીનો વિલાપ
## સજ્ઝાય

( પંથીડા સંદેશો કહેજો શ્યામને )–એ રાગ

ભરત કહે કરજોડી બાહુબળી આગળે,
તું છે મોટો સાગર સરખો અગાધ[1] જો.

---

૧ ગંભીર.

અજ્ઞાન વશ થઈ યુદ્ધમાં તુજને બોલાવીયો,
ક્ષમા કરો તે સર્વે મુજ અપરાધજો. ભરત કહે. ૧
આયુધશાળે ચક્ર ન પેઠું તે કારણે.
અઠાણુ ભ્રાતને બોલાવ્યા ધરી . પ્રેમજો.
મુજ આણામાં રહીને રાજ્યને ભોગવો.
દુત મુખે મેં કેવરાવ્યું હતું એમ જો. ભરત કહે. ૨
તેઓ સઘળા [1]વિરૂપ કરી ચાલ્યા ગયા.
તાત્ત પાસે જઇ લીધો સંજમ ભારજો.
તે તો [2]ત્યાગી થયાને તું પણ થાય છે.
તો પછી મારે લેવો કોનો આધાર જો, ભરત કહે. ૩
વેષ ત્યજીને પાછો વળી જા રાજ્યમાં.
રાજ્ય બીજા પણ, હર્ષથી દઉં છું આજ જો.
નિર્ભય થઇને, રાજ્ય તમારૂં ભોગવો.
નહિંતર જગમાં કેમ રહેશે મુજ લાજ જો. ભરત કહે ૪
નામને ગુણથી બાહુબળી તુજ નામ છે.
સત્ય કરી દેખાડયું તેં નિરધારજો.
ગુણ તમારા એક મુખે ન કહી શકું
આપ છો મોટા ગુણ મણીના ભંડારજો. ભરત કહે ૫
મારી [3]ભૂજાતો ખરી ' હતી બંધુ તમે.
મુજને છોડી ચાલ્યા જશો [4]નિર્ધારજો.
તો મુજ શીરપર, ચડશે, અપજસ ટોપલો.
મુખ બતાવીશ કેવી રીતે હું બ્હારજો. ભરત કહે. ૬
બાંધવ! બાંધવ! કહીને એકવાર બોલ તું.
નહિ બોલોતો તાતજી રૂષભની આણજો,
સ્નેહભરી દ્દષ્ટીથી મુજને ભેટશો,
જેથી મારો જસનો ઉગે [5]ભાણજો. ભરત કહે. ૭

---

૧ વિરૂદ્ધ. ૨ સાધુ. ૩ ભુજાબળ. ૪ નક્કી. ૫ સુર્ય.

શું મોઢું લઇ જાવું વિનિતાપુરીમાં.
ભાઇ વિના મને, લાગે સુન્યં સંસાર જો,
ધ્રુસકે રડતાં, કંઠથી અક્ષર તુટતાં.
ચક્રીની આંખે અશ્રુની પડતી ધારજો. ભરત કહે. ૮
લઘુભ્રાતાના રાજ્ય કરાવ્યા ખાલસા.
લુજ સાથે લડી રૂધીરની કરી [1]નીકજો.
રાજ્ય મદે ભાઈ, ભાઇનો સ્નેહ તજાવીયો.
લોભના વશથી [2]ભવની, ન રાખી બીકજો. ભરત કહે ૯
રાંડયા પછી તો ડહાપણ આવે લોકમાં.
એ કહેવત મને લાગુ પડતી થાય જો.
પશ્ચાતાપનો પાર નથી હવે ઉરમાં.
મુજ અંતરમાં સળગી ઉઠી લાયજો. ભરત કહે. ૧૦
મોહને ખેદના વાક્ય ભરતના સાંભળી.
બોલે બાહુબળી સાંભળ ચક્રી નરેશજો,
[3]રાજ્ય [4]રમાને રમણી રાગ ક્ષણીકતા.
જાણી લીધો મેં, સાચો સાધુ વેષજો,
બાહુબલી બોલે છે ભરતની આગળે. ૧૧
ખેદ તજીને રાજ્ય ભરતનું ભોગવો.
મારૂં વ્રત છે હસ્તની રેખા સમાનજો.
લખ્યું હતું તે આવ્યું અમારા ભાગ્યમાં
સત્ય વસ્તુનું આજે થયું મુજ ભાનજો. બાહુબલી. ૧૨
[5]ભગિનિ ભ્રાતા-પિતાના માર્ગે સહુ ગયા.
ત્યાગ વિરાગને-ધર્મના થઇને જાણજો.
તત્ત્વ રમણતા. અનુભવજ્ઞાનની ભૂમીકા.
મુનિ મારગ છે અમૂલ્ય ગુણની ખાણજો. બાહુબલી ૧૩
મુનિ મક્કમતા જોઇ, ભરતજી વાંદતાં.
સ્તુતિ કરતાં વિનિતાપુરમાં જાયજો,
નિર્લેપ રહીને નીતિથી, રાજ્યને પાલતાં.
ઉદય કરવા ગુણોના, નિત્ય ગુણ ગાય જો. બાહુબલી ૧૪

---

૧ નદી. ૨ સંસાર. ૩ લક્ષ્મી ૪ સ્ત્રી. ૫ બ્હેન.

## તદ્દન નવાં બહાર

| | |
|---|---|
| તીર્થંકર ચરિત્ર | |
| કથારત્નકોષ ભાગ ૧ ગુજ. ભાષા | ૧૦-૦-૦ |
| બૃહત્કલ્પસૂત્ર ભા. ૬ ઠ્ઠો | ૧૬-૦-૦ |
| સમ્રાટ્ વિક્રમાદિત્ય | ૭-૮-૦ |
| વિક્રમચરિત્ર ( સચિત્ર ) હિન્દી | ૫- |
| મૌન એકાદશી કથા | ૦-૬ |
| જ્ઞાન પંચમી કથા | ૦-૮-૦ |
| પોષદશમી ,, | ૦-૮-૦ |
| ભગવાન આદિનાથ | ૨-૮-૦ |
| ભગવાન નેમનાથ | ૨-૦ |
| ભગવતીના વ્યાખ્યાનો ભા. ૧ લો | ૩-૦-૦ |
| જૈન ચિત્રાવલી | ૫-૦-૦ |
| જૈન યન્ત્રાવલી | ૫-૦-૦ |
| ઘંટાકર્ણ માણિભદ્ર કલ્પ | ૭-૦-૦ |
| યુગસંદેશ ભાગ ૨ જો | ૧-૦-૦ |
| યતિહેમચંદ્રજી આફ્રિકામાં | ૧-૧૨-૦ |
| જયવિજય કથા | ૦-૮-૦ |
| હરિબલ કથા | ૦-૮-૦ |
| જયંતીચરિત્ર ( પ્રાકૃત ) પ્રત. | ૬-૦-૦ |
| શ્રીધરચરિત્ર મહાકાવ્ય | ૪-૮-૦ |

લખો—
...ભાઈ
લખો— ...મદાવાદ.
...ભાઈ
લખો—